# દીક્ષા એટલે...

વિજયશીલચંદ્રસૂરિ



શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળા-૧૬

# દીક્ષા એટલે...

વિજયશીલચંદ્રસૂરિ

પ્રકાશક

**ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ-ગોધરા**

સં. ૨૦૭૪ ઈ. ૨૦૧૮

દીક્ષા એટલે...
લે. વિજયશીલચંદ્રસૂરિ

પ્રકાશક: **ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ-ગોધરા**

પ્રથમ આવૃત્તિ: સં. ૨૦૭૪, ઈ.સ. ૨૦૧૮

પ્રત: ૫૦૦

મૂલ્ય: રૂ. ૧૩૫.૦૦

પ્રાપ્તિસ્થાન
**શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા**
શાસનસમ્રાટ ભવન, શેઠ હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૪. મો. ૯૭૨૬૫ ૯૦૯૪૯
email: nemisuri.gyanshala@gmail.com

**આવરણચિત્ર:** અંકુર સૂચક, અમદાવાદ

**આવરણ/લેઆઉટ/ટાઇપસેટિંગ**

www.e-shabda.com

# દીક્ષા એટલે...


| | |
|---|---|
| ...ઇચ્છાઓનું વિસર્જન | ૯ |
| ...આજ્ઞાપાલન | ૧૦ |
| ...જયણાપાલન | ૧૧ |
| ...સ્વ-દોષ-દર્શનની પ્રક્રિયા | ૧૨ |
| ...જાત પર જાતે લાદેલું નિયંત્રણ | ૧૩ |
| ...ઓઘાની પ્રાપ્તિ, ઓઘો એટલે જયણાનું સાધન | ૧૪ |
| ...ત્યાગનો ધર્મ | ૧૫ |
| ...ત્યાગમય જીવનસાધના | ૧૬ |
| ...ચારિત્ર અને ત્યાગનો સમન્વય | ૧૭ |
| ...'ગુરુ'પદની આરાધના | ૧૮ |
| ...અભયદાન | ૧૯ |
| ...સ્વભાવનું પરિવર્તન | ૨૦ |
| ...ગુણવિકાસની યાત્રા | ૨૧ |
| ...આત્મનિયંત્રણ | ૨૨ |
| ...ગુરુ-પારતંત્ર્ય | ૨૩ |
| ...આપણા ભાવપ્રાણની રક્ષા | ૨૪ |
| ...રત્નત્રયીની આરાધના | ૨૫ |
| ...સમ્યગ્ જ્ઞાનની આરાધના | ૨૬ |
| ...સમ્યગ્ દર્શનની આરાધના | ૨૭ |
| ...'ચારિત્ર'ની આરાધના | ૨૮ |
| ...ચિત્તને ચોખ્ખું કરવાની મથામણ | ૨૯ |
| ...અદૈન્યની આરાધના | ૩૦ |
| ...પોતાનાંને પારકાં બનાવવાની પ્રક્રિયા | ૩૧ |

...મોહનાં બંધનોને તોડવાની પ્રક્રિયા ૩૨
...પારકાને પોતાના બનાવવાનો ઉદ્યમ ૩૩
...અણગમતાને પણ ગમાડવાની કળા ૩૪
...શિષ્ય બનવાની તાલીમ ૩૫
...જાતને ઓગાળી દેવાની પ્રક્રિયા ૩૬
...'ગુરુ'પદ પામવાની પ્રક્રિયા ૩૭
...માયા-પ્રપંચથી મુક્તિ ૩૮
...ઇચ્છાઓના સંઘર્ષ પર પૂર્ણવિરામ ૩૯
...સાવદ્ય વ્યાપારોથી છુટકારો ૪૦
...મોક્ષના માર્ગની આરાધના ૪૧
...જાતજાતની એષણાઓથી છૂટવાની નિશાળ ૪૨
...સંયમની સુવાસ પ્રસરાવતો બગીચો ૪૩
...બાળસહજ મુગ્ધતાનો આનંદ અનુભવવાની વેળા ૪૪
...જાતની જવાબદારીમાંથી મુક્તિ ૪૫
...હૃદયને હળવું બનાવવાની કળા ૪૬
...પાપ-ક્રિયાથી વિરામ અને ધર્મ-ક્રિયાનાં મંડાણ ૪૭
...જીવનનું લક્ષ્ય આંકવાની મથામણ ૪૮
...જીવનનો લક્ષ્યાંક આંબવાની ચેષ્ટા ૪૯
...અસ્તિત્વ-પ્રાપ્તિનો અવસર ૫૦
...સ્વભાવ-પરિવર્તનની પ્રક્રિયા ૫૧
...લોહી બદલવાની પ્રક્રિયા ૫૨
...ત્યાગનો અભ્યાસ ૫૩
...સામાન્યતઃ માન-સન્માનની એષણાઓનો ત્યાગ ૫૪

...મૈત્રીભાવનો પારાવાર ૫૫
...દોષોનું નિવારણ અને ગુણોનું અનાવરણ ૫૬
...લાયક શિષ્ય બનવાની પ્રયોગશાળ ૫૭
...કડવાને મીઠામાં રૂપાંતરિત કરવાનું શીખવતી નિશાળ ૫૮
...સતત નિખાલસ બનાવનારી ક્રિયા ૫૯
...દંભરહિત જીવન ૬૦
...બીજાની ચિંતા સેવવાની તાલીમ ૬૧
...પ્રભુના ચરણે આત્મ-સમર્પણ ૬૨
...પંચ પરમેષ્ઠી પદમાં પ્રાપ્ત થતું અવિચળ સ્થાન ૬૩
...પ્રભુની ભાવપૂજા. તાત્ત્વિક જિનપૂજા ૬૪
...નવકારમંત્રમાં શાશ્વત સ્થાન પામવાની ભૂમિકા ૬૫
...તમામ સંયમી વર્ગને પોતાના અનુભવવા તે ૬૬
...વિકટ માર્ગે આત્માનું નવપ્રસ્થાન ૬૭
...વક્રતા અને જડતાને ભૂંસવાની મથામણ ૬૮
...આત્માનો ઉત્કર્ષ સાધવાની સાધના ૬૯
...મંગલમય જીવ ૭૦
...સ્વાધ્યાયનો ઉત્સવ ૭૧
...સ્વાધ્યાય-મગ્નતા ૭૨
...જ્ઞાન અને ક્રિયા—
બેઉનાં સાધન દ્વારા મોક્ષના માર્ગે પ્રગતિ ૭૩
...ચાર કષાયોને નાથવાનો શ્રેષ્ઠ ઇલાજ ૭૪
...સંયમની ક્રિયાનો પુરુષાર્થમઢ્યો આનંદ ૭૫
...આરાધના દ્વારા અધ્યવસાયોને માંજવાની ક્રિયા ૭૬
...જીવન-શોધનની દિશાનું એક વિક્રમી પગલું ૭૮
• ઉપસંહાર ૮૧
• દીક્ષાનું માહાત્મ્ય ૮૬

# દીક્ષાર્થીની બાળપોથી વિશે

સાધુતા એટલે નિખાસલતાની યાત્રા.

સાધુતાનો વિકાસ એટલે નિખાલસતાનો વિકાસ.

જન્મજન્માંતરની સંચિત કુટિલતાનો નિકાલ એક જ જન્મમાં કરવો હોય તો ચિત્તને પળેપળે નિખાલસ-નિર્મળ બનાવનારી આ સાધુતાને વિકસાવવી એ જ માત્ર ઉપાય છે. સાધુ થયા છતાં કુટિલતા ન ઘટે, બલ્કે વધતી જાય, ત્યાં તો સદ્ગુરુ પણ લાચાર!

નિખાલસતાનો ઉત્કર્ષ થતો જાય તેમ ઉત્કૃષ્ટ સાધુતા આપોઆપ સધાતી જાય. પછી તેને કોઈને ઉતારી પાડવાની કે બીજા કરતાં પોતાને વધુ ઉત્કૃષ્ટ કે શ્રેષ્ઠ ગણાવવાની જરૂર ન પડે. ઉત્કૃષ્ટતાનો માપદંડ એક જ: પોતાની નિકૃષ્ટતાનો સતત બોધ રહે, તેનો જાત ને જગત સમક્ષ પ્રામાણિક એકરાર થતો રહે, અને પોતાની થોડીઘણી બાહ્ય બાબતોને આગળ ધરી ધરીને અન્યને ઓછા કે હીણા ગણાવવાની વૃત્તિ નામશેષ બને. કોઈ હળુકર્મી જીવને જ નિખાલસતાનું આવું વરદાન સાંપડે.

ચિત્ત જેમ જેમ નિખાલસતાનો સ્પર્શ પામતું જાય તેમ તેમ આત્માનો સંસાર, આંતરિક-કષાયમય સંસાર ઘટતો જાય અને તેનો મોક્ષ નજીક આવે. મોક્ષનો સીધો સંબંધ સમભાવ સાથે હોય છે, અને સમભાવને અકુટિલ નિખાલસતા સાથે ગાઢ મૈત્રી છે. સમભાવી અને અકુટિલ જીવો સરળ હોય, કૃતજ્ઞ હોય, આત્માર્થી હોય અને ગુણરાગી હોય; બીજાના દોષોને ઉઘાડા પાડનારી નિર્દોષતા અને ઉત્કૃષ્ટતા તો તે જીવોમાં હરગીઝ ન હોય; પોતાની નિર્દોષ આચરણાનો ઉપયોગ અન્યના દોષોદ્ઘાટન માટે કરવો તેમાં આવા જીવો સંસારની વૃદ્ધિ જ અનુભવે.

*

આજકાલ દીક્ષાઓ વિપુલ પ્રમાણમાં થઈ રહી છે. સંઘમાં ત્યાગ-વૈરાગ્યનું જાણે એક આંદોલન પ્રગટ્યું છે! ઘણાંને મતે આ બધું ભસ્મ ગ્રહની અસર દૂર થયાનું પરિણામ છે. કેટલાક આમાં ચોથો આરો પણ અનુભવે છે. અનુમોદનાનો ભાવ તો સર્વવ્યાપી છે જ.

એ અનુમોદનામાં સૂર પૂરાવવો કોઈ પણ આત્માર્થી અને આરાધક વ્યક્તિને બહુ ગમે જ. પરંતુ એની સાથે એક ઊણપ અથવા વિચિત્રતા ક્યારેક બહુ પજવે છે:

દીક્ષાર્થીને આપવાની કેળવણીની ઊણપ.

આપણે ત્યાં દીક્ષાર્થીને તાલીમ અપાય છે, કેળવણી લગભગ

નહિ. તાલીમ એટલે મહદંશે શારીરિક કેળવણી, અને કેળવણી એટલે માનસિક તાલીમ. દીક્ષાર્થીને લોચની, વિહારની, ભણવાની, આંબેલ-ઓળી-ઉપવાસાદિ તપસ્યાની, કાપ કાઢવા-ન કાઢવાની, ક્રિયાકાંડની, વૈયાવચ્ચ અંગેની—આવી બધી શરીરને સ્પર્શતી વાતોની તાલીમ ભરપૂર અપાય છે; પરંતુ ઉદારતાની, સરળતાની, ઈર્ષ્યા-દ્વેષ અને હોંસા-તોંસી અને મારું-તારું નહીં કરવાની કે તે બધાથી બચવાની, સંપની, સૌને માટે વાત્સલ્ય, સહયોગ અને સદ્ભાવની, નિંદા-પંચાત-દોષદર્શનથી અળગા રહેવાની—આ પ્રકારની કેળવણી લગભગ નથી અપાતી. મનને આ રીતે કેળવવામાં જ નથી આવતું. પરિણામે ક્લેશ-કજિયા, વિચ્છેદ, એકલા રહેવું, બે જણે છૂટાં પડી જવું—આવી ઘટનાઓનું પ્રમાણ પણ વધવા માંડ્યું છે અને એસિડિટી સહિત પેટનાં વિવિધ દર્દોનું પ્રમાણ પણ વધી ગયું છે. પરિણામે અસંયમ અને અપભ્રાજના પણ વધે છે.

આ પ્રકારની કેળવણી આપતું સાહિત્ય પણ આપણે ત્યાં લગભગ નથી. દીક્ષા લીધા પછીની કેળવણી આપતું બહુ લખાણ થાય છે, અને તે માટેના ગ્રંથો પણ ઘણા છે. પરંતુ દીક્ષાર્થીને ઉદ્દેશીને લખાયું હોય તેવું કેળવણી આપતું સાહિત્ય નહિવત્ છે.

ઘણાં વર્ષોથી ઉપરોક્ત પરિસ્થિતિનો પ્રત્યક્ષ-પરોક્ષ અનુભવ થયા કરતો હોય છે. એટલે ક્યારેક થતું કે સંયમ અને સાધુતા અંગે કાંઈક એવું નોંધવું કે જે મારા આત્માને સ્પર્શતું હોય અને દીક્ષાર્થીને તથા દીક્ષિતોને ગોળ-ખોળનો વિવેક કરવાની સગવડ પૂરી પાડતું હોય.

એમાં આ વર્ષે બે લાડલી દીકરીઓ સોનિકા-સિમોનીને (સુરત) દીક્ષા આપવાનો યોગ આવ્યો. તે બન્ને બાળકોના મનમાં 'ચારિત્ર'ની સમજણ ને તે માટેનો અહોભાવ ઊગે-વધે તે હેતુથી તેમને રોજનો એક—એ હિસાબે થોડાક પત્રો લખાયા. તે પત્રોની અનુકૂળ અસર તેમના ચિત્ત પર પડતી અનુભવાઈ. એટલે થયું કે આ પત્રો, આ રીતે, કોઈ પણ સંયમરસિક અને આરાધક જીવને ઉપયોગી થઈ જ શકે, તો તેને પુસ્તકરૂપે પ્રકાશિત કરીએ તો કેવું મજાનું?

આ વિકલ્પનું પરિણામ તે આ પુસ્તક.

આના સ્વાધ્યાયથી કોઈક આત્માને પણ થોડોક પણ આત્મ-લાભ થશે, પ્રેરણા મળશે, તે આત્મા સંયમની સાચી સમજ પામીને તેમાં સ્થિર બનશે, તો આ પત્ર-શ્રમ સાર્થક લાગશે.

આ પ્રકાશનમાં સહયોગ આપનાર મારા સાથી મુનિવરો તથા ભાઈ અપૂર્વ આશર, અંકુર સૂચક—સહુનો ઋણસ્વીકાર.

૧૪ માર્ચ, ૨૦૧૮ **શીલચન્દ્રવિજય**



## દીક્ષા ગુણની ખાણ

દીક્ષા ભાગવતી અહો!, આત્માનો આરામ
ભવના ભ્રમણતણું વળી, પાવન પૂર્ણવિરામ ૧

તૃષ્ણા-પરવશ જીવ આ, બન્યો હીન ને દીન
દીનભાવનો ક્ષય કરે, દીક્ષા તે સંગીન ૨

ઈર્ષ્યા, હઠ, આસક્તિ ને, માયા, નફરત, કામ
શાંત ચિત્તના નીરમાં, કંકરનું કરે કામ ૩

એ સહુ દોષોનું શમન, કરવાનો પુરુષાર્થ
છે જૈની દીક્ષા ખરે, સમજો આ પરમાર્થ ૪

આ સમજીને જે ગ્રહે, દીક્ષા ભવ-જલ-નાવ
ને આરાધે, તેહનો જગમાં જય જય થાવ! ૫

દીક્ષા ધન્ય જનો ગ્રહે, પાળે પણ અતિધન્ય
આરાધન કરી એહનું, વરજો સુકૃત અનન્ય ૬



## દીક્ષા એટલે ઇચ્છાઓનું વિસર્જન.

પોતાની ઇચ્છા મુજબ કરવાની આપણને ટેવ છે. અને
પોતાને ન ગમે તે ન કરવાની પણ આપણી ટેવ છે.

"તમે ભલે આમ કરવાનું કહો, પણ મારી ઇચ્છા નથી. હું
નહીં કરું. મારી ઇચ્છા પેલું કરવાની છે, તેની તમે ના પાડો
છો, પણ હું તો એમ જ કરીશ." — આવી ટેવ છોડવાની
તૈયારી હોય તો સંયમ જામે. નહીં તો અસંયમ જ રહેશે.

સંયમનો ખપી આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે નહીં, પણ
ગુરુની ઇચ્છા હોય તે પ્રમાણે જ વર્તે. પોતાને ન ગમતું
હોય છતાં ગુરુને ગમતું હોય તે કામ હોંશે હોંશે ને હસતાં
હસતાં કરી શકે તે સંયમના માર્ગમાં મેદાન મારી જાય.

બાકી તો પોતાની ઇચ્છાના ગુલામ અને જિદ્દી જીવો,

સંયમ લે તો પણ ખાસ લાભ નથી થતો.

આપણી ઇચ્છા એટલે બોજ.

ગુરુની ઇચ્છા એટલે મોજ.



## દીક્ષા એટલે આજ્ઞાપાલન.

આમ જુઓ તો આપણે આખી જિંદગી કોઈકનું કહેલું માનતા હોઈએ છીએ. બાળક માબાપનું માને, વિદ્યાર્થી ટીચર્સ-પ્રોફેસર્સનું માને. પરણે ત્યારે સ્ત્રીનું માને. નોકરી કરે ત્યારે શેઠનું-બૉસનું માને. ધંધો કરે તોપણ નોકરોનું માને—માનવું પડે. મોટી ઉંમરે છોકરાઓનું માને. આમ એક કે બીજાનું કહેલું માનતા હોઈએ છીએ, ને માનવું જ પડે છે.

પણ એ બધાંનું માનવાથી આત્માનું હિત થાય નહીં. સંસાર જ વધે છે. આત્માનું હિત થાય તેવી વાત તો ગુરુ જ કરે. ને ગુરુની વાત હમેશાં કડવી તથા અણગમતી જ લાગે.

જે ગુરુનું કહ્યું માને છે, તેમની આજ્ઞાને માને છે તથા અનુસરે છે, તેવા જીવનું કલ્યાણ અવશ્ય થાય છે, પણ ગુરુની આજ્ઞાને કટકટ સમજે, ત્રાસ લાગે, કંટાળાજનક લાગે, તો તેવા સંજોગોમાં ગુરુની આજ્ઞા મુજબ થતું નથી અને તેમ કરવું ગમતું પણ નથી.

બીજા બધાનું કહેલું માનવાનું ગમે, પણ હિતકારી ગુરુની વાત માનવી ના ગમે, તો સમજવું કે એ જીવ ભારેકર્મી છે, ને તેનું ભલું થવાનું શક્ય નથી.

ગુરુની આજ્ઞા આપણું હિત જ કરે, ભલું જ કરે, કલ્યાણ જ કરે, એવી શ્રદ્ધા કેળવાય તો જ સંયમ સફળ થાય.

આજ્ઞાનું પાલન જ જીવનનો સાર છે.

આજ્ઞા-પાલન વિના આત્માનો ઉદ્ધાર ન થાય.



## દીક્ષા એટલે જયણાપાલન.

જયણા એટલે યતના. જયણા એટલે કોઈપણ જીવની આપણા હાથે વિરાધના ન થાય તેની કાળજી.

વિરાધના અનેક રીતે થાય, કોઈ જીવ મરી જાય તો, કોઈને ઈજા પહોંચે તો, કોઈને આપણાથી ત્રાસ થાય કે ભય લાગે તો વિરાધના થાય. આપણી હરકત એવી ન હોવી જોઈએ કે જેથી કોઈ જીવને કિલામણા પહોંચે.

આપણે ડગલે પગલે અને વાતે વાતે વિરાધનાથી બચવાનું છે. જયણા પાળવાની છે.

આપણે ફૂંક મારીએ તો વાયુની વિરાધના. ફુગ્ગા ફુલાવીએ – હવા ભરીએ અને ભરાવીએ ત્યાં વાયુની હિંસા. હાથ-પગ-મોં ધો-ધો કરીએ તો અપકાયની વિરાધના. પંખા વાપરીએ તો વાયુની વિરાધના. લાઇટો ને પંખા – એસી ને એવાં સાધનોમાં અગ્નિની વિરાધના. આપણા નિમિત્તે ફૂલ-ફ્લાવર, બુકે વગેરે તોડે-જોડે-લાવે ત્યાં વનસ્પતિ-વિરાધના. આમ એક એક ક્રિયામાં જીવની વિરાધના છે.

વાણીથી ગમે તેવી ભાષા બોલાય, તોછડા શબ્દો બોલાય, કોઈને વાગી જાય તેવા હલકા, ગુસ્સાના, રીસના, ઈર્ષ્યાના ખરાબ વિચારો થાય ત્યાં મનની અજયણા.

આ બધી અજયણા સમજપૂર્વક ને અત્યારથી ટાળવી જોઈએ ને વધુ ને વધુ જયણા પાળવી જોઈએ.

જયણા ન પાળો તેમાં જ સંસારી જીવો રાજી થાય છે. તેમાં જ તેમનો મોહ સંતોષાય છે. પણ સંયમ લેવા માટે તે લીધા પહેલાં જ ઉચિત જયણા પાળીએ તો સંયમની ભૂમિકા રચાય.



## દીક્ષા એટલે સ્વ-દોષ-દર્શનની પ્રક્રિયા.

આપણી એક પાક્કી માન્યતા હોય છે કે આપણે તો ભૂલ કરીએ જ નહીં. આપણામાં દોષ હોય જ નહીં. આપણે તો સાચા ને સારા જ. જે પણ ભૂલ કે વાંક હોય તે બીજાનો જ હોય. દોષ પણ બીજા કોઈનો જ હોય.

એટલે આપણા હાથે કાંઈ પણ ખોટું થઈ જાય કે કોઈ ભૂલ થાય તો તરત જ આપણે આપણો બચાવ શોધીએ અને બીજા કોઈકનો વાંક કાઢીએ છીએ. દા. ત., આમણે આમ કર્યું એટલે મારે આમ કરવું પડ્યું; એમને લીધે જ આમ બન્યું; મેં તો આમ કીધેલું, પણ કોઈએ સાંભળ્યું નહીં, ને પછી મારો વાંક કાઢે છે; હું તો આમ નહીં કરત, પણ આ કહે કે આમ કર તો સારું થશે, તો મેં કરી દીધું! મને શું ખબર કે એનું પરિણામ આવું આવશે? મારો કોઈ વાંક નથી. તમે લોકો દર વખતે મને જ ટોકો છો, પણ એ કેવું બોલે છે? કેવું કરે છે? એમનો કોઈ વાંક નહીં, બધો વાંક મારો જ? એ જો આમ કરશે તો હું પણ એમ જ કરીશ. એ બોલશે તો હું ચૂપ નહીં રહું, હું પણ બોલીશ. ...

આ અને આવી જાતજાતની વાતો આપણે કરતાં જ રહીએ છીએ ને આમ કરીને આપણે દોષ વધારતાં રહીએ, ભૂલો કરતાં રહીએ, અને આપણા ચિત્તને કલુષિત ને મલિન બનાવતાં જ રહીએ છીએ.

સંયમ આ મલિનતાથી આપણને મુક્ત કરનારી પ્રક્રિયા છે. જો આપણું ચિત્ત સાચેસાચ દીક્ષાને માટે તલસતું હોય તો પહેલું કામ આપણે આપણી આ મલિનતાને પિછાણવાનું કરવાનું છે. આપણી ભૂલો જ શોધવી જોઈએ, આપણા દોષો જ જોવા તથા સ્વીકારવા જોઈએ.

બીજાના દોષ કાઢવા કે કોઈનો વાંક જોવો સાવ સહેલું કામ છે. પોતાની ભૂલો જોતાં-શોધતાં-નિકાળતાં આવડે તો જ સંયમની મજા આવે.



## દીક્ષા એટલે જાત પર જાતે લાદેલું નિયંત્રણ.

જીવને હમેશાં પોતાની ઇચ્છા પ્રમાણે જ વર્તવાનું મન હોય છે. પોતાને ગમે તે કરવું, અને તેમ કરતાં કોઈ રોકે કે ના પાડે તો તરત જ લાગી આવે. ઓછું આવી જાય. રીસ ચડી જાય. રોકનારા પર ક્રોધ, અણગમો થઈ જાય.

નિયંત્રણ કોઈને નથી ગમતું. નિયંત્રણ બંધન લાગે છે. અમે કોઈના બંધનમાં શેના રહીએ? આવો વિચાર આપણા પર ચડી બેસતો હોય છે.

નિયંત્રણ ન હોય તો મર્યાદા પણ ન જળવાય, તો આજ્ઞાનું પાલન પણ ન થાય, અને આજ્ઞા તથા મર્યાદા ન જળવાય તો ગુરુનું કશું મૂલ્ય ન રહે, અને દીક્ષા પણ નકામી ઠરે.

વ્યક્તિએ કોઈના નિયંત્રણમાં તો રહેવું જ પડે છે. તે ભલે પોતાને સ્વતંત્ર કે આઝાદ કે પોતાના મનનો માલિક સમજે, પણ ખરેખર તો તે કોઈકના નિયંત્રણમાં જ જીવે છે. મન ન હોય છતાં તે કરવું પડે તેનું નામ બંધન.

દીક્ષામાં આવું બંધન તે બંધન નથી લાગતું. કેમ કે દીક્ષાનો ઉત્સુક આત્મા સમજે છે કે મને ગમતું કરવામાં તથા ન ગમતું નહીં કરવામાં સંસાર છે, ક્લેશ છે, કર્મબંધ છે. તેથી ગુરુનું ગમતું કરીશ, ને તેમને ન ગમતું નહીં કરું, તો મનને ભલે થોડુંક ખરાબ લાગશે, પણ સરવાળે તો તે મારા આત્માને ઇચ્છાઓના બંધનથી, ગમા-અણગમાના બંધનથી, સ્વચ્છંદતાના બંધનથી અને ક્લેશ તથા કર્મોના બંધનથી બચાવશે જ બચાવશે. એટલે મને જે બંધન લાગે છે તે પણ મારી જાત પરનું યોગ્ય નિયંત્રણ બનીને મારી મુક્તિનું કારણ બની જશે. મારા દોષોથી આ રીતે જ મારો છુટકારો થશે.

આવી સમજણ કેળવનારને દીક્ષા બંધન જેવી નહીં લાગે.



## દીક્ષા એટલે ઓઘાની પ્રાપ્તિ, ઓઘો એટલે જયણાનું સાધન.

એ ઓઘો ત્રણ રીતે મળે છે : (૧) પુરુષાર્થથી, (૨) ગુરુકૃપાથી, (૩) પુણ્યથી.

પુરુષાર્થથી ઓઘો પ્રાપ્ત થાય ત્યારે તેનાથી આત્માની ઉન્નતિ ચોક્કસપણે થાય છે. કેમ કે તે મેળવવા માટે તે આત્માએ ખૂબ મહેનત કરી હોય છે અને મહેનત કરીને મેળવેલી વસ્તુને કોઈ માણસ વેડફી ન નાખે, પણ તેનાથી કેમ વધુ લાભ મળે તેવી જ કાળજી રાખે, એટલે એવો આત્મા ગુણોમાં અવશ્ય આગળ વધશે.

ગુરુની કૃપાથી ઓઘો મળે તો તે ફળ્યા વિના રહે નહીં. કેમ કે, ગુરુની કૃપા આપણી અમુક જાતની લાયકાત હોય તો જ ઊતરે છે. એ લાયકાત અને કૃપા બેય ભેગાં થાય ત્યારે આપોઆપ ઓઘાનાં મીઠાં ફળ મળી રહે છે.

પુણ્યથી પણ ઘણાને ઓઘો મળે. તેનાં ફળ કોઈને મળે છે, કોઈને નથી મળતાં. ક્યારેક મળે છે, ક્યારેક નથી મળતાં. પુણ્યથી મળેલી ચીજ માટે આપણને જોઈએ તેવી ને તેટલી કાળજી ઘણી વાર નથી હોતી. ઘણા એમ માની લે કે ઓઘો લીધો એટલે અમારું કામ થઈ ગયું. હવે અમારે આગળ કાંઈ કરવાનું નથી. અમે ભગવાનના ખોળે બેઠા. હવે અમને કોઈ કાંઈ કહે, ટોકે, રોકે, એ બધાંની જરૂર નહીં. અમારું કલ્યાણ થઈ જ જવાનું. આવા લોકો ઓઘાની મદદથી જ ડૂબી જાય – સંસારમાં. આવા લોકોનો ઓઘો, મેરુપર્વત જેટલા ઓઘામાં એકના ઉમેરા જેવો ગણાય. અને આ રીતે મળેલા ઓઘામાં પણ જેને ગુરુકૃપા દેખાય અને પોતાની ઉન્નતિની ઝાંખી થાય તેવા જીવો તો એના બળથી ખરેખર તરી પણ શકે છે.

ઓઘો તરવા માટે છે. ડૂબવા માટે નહીં.

ઓઘો પુરુષાર્થનું પ્રતીક છે, પુણ્યનું નહીં.



## દીક્ષા એટલે ત્યાગનો ધર્મ.

ત્યાગ-ધર્મની આરાધના કરીએ તો જ ચારિત્રની મજા આવે. અહીં છોડવાનું છે. વળગવું એટલે સંસાર, છોડવું એટલે દીક્ષા.

અહીં ઘરબાર, ધંધા-નોકરી, શાળા, કૉલેજ, પરિવાર, પૈસો, ઘરેણાં, મોજશોખ, ખાણીપીણી – આ બધું તો છોડવાનું છે જ. પરંતુ તેની સાથે, તે બધાં કરતાંય વધુ મોટી અમુક બાબતો છોડવાની છે. દા.ત., ઇચ્છાઓને છોડવાની છે. મારી આમ ઇચ્છા હતી, તમે કરવા નથી દેતાં. મારે તો આમ નહોતું કરવું, પણ તમે કીધું એટલે કરવું પડે છે : આ પોતાની ઇચ્છા-અનિચ્છાઓને પડતી મૂકવાની છે. 'તમે કહો તેમ' – એવો ભાવ ને એવા શબ્દો જ આપણા જીવનનો ઘાટ ઘડી આપશે.

મોહ છોડવાનો છે. વસ્તુનો મોહ તો છૂટશે, પણ મારા પપ્પા, મમ્મી, મારાં ફલાણાં – આ બધાં માટેની લાગણી, મમત્વ, આસક્તિ કે વળગણ છોડવાનાં છે. એ આવે ત્યારે ક્રિયા, પાઠ, વૈયાવચ્ચ, અભ્યાસ બધું ગૌણ બનાવી દઈએ, રાત કે દહાડો ન જોવાય, ને લળી લળીને વળગીને વાતો થાય. આ મોહ ચારિત્રને ડાઘ લગાડે. આપણે આનાથી બચવું જ પડે. અને કોઈક નાના-મોટાં આવું કરતાં પણ હોય, તો તેવાનો દાખલો લઈને આપણે પણ તેવું ન કરાય. આપણે તો આપણા માટે દીક્ષા લીધી છે, કોઈને માટે નહીં. આપણું આપણે પાળવાનું છે. આટલું સતત યાદ રહેવું જોઈએ.

ચારિત્રને દીપાવવા માટે આવા ઘણા ઘણા ત્યાગ કરવાના છે.



## દીક્ષા એટલે ત્યાગમય જીવનસાધના.

આપણું જીવન જ સાધના બની શકે, જો જીવનની એકેએક પળને આપણે ત્યાગધર્મથી છલકાવી દઈએ તો.

અહીં અપેક્ષાઓનો ત્યાગ કરવાનો છે. 'મને આ જોઈએ ને મને તે જોઈએ. હું તો ઘરમાં પણ કાયમ આમ જ રહું, એટલે અહીં મને એવું જ જોઈએ. ન મળે તો કેમ ફાવે? મારા માટે તમારે આમ જ કરવાનું, આમ જ રહેવાનું, આમ જ રાખવાનું. નહીં તો મને મજા ન આવે. મૂડ ખરાબ થઈ જાય.' આ જાતની અપેક્ષાઓ સંયમજીવનમાં ન હોવી જોઈએ. આવી અપેક્ષાઓ જેટલી ઝાઝી, એટલાં કષ્ટ અને ચિંતા વધુ.

'તમે પહેલાં તો આમ રાખતા'તા, ને તેમ કરતા'તા, હવે એ બધું નથી રાખતા, નથી કરતા, આવું ના ચાલે.' આવી અપેક્ષા પણ બહુ બૂરી બાબત છે.

આપણી તૈયારી એવી હોય કે 'અમે તો છીએ જ, હું તો છું જ, પણ અત્યારે મારા કરતાં તમારી જરૂર પેલી વ્યક્તિને વધારે છે, માટે તમે તેને જુઓ, તેને સંભાળો. પછી મારા તરફ ધ્યાન આપજો.' – આવું જો ગુરુને બિનધાસ્ત કહી દઈએ, તો અપેક્ષાઓના જટિલ ગૂંચળાને આપણે સુલઝાવી શકીએ.

અપેક્ષા છે ત્યાં ફરિયાદો છે, અપેક્ષા છે ત્યાં આનંદ હવાઈ જાય છે. અપેક્ષા છે ત્યાં સુધી ચિત્તને ચેન નથી પડતું. નિરપેક્ષ બનીએ તો શાંતિ છે, આનંદ છે, સમાધાન છે, સમાધિ છે, અને ફરિયાદો તો નથી જ હોતી.

ચારિત્રની ખરી મોજ લૂંટવી હોય તો અપેક્ષા અને ફરિયાદ આ બે વાનાંને કાયમી ધોરણે તિલાંજલિ આપવી પડે.



## દીક્ષા એટલે ચારિત્ર અને ત્યાગનો સમન્વય.

ચારિત્ર અને ત્યાગ – બંને એકબીજાના પૂરક છે.

ચારિત્ર ત્યાગ વડે જ શોભે. ત્યાગ વિના વૈરાગ્યની મોજ ના મળે, ને વૈરાગ્ય કેળવ્યા વગરનો ત્યાગ પણ ન જામે. વૈરાગ્ય ન હોય દિલમાં, તો બહારથી ગમે તેટલો ત્યાગ કરો પણ તે નકામો જ પડે. કેમ કે એ ત્યાગમાં દેખાડો હોય, ભાવ નહીં હોય.

વૈરાગ્ય એટલે ઇચ્છાઓનો ત્યાગ: અપેક્ષાનો ત્યાગ: મારા-તારાનો ત્યાગ: રાગ-દ્વેષનો ત્યાગ. આવો ત્યાગ મનમાં વસી જાય પછી, 'આ જ જોઈએ, આમ જ જોઈએ, આના વિના નહીં ચાલે, મને આ નહીં ફાવે, નહીં ભાવે', આવા બધા જ આગ્રહો આપોઆપ ઓછા થવા માંડે છે. આપણા આગ્રહો ઢીલા થવા માંડે ત્યારે સમજવું કે વૈરાગ્ય જામતો જાય છે, ને ઇચ્છાઓનું જોર ઘટતું જાય છે.

ઇચ્છા એ ક્લેશનું કારણ છે, ઇચ્છા થઈ એટલે તે પૂરી કરવાની મથામણ ચાલુ, ને પૂરી ન થાય ત્યાં સુધી સતત ક્લેશ. કોઈ વાર તે પૂરી ન થઈ શકે તો કેટલો કકળાટ થાય! આનો ઇલાજ એક જ: ઇચ્છા થાય જ નહીં, અને ઇચ્છા થઈ પણ જાય તોપણ તે પૂરી કરવી જ – એવી જીદ ન રાખવી. થાય તો ઠીક છે. ન થાય તો જરાય વાંધો નહીં. ઇચ્છાને ઢીલી કરી નાખવાથી ઘણા ક્લેશોથી, આર્તધ્યાનથી, ક્રોધ ને રીસથી બચી શકાય.

તો, સંયમ એટલે ઇચ્છાઓ ઉપર જાતે લાદેલો અંકુશ. સ્વેચ્છાએ-સમજપૂર્વક આ અંકુશ લાદે તેનું ચારિત્ર સોળે કળાએ દીપી ઊઠે.



## દીક્ષા એટલે 'ગુરુ'પદની આરાધના.

ગુરુ જેના મનમાં સર્વસ્વ હોય તેને જ દીક્ષા ફળે.

ગુરુ કહે તે જ હોય. ગુરુ ઇચ્છે તેમ જ થાય. ગુરુને ગમે તે જ કરે. પોતાને નથી ગમતું માટે ન કરવું, એમાં ગુરુનો અનાદર થાય છે. પોતાને ઓગાળી શકે ગુરુમાં, તે જ ખરો શિષ્ય નીવડી શકે. બાકી તમે મારા ગુરુ ખરા, પણ હું મારું ધાર્યું જ કરું ને તમારે પણ તેમ કરવા જ દેવાનું – આવી દાનત કે વર્તણૂક હોય તે ગુરુનો લેણદાર હોય, શિષ્ય નહીં.

શિષ્ય તો ગુરુનો પડછાયો બની રહે. પડછાયાને જેમ પોતાનું અલગ અસ્તિત્વ ન હોય તેમ સાચા શિષ્યને પણ અલગ ઇચ્છા ન હોય, અલગ વ્યક્તિત્વ ન હોય. એ તો ગુરુમય જીવતો હોય, ને ગુરુને તન-મન-વચન સમર્પી દેનાર હોય.

કારણ વગર પણ ગુરુ લડે, ઠપકારે, સંભળાવે, વાંક કાઢે, તોપણ તેને આશીર્વાદ અને કૃપા સમજીને ચાલે તે શિષ્ય બહુ ભાગ્યશાળી ગણાય. તેનું ઝટ કલ્યાણ થાય.

આપણી જીદ, રીસ, મમત અને માન્યતાનો ભોગ ગુરુ બનતાં હોય તો આપણે શિષ્ય થવા માટે લાયક નથી. પછી તો આપણું નામ ભલે શિષ્ય હોય, પણ કામ તો ગુરુનું જ સંભાળ્યું ગણાય. શિષ્ય જ્યારે ગુરુના રોલમાં આવી જાય ત્યારે તેનું અહિત જ થશે.

આપણે ગુરુને ભગવાન ગણીને આરાધવાના છે.



## દીક્ષા એટલે અભયદાન.

જે વ્યક્તિ દીક્ષા લે તેણે છ જીવનિકાયને અભય આપવાનું છે. એક પણ જીવને હવે તે વ્યક્તિથી ભય ન હોય. બધા તેનાથી નિર્ભય હોય.

પછી તે સચિત્ત પાણીનો સંઘટ્ટો પણ ન થવા દે. પાણીના જીવોને સ્પર્શ કરે તેમાં પણ તેને વિરાધના દેખાય. કોઈ વાર પાણીમાં ચાલવું પડે ત્યારે તે એ રીતે પગ માંડે કે પાણીના જીવને અશાતા કે કિલામણા ન પહોંચે, ને છતાં તેનો જીવ ત્યાં પગ માંડતાં કળીએ કળીએ કપાતો જાય. હું કેવો હીન કે મારા હાથે આવી વિરાધના થાય!

વનસ્પતિને તે અડે નહીં, ચૂંટે નહીં, તોડે નહીં. ઉપયોગમાં ન લે. સંસારમાં આપણા પર કોઈ પુષ્પોની કે પાંખડીની વર્ષા કરે, વધાવે, ત્યારે પણ જીવ દુભાય કે મારા ખાતર આમ કેટલા બધા જીવોની હિંસા થાય છે! મારા આનંદ ખાતર કોઈ જીવો મરણ પામે! આ પાપો મને ક્યાં ધકેલશે? તો સાધુપણામાં તો આવું કાંઈ કરાય જ કેમ?

સાધુપણાની આ જ મોજ છે કે અહીં આપણા નિમિત્તે બીજા કોઈ જીવને ત્રાસ કે ભય કે સંતાપ કે કિલામણા નહીં હોય. બધાય ભયરહિત હશે. નિર્ભય હોવું ને નિર્ભય બનાવવા એમાં જ સાધુપણાની મોજ છે.

વાણીથી પણ 'આમ કર, લાઇટ કર, બંધ કર, પાણી ઢોળી દે, ફેંકી આવ, આટલું બનાવી નાખજે.' – આવી ભાષા બોલીને જીવહિંસા નથી કરવાની. આવાં વચન પણ હિંસા છે. ટૂંકમાં, કોઈ પણ રીતે કઠોર નહીં, કોમળ જ બનવાની સાધના છે ચારિત્ર.



## દીક્ષા એટલે સ્વભાવનું પરિવર્તન.

વેષ બદલવો એટલે દીક્ષા – એવા ખ્યાલમાં જ બધા મસ્ત હોય છે. સાધુનો વેષ પહેર્યો એટલે આપણે સાધુ!

આ બહુ મોટો ભ્રમ છે. કપડાં પહેર્યે જ સાધુ ન બનાય. સાધુ બનવા માટે તો સ્વભાવમાં સમૂળું પરિવર્તન લાવવું પડે.

પહેલાં વિચારવું કે આપણો સ્વભાવ કેવો છે! વાતે વાતે રીસાઈ જઈએ. જરાજરામાં ઓછું આવી જાય. જરાય સહન કરીએ નહીં. ટૉલરન્સનો છાંટો પણ ન મળે. કોઈ જ કારણ વગર ગુરુનો વાંક કાઢીને કકળાટ કરીએ. એમની બાહ્ય તથા ભીતરની વેદના, તકલીફો, પરિસ્થિતિ, વાતાવરણ – કશાયનો વિચાર નહીં કરીએ કે એ વિશે કાંઈ જ ખબર ન હોય, ને આપણે એમના વિશે ગમેતેમ વિચારીને રીસ, રડવું, ભૂખે મરવું વગેરે કરવા લાગીએ. ઘરમાં આવું રોજ બનતું હોય પણ ત્યાં બાપા ને માના વાંક ન લાગે, એ સારાં ને વહાલાં જ લાગે, ને અહીંયાં મા-બાપથીય અધિક એવા ગુરુ કડવા, અઘરા, ખરાબ લાગે, ત્યારે સમજવું જ પડે કે આપણે કપડાં જ બદલ્યાં છે, સ્વભાવ કે મન નહીં. એ ન બદલીએ તો દીક્ષા સફળ ને લાભદાયી શી રીતે થશે?

સ્વભાવ બદલવા માટે સૌ પહેલું તો સમર્પણ જોઈએ. ગુરુ જે કરે, જે કહે તે જ યોગ્ય, તે જ સાચું. મારા વિચારો ને વાતો ગૌણ જ હોય. ગુરુની વાત પર દલીલ નહીં, વિકલ્પ નહીં, ફરિયાદ નહીં. માત્ર સ્વીકાર, માત્ર અમલ. આવો ભાવ આવે ત્યારે સમર્પણ આવે ને સમર્પણ કરો કે સ્વભાવ બદલાવા માંડે – આપોઆપ. પછી દિલ હળવું થાય, શાંત પડે, શાતા અનુભવાય, ને આનંદમાં રહેવાય.

દીક્ષા લીધા પછીયે આનંદ ન આવે, ઉદ્વેગ જ ચાલે, તો દીક્ષાની મજા શી?

સ્વભાવ સુધારવાની પ્રક્રિયા જ દીક્ષા છે.



## દીક્ષા એટલે ગુણવિકાસની યાત્રા.

યાત્રા કરવા જાવ ત્યારે ખરેખર આપણે નીચે તળેટીમાં હોઈએ છીએ ને ત્યાંથી આપણે ઉપર ચડવાનું હોય છે. યાત્રા એટલે ઉપર ચડવું કે આગળ વધવું તે. આપણે જો સંયમની યાત્રાએ નીકળીએ તો તેમાં પણ આપણે આગળ તો વધવું જ પડે. ઉપર તો ચડવું જ જોઈએ.

એટલે શું? એટલે કે આપણામાં જે અવગુણો ભરેલા છે તેને ઓળખવાના, તેને વીણીવીણીને દૂર ફેંકવાના અને જે સદ્‌ગુણ નથી તેને મેળવવાના છે. અવગુણ આપણને બહુ ગમે છે. આપણા અવગુણને કોઈ અવગુણ તરીકે ઓળખાવે કે દેખાડે, તો આપણને નહીં ગમે. તરત મોં ચડી જશે. તરત છણકો થઈ જશે. આ બધું હવે છોડવાનું છે. ભૂલ દેખાડે તેનો ઉપકાર માનવો જોઈએ. એ પછી ભૂલને સુધારવાનો પ્રયાસ થવો જોઈએ. ભૂલ ભૂલ તરીકે સમજાય અને તેને સુધારીએ એટલે ભૂલ મટે ને તે રીતે એક અવગુણ દૂર થાય તો તેની જગ્યા પર સદ્‌ગુણ આવી શકે.

આપણા અવગુણો અપાર છે. ફક્ત 'મારામાં તો નર્યા અવગુણો જ છે, બોલો, શું કરું?' — આવું બોલી દઈને છૂટી જવાનું નથી. આપણા અવગુણોને સતત જોતાં-શોધતાં-તપાસતાં રહેવું પડે, અને કોઈ બતાવે તો તેને માર્ગદર્શક માનીને સુધરવાની કોશિશ કરવી પડે. એમ જ અવગુણ ઓછા થશે.

સંયમયાત્રા એ ગુણોને ખીલવવાની ભવ્ય રથયાત્રા છે. આપણે એ યાત્રાએ નીકળીએ ત્યારે આપણા આંતરિક ગુણો ખૂબ ખીલવા માંડે, અને આપણું હૃદય નિર્મળ ને ઉજ્જ્વલ બની જાય, તો જ સંયમયાત્રા જામે. નહીં તો સંયમ તે નર્યું કષ્ટ જ બની જાય. ઘર બદલવા જેવું જ બની જાય.

આપણે ઘર નહીં, ગુણ બદલવાના છે.



## દીક્ષા એટલે આત્મનિયંત્રણ.

પોતાની જાત ઉપર અને પોતાની લાગણીઓ ઉપર કંટ્રોલ રાખી શકીએ તો જ દીક્ષા શોભે. દીક્ષા લઈએ એટલે ઘેલાં કાઢવાની કે લાગણીવેડા દેખાડ્યા કરવાની છૂટ નથી મળતી. એવું કરવાથી તો અવિવેક જ થતો હોય છે. વિવેક હોય તો જ પોતાની વૃત્તિઓ ઉપર અંકુશ આવે, તો જ પોતાના આવેશ અને આવેગ કાબૂમાં આવે.

માણસ છીએ, એટલે મન છે. મન છે તો લાગણીઓ છે. લાગણી છે તો સારું-ખરાબ લાગશે જ. પણ જો હરેક વાતે કે વાતવાતમાં આવું થાય, અને વારંવાર આપણે 'ટચી' થઈને જીવીએ, તો દીક્ષાની મજા નહીં આવે. પછી તો ઘર-સંસાર જેવું જ વાતાવરણ થઈ જવાનું. તેથી એવું થાય કે 'ઘરના દાઝ્યા વનમાં ગયા, ને વનમાં લાગી લ્હાય...' આપણે સંસારના સંતાપથી છૂટવા સંયમમાં આવ્યા, ને સંયમમાં પાછો સંસાર ઊભો કરી બેઠા! તો દીક્ષા લઈને પણ ફાયદો ન થાય.

લાગણીઓને દબાવવાની નથી, વાળવાની છે, ઠારવાની છે, શાંત પાડવાની છે. એ ઉશ્કેરાયા કરે, એને દબાવી દઈએ, તો મનને બહુ બહુ નુકસાન થાય અને તનની બીમારી પણ થાય: એસિડિટી, પેટદર્દ વગેરે થાય. એટલે લાગણીઓને ઓળખવાની અને એ અયોગ્ય હોય તો તેને શાંત પાડવાની. આ જ આ ચારિત્રની સાધના છે.

ક્રિયા ને તપ કરવા તે આરાધના અને મનને શાંત કરવું તે સાધના. દીક્ષા લેનારે આ બેય કામો ખાસ કરવાનાં છે, આનાથી વિવેક વધે અને તેથી આત્મનિયંત્રણ વધે. અને તેને લીધે દીક્ષા દીપે પણ ખરી, અને પોતાને દીક્ષાની મજા પણ આવે.

દીક્ષા લીધા પછી તેની મોજ તો માણવી જ જોઈએ.



## દીક્ષા એટલે ગુરુ-પારતંત્ર્ય.

ગુરુને આધીન થઈને જીવવું, ગુરુની પરતંત્રતા સ્વીકારીને
જીવવું તેમાં જ દીક્ષાની સાર્થકતા છે.

જીવ હમેશાં પોતાની ઇચ્છા પ્રમાણે જ જીવે છે. તેને સ્વતંત્રતા ગમે છે.
હું મારા મનમાં આવે તે—મને ફાવે તે કરું. મને કોણ રોકે? મારી
મરજી પ્રમાણે જીવવા અને વર્તવા માટે હું સ્વતંત્ર છું. આવી વૃત્તિ દરેક
માણસમાં હોય છે અને તેથી તે પોતાને સ્વતંત્ર માની લેતો હોય છે.

આ સ્વતંત્રતા એની પાસે નર્યાં પાપો જ કરાવે છે. બધાં
જ ખોટાં કામ એ આ સ્વતંત્રતાને લીધે કરે છે. એ કરતાં
તેને કોઈ જ અટકાવી ન શકે, કેમ કે એ સ્વતંત્ર છે.

વળી આવી સ્વતંત્રતાને કારણે માણસે ઘણા બધાની ગુલામી કરવાની
આવે છે. આપણે એમ માનીએ કે હું તો મારી ઇચ્છાથી આમ
કરું છું. પણ ખરેખર તો આપણે કોઈના પરાધીન થઈ, લાચારીથી
તેવું કરતાં હોઈએ છીએ, જેનું આપણને ભાન પણ નથી હોતું.

જિંદગીમાં કેટલા કેટલાનું કહેલું માનવું પડે છે?
પોતાની ઇચ્છા ન હોય તોપણ કરવું પડે એવું
કેટલી વાર બને છે? આવી ગુલામીને પણ
પાછી આપણે સ્વતંત્રતા ગણાવીએ છીએ!

પાપોથી બચીએ તેવું કામ કરાવનાર ગુરુનું કહેલું
કરીએ તે જ સાચી સ્વતંત્રતા ગણાય. ગુરુનું કહ્યું
માનવામાં આપણને પરતંત્રતા લાગે તો ભલે લાગે,
પણ ખરેખર તો તેમાં જ ખરી સ્વતંત્રતા છે ને તેમનું
કહેલું કરવામાં જ સ્વતંત્ર થવાની ચાવી હોય છે.

ગુરુને સર્વોપરી માને તે સ્વતંત્ર.

પોતાની મરજીથી ફાવે તેમ વર્તે તે પરતંત્ર.

ગુરુની પરતંત્રતામાં જ સાચી સ્વતંત્રતા છે.



## દીક્ષા એટલે આપણા ભાવપ્રાણની રક્ષા.

ભાવ-પ્રાણ એટલે આપણા આત્માના શુભ અધ્યવસાય. આપણા જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-આનંદ વગેરે ગુણો તે ભાવ-પ્રાણ છે.

દ્રવ્યપ્રાણની વાત જીવવિચારમાં ભણીએ છીએ. પરંતુ તે બધું જ ભણવાનું અને જાણવાનું ભાવપ્રાણ માટે છે તે વાત લગભગ યાદ નથી રહેતી.

તમે જ્યારે જયણા કે જીવદયા પાળો છો ત્યારે તમે બીજા જીવોના દ્રવ્યપ્રાણની રક્ષા કરો છો, અને ત્યારે સાથે સાથે તમે પોતાના ભાવપ્રાણની પણ રક્ષા કરતા હો છો. જયણા પાળવાની ભાવના કે પરિણતિ તે ભાવપ્રાણ. તેની રક્ષા કરવાનો ખ્યાલ હોય તો જયણા પાળ્યા વિના ન રહેવાય, બીજા જીવની વિરાધના ના થાય.

ગુરુ જ્યારે આપણને સંયમ – ઓઘો-મુહપત્તિ પ્રદાન કરે છે ત્યારે તેઓ આપણા ભાવપ્રાણનો ઉદ્ધાર કરે છે. ગુરુ એટલે ભાવપ્રાણોદ્ધારક. તે આપણા કેટલા અચિંત્ય ઉપકારી ગણાય!

જો કોઈ જીવને મરતાં કે માર ખાતાં બચાવીએ તોપણ તે જીવ જીવે ત્યાં સુધી ઉપકાર માને છે, તો જે આપણા ભાવપ્રાણને મરતાં બચાવે, ઉગારે, રક્ષા કરે, ઉદ્ધાર કરે, તેનો ઉપકાર તો કેટલો મોટો ગણાય?

સમ્યક્ત્વ તથા સંયમના દાતા ગુરુના ઉપકારનો બદલો તો ક્રોડ ભવોમાં પણ વાળી ન શકાય. તો આ ભવમાં આપણે તેમના વચનનું પાલન કરીએ, તેમની આજ્ઞા પ્રમાણે જીવીએ અને યથાર્થપણે ધર્મનું આરાધન કરીએ તો જ ભાવપ્રાણનો ઉદ્ધાર ને રક્ષા બરાબર થાય, ને તો જ ચારિત્રનું રૂડું પાલન થઈ શકે.



## દીક્ષા એટલે રત્નત્રયીની આરાધના.

જે કરતાં આપણે સંસાર અને પુદ્‌ગલની વાસના તરફ ધકેલાઈએ તેનું નામ વિરાધના.

જે કરવાથી આપણો મોહ ઘટતો જાય અને આત્માની દિશામાં આગળ વધતાં જવાય તેનું નામ આરાધના.

વિરાધનામાં પ્રમાદ મુખ્ય હોય છે.

આરાધનામાં પુરુષાર્થની પ્રધાનતા રહે છે.

આપણે ત્રણ રત્નોની ખેવના અને પ્રાપ્તિ કરવાની છે. ત્રણ રત્ન તે – સમ્યગ્ જ્ઞાન, દર્શન ને ચારિત્ર.

ત્રણેત્રણની પ્રાપ્તિ માટેની મથામણ, મહેનત તેનું નામ દીક્ષા. ત્રણમાંનું એક પણ ઓછું હોય તો દીક્ષા ના કહેવાય. એકલું જ્ઞાન ભણીએ તે ન ચાલે. એકલી શ્રદ્ધા પણ ન ચાલે. એકલો આચાર પણ યોગ્ય નહીં. સમજણ, શ્રદ્ધા અને આચરણ – ત્રણ ભેગાં થાય તો જ દીક્ષા સિદ્ધ થાય. નહીં તો દીક્ષા કાચી ને અધકચરી ગણાય.

જ્યારે દીક્ષાની ક્રિયા થાય છે ત્યારે ગુરુ આપણને એક સાથે ત્રણે રત્નોનું દાન આપે છે. ઓઘો મળે ત્યારે ત્રણ રત્નો સાંપડ્યાની સમજણ પણ આવી જાય તો ઓઘાનો નાચ તે આત્માનો સાચો આનંદ-નાચ બની જાય. આપણને ઓઘો મળ્યાનો જેટલો આનંદ થાય છે તેટલો તે ક્ષણે ત્રણે રત્નો મેળવ્યાનો આનંદ નથી હોતો, કેમ કે એની સમજણ જ નથી હોતી.

આપણે ત્રણે રત્નો વિશે તથા તેની પ્રાપ્તિની મહત્તા વિશે ચિંતન કરીને આપણી સંયમ-આરાધનાને વિશદ બનાવવાની છે.



## દીક્ષા એટલે સમ્યગ્ જ્ઞાનની આરાધના.

આત્મા અનંત જ્ઞાનનો ભંડાર હોવા છતાં અત્યારે તો આપણે ઘોર અજ્ઞાનથી ભરેલા જીવો છીએ. અજ્ઞાનને કારણે જ આપણને મોહ જાગે છે. જે મારું નથી તેને મારું માનવું તે મોહ. જે લોકો આપણા નથી તેમને પોતાના માનવા તે મોહ. બધા સગા-સ્નેહી આ ભવ પૂરતા જ હોય છે. ગયા ભવમાં તેમને ઓળખતા નહોતા, ને આવતા ભવમાં સાથે નથી હોવાના. છતાં અહીં તેમને 'મારા-મારા' સમજીને વળગવું તે મોહ.

આ મોહને તોડે તે જ્ઞાન. જેને હું મારા ગણું છું તે ખરેખર મારા નથી—એટલી સમજ આવે તો જ્ઞાન આવે. જ્ઞાનથી વિવેક વધે. જ્ઞાનથી સમજણ વધે. સમજણ વધે તો વાસના મટે, તો આસક્તિ ઘટે, તો રીસ-હઠ-મમત-અદેખાઈ જેવાં ગંદા વાનાં દિલમાં જમા ન થાય, ટળી જાય.

જ્ઞાન ભણવાનું છે, પણ તેથી વધુ તો જ્ઞાન મેળવવાનું છે. ભણતાં જઈએ તો જ્ઞાન વધતું જાય, જ્ઞાન વધે તો ચિંતન પણ વધે. જ્ઞાનમાં મન પરોવાય તો બીજા નકામા વિચારો અને વિકલ્પો ન ઊગે. તો ચિત્ત શાંત બને. ખોટા ચાળા ન સૂઝે. મારું-તારું કે હું ને તું—એવા ભેદભાવ મટવા માંડે. જ્ઞાનમાં રસ રેડીએ તો આળસ ને પ્રમાદ ઓછાં થાય.

આવડે કે ન આવડે, પણ જ્ઞાન માટે મહેનત કરીએ, જ્ઞાન-ઉપાર્જન માટે તથા સમજવા માટે સમય ફાળવીએ, તો તેથી કર્મ તો અવશ્ય ખપે. અધ્યવસાય તો જરૂર સુધરે. જ્ઞાનની આરાધનાના આ બધા લાભો લેતાં આવડે તો જ દીક્ષા દીપી ઊઠે. નહીં તો પ્રમાદના પોટલા જ બની જવાય.



## દીક્ષા એટલે સમ્યગ્ દર્શનની આરાધના.

ચારિત્રનો પ્રાણ છે સમ્યગ્ દર્શન.

અહીં 'દર્શન' એટલે શ્રદ્ધા. સંયમના ખપી આત્મા પાસે શ્રદ્ધાનું બળ ખાસ જોઈએ. શ્રદ્ધા ન હોય તો ચારિત્રનો મતલબ નથી. આપણી રગ-રગમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની પ્રીતિ હોવી જોઈએ. એ ત્રણ માટેના રાગ, સદ્ભાવ, લગાવ અને બહુમાનમાં લેશ પણ ઓછપ ન ચાલે. મારા ભગવાન, મારા ગુરુ, મારું શાસન, મારા ભગવાનની વાણી, મારા દેવ-ગુરુની આજ્ઞા, આવા બહુમાન અને આંતરિક પ્રેમનું જ નામ શ્રદ્ધા છે. આ બધાંને યાદ કરીએ ને હૈયું હરખથી છલકાઈ જાય ને આંખે હરખનાં આંસુનાં તોરણ બંધાય.

કેવા લોકોત્તર છે મારા પ્રભુ! એમણે રાગ અને દ્વેષને શાંત કરવા માટે કેવો અદ્ભુત માર્ગ બતાવ્યો! મને આવો પ્રભુનો માર્ગ મળ્યો તે મારાં કેટલાં બધાં મહાન પુણ્ય! અને હું આ માર્ગને, આજ્ઞાને યોગ્ય રૂપે પાળું નહીં તે મારો કેટલો કર્મોદય! પ્રભુ, મારે તો તારી આજ્ઞા પ્રમાણે જ જીવવું છે. મને તેવી શક્તિ મળજો!

કેવા અચિંત્ય કૃપાવંત છે ગુરુ! ગુરુએ મારો હાથ ઝાલ્યો, મને સંસારના દાવાનળથી બચાવવાનો અસાધારણ ઉપકાર કર્યો, એમની કેવી કૃપા મારા જેવા પામર જીવ ઉપર વરસી છે! એમની ભવતારક આજ્ઞા પ્રમાણે જીવું તો મારું કલ્યાણ જ કલ્યાણ!

અને ભગવાનનો ધર્મ કેટલો હિતકારી છે! મારા મોહને નષ્ટ કરે, અજ્ઞાનને મટાડે, દોષોને શમાવે, ગુણોને પ્રગટાવે, મને પુદ્ગલથી, પાપથી અને પ્રમાદથી બચાવે અને સન્માર્ગ શીખવે – આવો અનુપમ ધર્મ કેટકેટલાં પુણ્યોદયે મને મળ્યો!

આવો અહોભાવ છે શ્રદ્ધાનું નિદાન. અને આવી શ્રદ્ધા તે જ છે સમ્યગ્ દર્શન– સમ્યક્ત્વ. એ જ છે ચારિત્રજીવનનો પ્રાણ.



## દીક્ષા એટલે 'ચારિત્ર'ની આરાધના

કર્મો તો ભવે ભવે ઘણાં બાંધ્યાં છે. અત્યારે પણ સતત બાંધ્યા જ કરીએ છીએ. તે કર્મોને દૂર કરવાની મહેનત તે ચારિત્ર.

આપણી ક્રિયા જો પ્રમાદવાળી હોય તો કર્મ વધે. તપસ્યામાં આર્તધ્યાન અને અશુભ વિકલ્પો, ઇચ્છાઓ, જીદ અને મૂઢતા હોય તો કર્મો વધે. જે ક્રિયા અને તપ દ્વારા કર્મો ધોવાનાં હોય તેનાથી જ જો કર્મો વધી જાય તો ચારિત્રની આરાધના કેમ થાય?

પ્રમાદ એ ચારિત્રનો મોટો દુશ્મન છે. પ્રમાદ એ હિંસા છે. પ્રમાદમાં મૃત્યુ છે. પ્રમાદમાં આપણું અહિત છે. આપણો પ્રમાદ આપણું પણ અહિત કરે છે અને બીજા જીવોનું પણ બરબાદ કરે છે.

જેને ખરેખર સંયમની રુચિ હોય તેને પ્રમાદ પાલવે નહીં જ. વાતો કરવી, ચોવટ-પંચાત કર્યા કરવી, નિંદા ને કુથલી કરવી, બીજાની ભૂલો જ શોધતાં ફરવું, કોઈ શિખામણ આપે કે ભૂલ કાઢે કે ટકોર કરે તો રિસાઈ જવું ને ક્લેશ કરવો – બધું જ પ્રમાદ છે. રસ્તે જતાં-આવતાં કે કોઈના ઘર વગેરેમાં વાતો કરવા ઊભા રહેવું તે પણ પ્રમાદ છે. ડગલે-પગલે પ્રમાદ આપણને કનડતો હોય છે. તેની પૂરી પાકી ઓળખાણ કરી લેવી તથા તેથી બચવા માટે સભાન રહીને વર્તવું તેમાં જ ચારિત્રની આરાધના છે.

જ્ઞાન હોય, સમજણ અને વિવેક હોય તો પ્રમાદ ન થાય.

પ્રમાદ કરીએ તેનો અર્થ હિત-અહિતનું ભાન નથી.

શ્રદ્ધા હોય, દેવ-ગુરુ ખૂબ ગમ્યા હોય તો પ્રમાદ ન થાય.

પ્રમાદ કરીએ તો સમજવું કે દેવ-ગુરુ ગમતાં નથી.

જ્ઞાન અને દર્શન જેમ-જેમ વિકસે તેમ-તેમ ચારિત્ર પણ ખીલતું જાય, વધતું જાય. ચારિત્રની આરાધના જ્ઞાન-દર્શન દ્વારા જ કરવાની સાચી મજા આવે.



## દીક્ષા એટલે ચિત્તને ચોખ્ખું કરવાની મથામણ.

આપણું ચિત્ત બહુ બહુ મેલું ને ગંદું છે. એમાં જાતજાતના ગંદવાડ અને કચરા ભર્યા છે. પણ આપણને એ દેખાતા નથી. દીક્ષા આપણને એ ગંદવાડ જોતાં શિખવાડે છે.

આપણને 'પાપ' બહુ લાગે છે, પણ આપણે 'ભૂલ' કરીએ છીએ એનો ખ્યાલ નથી આવતો. ભૂલ કરીએ છીએ તો જ પાપ બંધાય છે. ભૂલ ન કરીએ અને ભૂલ સુધારવા માંડીએ તો પછી પાપ લાગવાનો કે બાંધવાનો પ્રશ્ન જ નહીં રહે.

હા, આપણે જીવનમાં હંમેશાં ઘણી બધી ભૂલો કર્યા જ કરીએ છીએ. તેમાં બે ભૂલો સહુથી મોટી છે: (૧) પોતાનો દોષ ન જોવાની ને ન સ્વીકારવાની ભૂલ અને (૨) બીજાઓની ભૂલો જોયા તથા શોધ્યા કરવાની ભૂલ. આપણને કાયમ બીજાનું 'ખરાબ' જ દેખાય છે અને પોતાનું ખરાબ લગભગ નથી દેખાતું. આ કુટેવને કારણે જ આપણા ચિત્તમાં અભિમાન, માયા-કપટ, ઈર્ષ્યા-અદેખાઈ અને તુચ્છતા જેવા દોષો પાંગરે છે. આ દોષો આપણી પાસે પહેલાં માનસિક પાપ કરાવે છે, ને પછી વાણીથી તથા શરીરથી પણ પાપો કરાવે છે.

આને કારણે મનમાં ગંદકીના થરના થર જામતા જાય છે, ને એટલા જાડા-ગાઢ થયા છે કે હવે આ ગંદકી આપણને જરાય ગંદી નથી લાગતી, પણ વહાલી વહાલી લાગે છે.

આ સ્થિતિ બહુ ખોટી છે, ચિંતાજનક છે. આનાથી ઊગરવું કેવી રીતે? તેની ચિંતા કરવાનો અવસર એટલે દીક્ષા. એ ગંદકીને શી રીતે હટાવવી તે માટેનો ઉદ્યમ કરવાની ઘડી તે દીક્ષા. દીક્ષા પોતાના ચિત્તની ગંદકીનો પરિચય કરાવે છે. દીક્ષા તે ગંદકીના નિવારણનો ઉપાય આપે છે. આવી દીક્ષા કોને ન ગમે?



## દીક્ષા એટલે અદૈન્યની આરાધના.

દીનતા એ સંસાર છે. સંસારની કોઈ પણ પરિસ્થિતિ કે કોઈ પણ બાબત માણસને દીન-ગરીબડો કે બાપડો-બિચારો જ બનાવે છે. દીન હોય તેણે કોઈ ને કોઈની ગુલામી કરવી જ પડે, પરાધીનતા વેઠવી જ પડે. મોટો શેઠ કે શ્રીમંત કે સત્તાધીશ હોય તે પણ ક્યાંક ને ક્યાંક તો પરવશ અને દીન હોવાનો જ. છેવટે તેના ઘરમાં તો તેણે દીન થવાનું આવે જ. પુદ્ગલનો રાગ દીન બનાવે છે. શરીરની આસક્તિ લાચાર બનાવે છે. બીજાનો મોહ રાંક બનાવે છે.

આવી તમામ જાતની દીનતાને તોડે, ક્ષય કરે, તેનું નામ દીક્ષા. દીક્ષા લેનારો ગુરુનો આશ્રિત હોય, દેવ-ગુરુની આજ્ઞાનો પાલનહાર હોય અને એની રક્ષા, કાળજી તથા માવજત ગુરુ પોતે કરતાં હોય, તેથી એ દીન કે દયામણો કે પરવશ ન હોય.

જીવ કાં ગુરુવશ હોય, કાં પરવશ. આપણે સંયમ ગ્રહણ કર્યો એટલે ગુરુવશ બન્યા, અને ગુરુવશ બન્યા કે પરવશતા ગઈ, દીનતા ને લાચારી ખતમ!

ગુરુ આપણને અદીન બનાવે. ગુરુ આપણને આત્માની સાચી સ્વતંત્રતા આપે. દુનિયાની, પુદ્ગલની અને સગાં-સ્વજનોની ગુલામીમાંથી જો આપણને કોઈ બચાવી શકે તો તે માત્ર ગુરુ જ. બીજા કોઈની આ તાકાત નહીં.

અદીન સાધુ હમેશાં પ્રસન્ન હોય. ખુશહાલ હોય. રોદણાં રડતો ન હોય. ફરિયાદો કરતો ન હોય. જાતજાતની લાલસા, અપેક્ષા, એષણામાં લેપાયેલો ન હોય. એ તૃપ્ત હોય. સંતુષ્ટ હોય.

દીન હોય તે હીન હોય, ને હીન બને તે પરાધીન બને જ.

સંયમ એટલે અદીનભાવ – એટલું યાદ રાખવાનું છે.



## દીક્ષા એટલે પોતાનાંને પારકાં બનાવવાની પ્રક્રિયા.

મા-બાપ પોતાનાં ગણાય. ભાઈ-બહેન પોતાનાં મનાય. ભાભી, બનેવી, મામા-મામી, ફઈ-ફૂવા ને એવા બધા સગાવ્હાલા પોતાના હોવાની લાગણી દરેકના દિલમાં હોય.

દીક્ષા લઈએ એ સાથે જ આ પોતાપણાની લાગણી પર પૂર્ણવિરામ મૂકવાનું રહે. હવે એ બધાં મારાં નહીં, મારાં મા-બાપ ને ભાઈ-બહેન ને બધું જ હવે મારો ગુરુ ને મારા સાથી સંયમીઓ જ.

આજ સુધી જેને પોતાના ગણતા'તા, તે બધાયની સાથેનો ભૌતિક અને સાંસારિક સંબંધ હવે સમાપ્ત થશે અને તેઓ મોહના સંબંધે 'મારા' કે 'આપણા' મટી જશે. હવે તેઓ બીજા લોકો જેવા સામાન્ય શ્રાવકો કે ગૃહસ્થો બની રહેવાના. આપણે તેમને 'મમ્મી' કે 'પપ્પા' જેવા શબ્દોથી બોલાવવાના નહીં રહે. તેમને તેમના નામથી જ બોલાવવાના રહેશે. વળી, કોઈને તેમની ઓળખાણ આપવાની થાય તો, 'આ મારા પપ્પા' એમ નહીં બોલાય, પણ આ 'મારા સંસારી પિતા છે' એમ જ બોલવાનું થશે. આમ લોહીના સંબંધો પર પણ પૂર્ણવિરામ મૂકાવે તેનું નામ છે દીક્ષા.

હવે મોહ નહીં. મમત્વ નહીં. તેઓ માટેનો ઉપકારભાવ જરૂર રહે, સ્નેહ પણ હોય, પણ લગાવ કે આસક્તિ નહીં રહે. તેઓ ન આવે, ન મળે તો ઓછું નહીં આવે. તેઓ આવે ત્યારે મર્યાદા ચૂકીને ગમે ત્યારે રાતે-દિવસે, ને સાધુપણાનાં બધાં કામ-સ્વાધ્યાય વગેરેને પડતાં મૂકીને તેમની સાથે બેસવાનું, ફરવાનું, તેમની પરવરીશ કર્યા કરવાનું હવે નહીં રખાય. હવે આચાર-મર્યાદા પહેલી. ગુરુની અનુમતિ પહેલી. એ ના કહે તો મોં નહીં ચડાવાય, બીજાનો વાદ નહીં લેવાય.

આવું કરવાથી જ અદીન બનાય. બાકી સંયમીને તેનાં સ્વજનો જ 'દીન-હીન' બનાવતાં હોય છે. આપણે ભાવપૂર્વક સંયમ પાળવાનો છે, દીનતાપૂર્વક નહીં.



## દીક્ષા એટલે મોહનાં બંધનોને તોડવાની પ્રક્રિયા.

વૈરાગ્ય સાચો હોય તો રાગ ચોક્કસ તૂટી જાય.

પણ દીક્ષા લીધા પછી પણ ઘરવાળાનો – સગાં-સ્વજનોનો રાગ ન છૂટે, એ લોકોને જોઈને આકર્ષણ થયા જ કરે, મળવાનું ને તેમની સાથે વાતો કરવાનું ને ઘરની જંજાળ કરવાનું મન થયા જ કરે, તો સમજવું કે વૈરાગ્ય છે જ નહીં. ભાઈનો ધંધો નથી ચાલતો, નોકરી સારી નથી કે પગાર ઓછો છે, બે માણસો વચ્ચે મેળ નથી, આવી બધી ચિંતા ને પંચાત કરવી ગમે તો માનવું કે વૈરાગ્ય તો નથી જ, પણ મોહ ખૂબ વધી ગયો છે. આ વાત ચારિત્ર માટે વિઘાતક ગણાય.

ઘરના લોકોને આપણા પર મોહ હોય, આપણી સાથે બેસવાનો આગ્રહ હોય તે તો હોય, પણ તેમના પ્રત્યે આપણને ઘણો મોહ હોય તે તો કેમ ચાલશે?

ઘણી વાર એવું બને કે દીક્ષા પહેલાં ભાભી સાથે બનતું જ ન હોય કે ભાઈ સાથે ક્લેશ-કંકાસ જ હોય, ને દીક્ષા પછી એ અચાનક અતિશય વહાલા લાગવા માંડે, ને એની કાળજી રાખવા માંડીએ. આ તો બહુ વિચિત્ર પણ છે, ને હાનિકારક પણ છે. ચારિત્રવંત રહેવું હોય તો આ સ્થિતિથી બચવું જ જોઈએ.

દીક્ષા પછી ઘર-સંસારની વાતો ન જ કરાય. ઘરની ને ઘરવાળાઓની પંચાત ન જ થાય. સંસારીની કાળજી એટલે સાવદ્ય કર્મ. આપણા નિરવદ્ય ભાવોમાં એ બાધક ગણાય. એ લોકો મળવા આવે તેવી અપેક્ષા કે આગ્રહ તો ન જ રખાય, પણ જો આવે તો તેમને ધર્મકરણી કરવાની ને વધારવાની જ વાત કરાય; ઘરની ને ધંધાની સલાહ-સૂચના-શિખામણ ન અપાય. આમ કરીએ તો જ તેમણે આપણા પર કરેલા ઉપકારોનું ઋણ વાળી શકાય.

સંયમ એ મોહક્ષયનો રામબાણ ઇલાજ છે.



## દીક્ષા એટલે પારકાને પોતાના બનાવવાનો ઉદ્યમ.

જુદા જુદા પરિવાર, ગામ, દેશ, જાતિ અને ભાષા ધરાવતા લોકોને, કશા જ સંબંધ કે સગપણ વિના, પોતાના બનાવવાની કળા આપણને દીક્ષામાં શીખવા મળે છે. અત્યાર સુધીના સગા હવે સગા મટી જશે, અને જે સગા નહોતા, નથી, તે સગા બની જશે. બધી રીતે જુદા હોય તેવાની સાથે એકતા, આત્મીયતા અને સગપણનો અનુભવ કરવાની મજા કાંઈક અનેરી જ હોય છે. અજાણ્યા જોડે સ્નેહ, અપરિચિત સાથે મૈત્રી, પોતાના ન હોય તેની સાથે આત્મીય ભાવ – દીક્ષાની આ ખરી મજા છે. પારકા પણ પોતાના લાગવા માંડે ત્યારે જ ભગવાનના માર્ગે આવી શકાય.

કોઈ એકાદ વ્યક્તિ પરના રાગને કારણે ક્યારેક દીક્ષા લેવાતી હોય છે. એમાં કાંઈ ખોટું નથી. પરંતુ એ રાગ પછી ભક્તિભાવમાં બદલાઈ જવો જોઈએ. પછી એક વ્યક્તિ પ્રત્યે જ રાગ રહે એવું નહીં, પણ અન્ય જે પણ હોય તે સહુ પ્રત્યે મૈત્રીભાવ અને વાત્સલ્યભાવ કેળવાય તેમ થવું જોઈએ. આવું થાય તો તે રાગ પણ લાભ આપનારો થાય. આવું ન બને તો એક વ્યક્તિ પરનો રાગ, બીજા પ્રત્યે અરુચિ ને તિરસ્કાર પેદા કરી દે. પછી કોઈ નવી વ્યક્તિ આવે તો ઈર્ષ્યા, અણગમો અને દ્વેષ થવા માંડે, ને તે જતે દહાડે ક્લેશ-કજિયો ને આર્ત-રૌદ્રધ્યાનમાં પરિણમે. તેથી આપણે કશુંક પામવાને બદલે હારી જઈએ. ચારિત્ર નિષ્ફળ થાય. ચારિત્ર લેવા બદલ કદીક પસ્તાવો પણ થાય, ને તો ભવોભવ ધર્મથી વંચિત રહેવાનું આવે.

ઈર્ષ્યા પોતાના હોય તેનેય પારકા બનાવી દે.

મૈત્રી પારકાને પણ પોતાના બનાવી આપે.

આપણે ઘર કે પરિવારને છોડીને એક વ્યક્તિના બનીને સાસરીએ નથી જવાનું. આપણે તો પ્રભુશાસનમાં પ્રવેશીને સહુ કોઈને પોતાના બનાવવાના છે. આટલું સમજીએ તો દીક્ષાની મજા અનેરી છે.



## દીક્ષા એટલે અણગમતાને પણ ગમાડવાની કળા.

ગમતી વ્યક્તિને ગમાડે તે સંસારી.

ન ગમતાંને પણ ગમાડી શકે તે સંયમ પાળી શકે.

આપણે લગભગ આપણને અનુકૂળ હોય, આપણને સારું લાગે તેમ બોલતાં ને વર્તતાં હોય, આપણને આપણી મરજી પ્રમાણે કરવા દેતા હોય તેવા જ લોકો ગમે છે. આપણને ટોક-ટોક કરે, ખોટું કે ભૂલ કરતાં અટકાવે, ઠપકારે, શિખામણ આપે, એવા લોકો નથી ગમતા કે ઓછા ગમે છે. આવી મનોદશા હોય ત્યાં સુધી સમજવું કે હજી સંસાર છૂટ્યો નથી ને હજી ચારિત્ર પામ્યાનો લાભ મેળવ્યો નથી. ચારિત્ર જેવું રત્ન પામ્યા પછી પણ જો ખોટમાં જ ચાલવાનું હોય તો ચારિત્ર લીધાનો ખાસ કોઈ મતલબ નથી રહેતો. એવો જીવ બિચ્ચારો જ ગણાય.

દીક્ષા લીધા પછી ઘણાને ગુરુ નથી ગમતા. અળખામણા લાગે. બીજા બધા વખાણતા હોય, થાબડતા હોય, બચાવ કરતા હોય અને ગુરુ તો ભૂલ કાઢે, ટોકે, ઠપકારે ને સૂચનાઓ આપીને આપણી ઇચ્છા પ્રમાણે કરવા ના દે, એટલે બીજા સારા-મીઠા લાગે ને ગુરુ કડવા ને ખરાબ લાગે.

દીક્ષા પછી સાથીદારો—ગુરુભાઈ કે ગુરુબહેનો સાથે પણ ઘણાને નથી જામતું. ઈર્ષ્યા, સ્વાર્થ, સંકુચિત મન, પોતાની જીદ વગેરેને કારણે મેળ નથી જામતો હોતો.

ગુરુ કે સાથી સંયમીઓ પ્રત્યે અરુચિ કે અણગમો જાગે તો તે અસંયમની નિશાની જાણવી. તેનું નામ જ મૂઢતા અને મોહનીય કર્મનો ઉદય. આપણે ચારિત્ર લીધા પછી ગુરુ અને બીજાઓ પ્રત્યે અણગમો અનુભવીશું તો અનેક ભવ સુધી ચારિત્ર કે ધર્મ કે ગુરુનો સંયોગ નહીં મળે તે વાત જો યાદ રાખીશું તો આવા અણગમા નહીં ટકે—નહીં થાય. યાદ રહે: સૌને ગમાડે તે સાધુ.



## દીક્ષા એટલે શિષ્ય બનવાની તાલીમ.

શિષ્ય બનવું એટલે આશ્રિત બનવું, આજ્ઞાંકિત ને આજ્ઞાના પાલક બનવું, ગુરુને આધીન બનવું. આવા શિષ્ય બનવું બહુ અઘરું હોય છે. કોઈક જ માણસ શિષ્ય બની શકે – બધા નહીં. આજ્ઞા પાળવી, પોતાની ઇચ્છાઓને ગૌણ બનાવીને ચાલવું, એ બહુ સહેલું કામ નથી હોતું. અને એ કામ ન કરે તે ગુરુનો સમોવડિયો કે હરીફ બની શકે, શિષ્ય ન બની શકે.

દીક્ષા લઈએ એટલે બધા લોકો-ગૃહસ્થો આપણને વંદન કરે, પગે લાગે, માન આપે, આપણે કહીએ તે કરી આપે; આને લીધે આપણા મનમાં એવો ખ્યાલ બંધાઈ જાય કે આપણે તો 'ગુરુ', 'પૂજ્ય', 'વંદનયોગ્ય'! આવા ખ્યાલને કારણે, ને સતત વંદનાદિ માન-પાનને કારણે આપણા મનમાંથી શિષ્ય હોવાનો ને ગુરુની ઇચ્છા-આજ્ઞાને અનુસરવાનો ખ્યાલ નબળો પડવા માંડે અને 'હું કાંઈક છું' એવો અહંકાર છાનોમાનો વધવા લાગે છે. પરિણામે આપણામાં 'શિષ્યત્વ' પાંગરતું નથી. અભિમાન જ વકરે છે.

આવા અહંકારને તોડે તે ગુરુ. આવા અહંકારનો ભોગ ન બને તે શિષ્ય. પણ એ માટે શિષ્ય થનારે ગુરુને આધીન રહેવું જ પડે. પોતાની ઇચ્છાઓને કાબૂમાં રાખવી જ પડે. પોતાના અહંકારને નાથવો જ પડે. નહીં તો શિષ્ય તો બને કે ના બને, પણ પોતે પોતાને 'ગુરુ' તો સમજવા જ માંડે. આનાથી આપણા આત્માને તથા જીવનને બહુ બહુ હાનિ થાય.

શિષ્ય તે, જેના પર ગુરુ શાસન કરી શકે. શિષ્ય તે, જે પોતાનું સર્વસ્વ ગુરુને સમર્પિત કરીને જીવે. પોતાની ઇચ્છા ને પોતાનો અહંકાર પણ ગુરુને સોંપી શકે તે શિષ્ય બની શકે. ગુરુ સાચા, પણ હું તો મારું ધાર્યું જ કરું – એવી વૃત્તિ હોય તો શિષ્ય ના બની શકાય.

ગુરુના લેણદાર હોય એવા શિષ્યો બધે જોવા મળે છે. ગુરુનો દેવાદાર નીવડે તે જ શિષ્ય સાચો.



## દીક્ષા એટલે જાતને ઓગાળી દેવાની પ્રક્રિયા.

આત્માનું કલ્યાણ સાધવું હોય તો જ દીક્ષા લેવી જોઈએ.
જો ઘરસંસાર છોડીને અહીં નવો સંસાર માંડવો અને
વધારવો હોય તો દીક્ષાનો ઝાઝો અર્થ નહીં.

આત્માનું કલ્યાણ ત્યારે જ સાધી શકાય જ્યારે પોતાની જાતને અને
પોતાના સ્વાભિમાનને ઓગાળી નાખતાં આવડે. 'હું કાંઈક છું',
'હું કંઈક થઈ જાઉં', 'હું કાંઈ કરી બતાવું' –
આવાં આવાં નખરાં હોય તો જાત ઓગળે નહીં. 'જે છે તે બધું
ગુરુ જ છે, બધું ગુરુનું છે, ગુરુ થકી છે, ગુરુ માટે છે' આવી
સ્પષ્ટ સમજણ કેળવાય ત્યારે જ જાત ઓગળી ગણાય.

આપણે સતત યાદ રાખવું પડે કે અમે અમારી જાતને –
અમારા અહંકારથી છલકાતા વ્યક્તિત્વને ઓગાળવા માટે
અહીં પ્રવેશ લીધો છે. અમારી જાતને છતી કરવા, અહંકારને
બહેકાવવા માટે અહીં નથી આવ્યા. આટલું જો યાદ રાખીએ
તો કલ્યાણ સિવાય ગુરુ પાસેથી કશું મળે જ નહીં.

ઘણીવાર એવું જોવા મળે કે જાણે ગુરુને
ભલું કરવા માટે આપણે ચેલા થઈને આવ્યા
છીએ! આપણે ન આવ્યા હોત તો બાપડા
ગુરુનું શું થાત? આવી વૃત્તિ કે આવી
સમજણથી બીજું તો ઠીક, પણ આપણા
'કલ્યાણ'નો તો છેદ જ ઊડી જાય.

ફરી ફરીને યાદ કરવાનું છે કે આપણે માત્ર
આપણા ભલા માટે અહીં આવ્યા છીએ ને
આવવાનું છે, બીજાના ભલા માટે નહીં જ.
અને આપણું કલ્યાણ ભીતરના દુર્ગુણોને
ઘટાડવાથી ને સદ્‌ગુણોને વધારવાથી જ
થશે. એ માટે ગુરુકૃપા જરૂરી છે ને ત્યારે
જ મળશે જ્યારે જાતને ઓગાળી શકીશું.



## દીક્ષા એટલે 'ગુરુ'પદ પામવાની પ્રક્રિયા.

આપણે ચારિત્ર લઈએ તે સાથે જ બધા લોકો આપણને વંદન કરવા લાગશે. આપણને ગુરુ ગણશે. 'ખમાસમણ' કહેશે ને શાતા પૂછશે. આપણે થોડીક વાર અગાઉ ગૃહસ્થના કપડામાં હતા ત્યારે આવું કશું જ કોઈ નહોતું કરતું. પણ જેવા મુનિવેશમાં આવ્યા કે બધું જ શરૂ. મતલબ કે હવે આપણે 'ગુરુ' થવાની લાયકાતનો પહેલો તબક્કો સર કરી લીધો છે.

હવે આપણે આ લાયકાતને આગળ વધારવાની છે. 'ગુરુ'પદને માટે આપણે કેમ ખરેખર લાયક ગણાઈએ, અને લોકો વંદન કરે છે તેને માટે આપણે ખરેખર લાયક અને હકદાર કેવી રીતે બનીએ, તેની કાળજી અને મહેનત જો આપણે કરીએ, તો જ આપણને ચારિત્રનો ધર્મ મળ્યો ગણાય. પણ જો આપણને બધા પગે લાગે છે એટલે આપણે તો 'કંઈક મહાન' છીએ, 'ગુરુ' બની ગયા, અને હવે આપણે વધુ કશું કરવાની જરૂર નહીં – એમ માનીને વર્તવા માંડીએ તો સમજવું કે હજી ચારિત્ર પામ્યા નથી, ફક્ત વેશ જ મેળવ્યો છે.

ગુરુપદ પામવા માટે પહેલાં શિષ્ય બનવું પડે. શિષ્ય એટલે જે જીવનભર ગુરુના આશ્રિત અને પડછાયારૂપ બની રહે તેવા સાધુ. તે પોતાના આચરણમાં સ્વચ્છ હોય, દઢ હોય, અને ગુરુની આજ્ઞામાં તથા સેવામાં અખંડપણે સમર્પિત હોય. આવો શિષ્ય જ જતે દહાડે 'ગુરુ' બની શકે, અને એવા ગુરુ જ જગતને સાચા રસ્તે દોરી શકે.

વંદન મળે, માન મળે, ત્યારે છકી જઈને ગુરુનું અવમૂલ્યન કરી દઈએ તો આપણામાં લાયકાત ન આવે. તો આપણે શિષ્ય ન રહીએ. અને તો વંદન પામવા છતાં 'ગુરુ' પદ તો ન જ મળે.

આપણે લાયક બનવાનો સંકલ્પ કરવાનો છે.



## દીક્ષા એટલે માયા-પ્રપંચથી મુક્તિ.

માયા એટલે કપટ. માયા એટલે લુચ્ચાઈ. માયા એટલે અંચાઈ. 'માયા' એક કષાયનું નામ છે. મનમાં કૂડ હોય તો જ માયા કરવાનું મન થાય. કૂડ એટલે બીજાને છેતરવાના કે હેરાન કરવાના વિચારો, બીજાનું પડાવી લેવાની દાનત. સંયમી આત્મા આ કૂડ-કપટથી દૂર રહે તે જરૂરી છે.

જ્યારે આપણે સંસારનું બધું જ છોડીએ છીએ, જેમાં કે જેના વડે કશુંક મેળવવાનું હતું તે સઘળાંનો ત્યાગ કરીએ છીએ, તો હવે કૂડ-કપટ શેના માટે કરશું? કોના માટે કરીશું? છોડ્યા પછી પણ કૂડ-કપટ કરીએ તો નક્કી થાય કે આપણે છોડ્યું નથી, અથવા બીજું કાંઈક મેળવવા માટે છોડ્યું છે.

માણસના મનમાં એમ થાય કે મારું કોઈક જાણી જશે, મારું કોઈક લઈ જશે, આ કામ મારા હાથે થવાનું છે પણ કોઈને ખબર પડશે તો તે પડાવી જશે, આ મારો ભગત કે ચેલો થાય તેમ છે, પણ જો જાહેર થશે તો પેલા પડાવી જશે, એટલે કોઈને ખબર ન પડવી જોઈએ – આવા આવા વિકલ્પોથી માણસ માયા ને પ્રપંચો કરે છે. હું આમ કરું છું, આમ કરીશ, તેની કોઈનેય ખબર ન પડવી જોઈએ; મને બધાનું બધું જ ખ્યાલમાં હોય પણ મારી કોઈ જ વાતની કોઈનેય ગંધ ન આવવી જોઈએ – આવી વૃત્તિ આપણને 'માયા'નો ભોગ બનાવે છે.

પણ જો આપણે બધું જ છોડ્યું હોય, ભૌતિક દૃષ્ટિએ ભગતનો, ચેલા-ચેલીનો કે બીજો કોઈ પણ જાતનો લાભ ખાટી જવાની ગણતરી કે ઇચ્છા ન હોય, તો આપણી પાસે છુપાવવા જેવી કોઈ જ બાબત ન હોય – ન હોવી જોઈએ. ભલે ને બધા જાણે. ભલે બધા જુએ. ભલે જેને જે ફાવે તે પડાવી લે. હું તો મસ્ત છું. નિર્લેપ છું. મારે કાંઈ ન જોઈએ હવે. સંયમ મળ્યો, સંયમના રૂપમાં સાક્ષાત્ પ્રભુ મળ્યા, હવે બીજું શું જોઈએ? આટલી સમજ કેળવાય તો લુચ્ચાઈ, માયા, છળકપટ – બધું જ છૂટી જાય, ને આત્મા ખૂબ નિર્મળ બની જાય.

ના, આપણે 'માયા'નો ભોગ નથી બનવાનું.



## દીક્ષા એટલે ઇચ્છાઓના સંઘર્ષ પર પૂર્ણવિરામ.

જીવનમાં મોટામાં મોટા કકળાટ 'ઇચ્છા'ના જ હોય છે. આપણને કોઈ ઇચ્છા થઈ, મન થયું, મરજી થઈ, એટલે તે પ્રમાણે થવું જોઈએ તેવો આગ્રહ બંધાવા માંડે. આપણી ઇચ્છા પ્રમાણે થાય, બધા સ્વીકારે, તો આપણે રાજીના રેડ અને ફૂલીને ફાળકો! 'મારું જ ધાર્યું થાય, હું કહું તેમ જ બધા કરે, મને પડે એટલી સમજ કોઈને ના પડે' – આવા મિથ્યાભિમાનમાં આપણે ત્યારે અટવાઈ પડીએ. અને જો આપણી ઇચ્છા મુજબ ના થાય, તેનાથી જુદું થાય કે બીજા કોઈની ઇચ્છા મુજબ થાય, તો આપણું મોં ચડી જાય, રીસનો પાર ન રહે, છાશિયાં ને છણકા ચાલુ થઈ જાય, ને આવેશમાં આવીએ તો ન બોલવાનું બોલાય ને ન કરવાનું કરી દઈએ. બધો કકળાટ માત્ર ઇચ્છાનો છે. ઇચ્છા જ ક્લેશ કરાવે. ઇચ્છા જ સંઘર્ષ વધારે, ઇચ્છા જ જીદ, પક્કડ, મમત અને હઠ જન્માવે.

ચારિત્ર આ બધાંથી આપણી જાતને ઉગારવા માટેનું માધ્યમ છે. આ બધું જ આપણે સંસારમાં હતા ત્યારે કરી શકતા હતા, બલ્કે કરતા પણ હતા. તે છોડીને, અને તે બધું છોડવા માટે સંયમમાં આવ્યા છીએ, હવે અહીં પણ જો એ જ નાટક કરીશું તો, સંસારમાં ને સંયમમાં ફરક ક્યાં રહેશે?

આત્માર્થી જીવ ઇચ્છાઓના ઘમસાણનો ભોગ ક્યારેય ન બને. ધાર્યું થાય તો અભિમાન ન સેવે. ધાર્યું ન થાય તો ક્લેશ ના કરે. પોતાની ઇચ્છાઓને ગૌણ કરી શકે, શાંત રાખતાં આવડે, તે જ સંયમનો સ્વાદ માણી શકે. પોતાની ઇચ્છા જીદથી કે કપટ-માયાથી કે ગમે તે રીતે પૂરી કરે અને પછી ઠાવકાઈથી નિઃસ્પૃહ હોવાનો ડોળ કરે, તેને સંયમનો સ્વાદ ન મળે, તે તો અભિમાન ને માયા – બે કષાયોનો જ ભોગ બને છે.

આપણે ઇચ્છાઓના સંઘર્ષને શાંત કરવાનું શીખીને સંયમના સાચુકલા રસને ચાખવાનો છે.



## દીક્ષા એટલે સાવદ્ય વ્યાપારોથી છુટકારો.

અવદ્ય એટલે પાપ. સાવદ્ય વ્યાપાર એટલે પાપવ્યાપાર. શરીર છે, પુદ્‌ગલ છે, મન અને ઇન્દ્રિયો છે, એટલે પાપો તો નિરંતર થતાં જ રહેવાનાં. માણસની એક ક્ષણ પણ પાપ વગરની જાય નહીં. આપણા ડગલે-ડગલે પાપ જ પાપ છે.

બીજા જીવોને જેનાથી નુકસાન પહોંચે તેવી કોઈ પણ ક્રિયા કે ચેષ્ટા તે પાપ. આપણા પ્રભુએ પૃથ્વી-પાણી-અગ્નિ-પવન-વનસ્પતિ સહિત છ પ્રકારના જીવો બતાવ્યા છે. એમાંના કોઈ પણ નિકાયના જીવ કે જીવોને જો આપણા કારણે ઈજા કે ત્રાસ કે પરિતાપ થાય તો તે પાપ કહેવાય. સવારમાં ઊઠીએ ત્યારથી રાતે ઊંઘીએ ત્યાં સુધીમાં આપણા હાથે, આપણા લીધે, આપણા માટે – કેટકેટલા જીવોનો સંહાર થતો હશે? કેટલા બધા જીવોને ત્રાસ મળતો હશે? આ બધામાં કેટલાં પાપ લાગે!

પોતાના આત્માનું અહિત થાય તેવી કોઈ પણ ક્રિયા તે પાપ. આપણે આપણા પ્રમાદને લીધે, મોહ અને વાસનાને વશ પડીને, આપણા આત્માનું કેટલું બધું નુકસાન કે અહિત આચરીએ છીએ! જેટલો વધુ પ્રમાદ તેટલું વધુ પાપ. મોહસંજ્ઞા જેમ તીવ્ર તેમ પાપ વધવાનાં જ.

આ તમામ પ્રકારનાં પાપોના વ્યાપાર-વ્યવહારથી બચાવનારી બાબત એક જ છે – દીક્ષા. દીક્ષા લેનાર જો આ વાત સમજે તો તેની દરેક ચેષ્ટા, દરેક ક્રિયા પાપ વિનાની થઈ શકે. પાપથી બચવાની સતત તકેદારી તે જ સંયમ.

સંયમી જીવ જયણાનો આગ્રહી હોય. સંયમી આત્મા પ્રમાદથી ડરતો હોય. પોતાના અહિતને ટાળવાની સંયમીને સતત ચિંતા હોય. બીજા જીવોને પોતાના થકી નુકસાન ન પહોંચે તેની સાવધાની સંયમી હંમેશાં રાખતો હોય. તો જ આપણો 'સાવદ્ય'થી છુટકારો થાય.

સંયમ નિરવદ્ય જીવન જીવવાનું બળ આપે છે.



## દીક્ષા એટલે મોક્ષના માર્ગની આરાધના.

મોક્ષની વાતો આપણે ત્યાં બહુ જ ચાલતી રહે છે. મોક્ષે જવાની વાત બધાના દિલમાં હોય છે. ધર્મ શા માટે કરવાનો? તો મોક્ષ પામવા માટે. દીક્ષા શું કામ લેવાની? તો મોક્ષ મેળવવા માટે. આવી વાત ને આ ભાવના લગભગ સહુ કોઈની હોય છે.

હવે આ જન્મે તો મોક્ષે જવાનું નથી. પાંચમા આરામાં આપણા ભરતખંડમાંથી મોક્ષે જવાનું છે જ નહીં. એટલે મોક્ષની વાતમાં મુદત જ પડવાની છે. તો શું આ જીવનમાં – અત્યારે મોક્ષનો અનુભવ ના લઈ શકાય? આજે દીક્ષા લઈએ કે ધર્મ કરીએ તેનો કોઈ મતલબ જ નથી?

આનો જવાબ એ છે કે જો આપણે ધારીએ તો અહીંયા પણ મોક્ષની અનુભૂતિ કરી જ શકીએ. પણ એ માટે તમન્ના જોઈએ, કોરી વાતો નહીં. મોક્ષ-મોક્ષની વાતો કરીએ, પણ અંદરથી તેની તીવ્ર ઝંખના અને તે માટેની મથામણ ન હોય તો તે વાતો જાતને ને જગતને છેતરવાનો ધંધો જ છે.

મોક્ષના અર્થી આત્માએ પહેલાં તો 'સ્વાર્થ'ની દાનત છોડવાની છે. મોક્ષ એટલે મુક્તિ. મોક્ષ એટલે છુટકારો. મનમાં જામી પડેલી વાસના, પુદ્ગલ માટેની આસક્તિ કે તલપ – તે છૂટવી જોઈએ. મારું-તારું ન રહેવું જોઈએ. મનમાં વિષય ને કષાયો ભર્યા છે તે ખાલી થવા જોઈએ. મમત્વદશા ટળવી જોઈએ. ગમે ને ન ગમે, ભાવે ન ભાવે, ફાવે ન ફાવે, આ બધી પંચાત છૂટી જવી જોઈએ. દેવ-ગુરુના શરણમાં મનની તમામ વૃત્તિઓને સોંપી દેવી જોઈએ. પોતાની ઇચ્છા જેવું કશું બચવું ન જોઈએ. આમ, આ બધું ધીમે ધીમે જેમ-જેમ છોડતાં જઈએ, ટાળતાં જઈએ, તેમ તેમ મન હળવું થતું જાય, મનમાં બોજો ઓછો થયાનો આનંદ વધતો જાય અને એ આનંદ જ આગળ જતાં મોક્ષનો અનુભવ બની જાય. તો મનની બધી જ ખોટી-ખરાબ-નબળી વાતોને છોડવાની મહેનત કરીએ તે મોક્ષમાર્ગની આરાધના ગણાય. તે કરવાથી જ લીધેલી દીક્ષા લેખે લાગે.



## દીક્ષા એટલે જાતજાતની એષણાઓથી છૂટવાની નિશાળ.

મનને અનેક એષણાઓ પજવતી રહે છે. એષણા એટલે લાલસા. એને લોલુપતા કહી શકાય, ઇચ્છા તરીકે ઓળખી શકાય, આસક્તિ કે વાસનાનુંય નામ આપી શકાય.

દીક્ષા તો લઈ લેવાય, ઘણી વાર શિષ્ય મટીને ગુરુ પણ થઈ જવાય, પણ એષણાઓ છૂટે નહીં. એ તો પર્યાય વધે તેમ વધતી જ જાય, આવડત વધે તેમ તે વધ્યે જ જાય. ભક્તો વધારવાની એષણા. એ બધા મારું કહેલું જ કરે ને મને જ માને તેવી એષણા. માન-પાન ને વાહવાહ મળે તેની એષણા. બીજા કરતાં હું કે અમે ઊંચા ગણાઈએ ને બીજા બધા અમારા કરતાં નીચા ગણાય તેવી એષણા. આ ઉત્સવ, અમુક કાર્યક્રમ, પેલી પ્રતિષ્ઠા, ફલાણો પ્રસંગ—અમારા હાથે જ થાય—બીજાના હાથે ન થવો જોઈએ, તેવી એષણા. મારો પરિવાર ખૂબ વધે તો હું બીજા કરતાં શ્રેષ્ઠ ને સારો ગણાઉં તેવી એષણા. લોકો મારા ચારિત્રના વખાણ કરે, બીજાઓ કરતાં મને ઊંચા ચારિત્રવાળો ગણે તે એષણા.

બાપ રે... આવી આવી તો અગણિત એષણાઓ આપણને કનડે છે. માણસના ચારિત્રની ઊંચાઈનું માપ તેના બહાર દેખાતા સ્થૂળ આચરણ પરથી જ નક્કી કરવાની આપણી આદત છે. પણ જો ભીતર ભડભડતી આ બધી એષણાઓને નજર સામે રાખીને માપ કાઢવામાં આવે તો આપણને એક ટકો પણ માર્ક મળે નહીં, તે વાતનું આપણને ભાન નથી, એ કેટલી વિચિત્રતા છે!

પોતાને પીડતી એષણાઓનું ભાન હોય અને એ એષણાઓથી છૂટવા માટે જ દીક્ષા લેવાની છે કે લીધી છે એટલી સ્પષ્ટ સમજણ હોય તો, દીક્ષા લીધા પછી, સંસારી હોઈએ ત્યારે પણ ન હોય તેવી એષણાઓ જે જાગવા માંડે છે અને તેને પૂરી કરવા માટે જે પ્રપંચો મન રચતું રહે છે તે બધાંથી બચી શકાય. આપણે એષણાઓને તોડવા માટે દીક્ષા લઈએ છીએ, તેને વધારવા માટે નહીં, આ તાલીમ કે કેળવણી મળે તો જ દીક્ષા સાર્થક ઠરશે.



## દીક્ષા એટલે સંયમની સુવાસ પ્રસરાવતો બગીચો.

ફૂલ ક્યારેય પોતાની સુવાસની જાહેરાત કરતું નથી.

ફૂલ કદીય પોતાની સુવાસ વેચતું નથી.

ફૂલ તો બસ સુગંધ વહેંચે છે. કોઈ તે ગ્રહણ કરે, કોઈ ન કરે, તોપણ ફૂલને કોઈ જ રાગ-દ્વેષ હોતા કે થતા નથી. ફૂલનું હોવું એટલે જ સુગંધનું હોવું.

એ જ રીતે ચારિત્ર કદીય પોતાની ઉચ્ચતા કે શ્રેષ્ઠતાની જાહેરાત કરતું નથી, કે ક્યારેય તેને વેચવા નીકળતું નથી.

ચારિત્રનો તો અર્થ જ પવિત્રતા છે. ચારિત્ર ઉચ્ચ જ હોય, શ્રેષ્ઠ જ હોય. ચારિત્રને હલકું કે મેલું તો આપણું મન અને આપણું આચરણ બનાવતું હોય છે. મારા મનની મલિન વૃત્તિઓ મારા ચારિત્રને ગંદું કરે. મારા મનની પવિત્ર ભાવના મારા ચારિત્રને ઊજળું બનાવે.

'હું જ સારો, બીજા નબળા, મારા-અમારા જેવું બીજા નથી પાળતા' આવો ફાંકો તે ઘમંડ છે, અહંકાર છે, તે મનને મેલું બનાવનારો કષાય છે, અને તેને લીધે તેનું સુગંધી લાગતું ચારિત્ર પણ દુર્ગંધી બની જતું હોય છે.

આપણા દિલમાં જ્યારે આવા અભિમાનવાળા ગંદા ખ્યાલો આવે ત્યારે એક જ વાત વિચારવાની કે ૫૦૦ કે હજાર કે હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા મહાસંયમવંત પૂજ્યપુરુષોના આચરણ અને ચારિત્રની સામે અમે તો સાવ શૂન્ય-ઝીરો જ છીએ! ક્યાં એમનો પરમ ઉચ્ચ સંયમ ને ક્યાં અમારો કષાયથી કલુષિત સંયમ! છતાં અમે અમારી જાતને મહાસંયમી ગણીને જીવીએ એ અમારી તુચ્છતા જ છે, હલકી વૃત્તિ જ છે. હજી તો અમારે ચોથા આરાના ચારિત્ર સુધી પહોંચવાનું છે, ને આ જનમમાં તો ત્યાં સુધી પહોંચવાના કોઈ ચાન્સ દેખાતા નથી. કેમ કે દેખાવ સારા રાખવા છતાં વાસ તો કરેણના ફૂલની જ રહી છે, હજી ગુલાબની સુવાસ પામ્યા નથી!

સંયમ લેવાનું છે – ગુલાબ જેવા સુવાસિત બનવા માટે.



## દીક્ષા એટલે બાળસહજ મુગ્ધતાનો આનંદ અનુભવવાની વેળા.

બાળક હમેશાં મુગ્ધ હોય છે. એનું વિસ્મય, એનું કુતૂહલ એને મુગ્ધ બનાવે. એ મુગ્ધતા એને રમતિયાળ બનાવે. પરંતુ રમતિયાળ હોવાના એ ગાળામાં એની તમામ સારસંભાળ અને કાળજી એની માતા લેતી હોય છે. માતા કાળજી લેતી હોય એટલે બાળક નિશ્ચિંત, નિર્ભાર. એને કશો જ બોજ વહોરવાનો કે વહેવાનો ન હોય.

દીક્ષા લે તેનામાં પણ આવી જ મુગ્ધતા અપેક્ષિત હોય છે. બાળક જેવો મુગ્ધ બની રહે તેને જ સહજ આનંદ અને વિસ્મય મળે, અને તેની જ જવાબદારી ગુરુ સ્વીકારે. અને ગુરુ જેની જવાબદારી સ્વીકારી લે, તે તો કેવો નચિંત હોય! કેટલો નિર્ભાર—બોજવિહીન બની શકે!

અર્જુનનો ભાર શ્રીકૃષ્ણે ઉપાડી લીધો હતો. કેમ કે અર્જુન સેવક બનીને તેમની પાસે ગયો હતો: હકદાર, ભાગીદાર કે માગણ તરીકે નહીં, તો કૃષ્ણે તેની સઘળી જવાબદારી સંભાળી ને છેવટે જીત અપાવી.

ગૌતમસ્વામીની બધી જવાબદારી વીર પ્રભુએ સંભાળી હતી. ગૌતમ, પ્રભુ પાસે બાલભાવે ગયા હતા, અને વાદમાં હાર્યા તે ક્ષણે તેમણે પ્રભુને પ્રતિસ્પર્ધી તરીકે નથી લેખ્યા, પણ પોતાના ગુરુ અથવા સ્વામી તરીકે જ સ્વીકારી લીધા છે. એટલે પ્રભુ તેમના સમર્પણનું સ્થાન બની રહ્યા હતા. એમના એ મુગ્ધ સમર્પણને પરિણામે પ્રભુએ પોતાનો અંત આવ્યો ત્યાં સુધી તેમની કાળજી લીધી.

તમે બાલભાવે અને શિષ્યભાવે ગુરુના ચરણોમાં માથું મૂકી દેશો, તમારી સઘળીય જવાબદારી ગુરુ વહેશે જ, અને બધી કાળજી એ લીધા વિના નહિ રહે. એ કાળજીમાં માર્ગદર્શન આવશે, ભૂલો કરીએ ત્યારે તે સુધારવાની પ્રેમ ભરી સૂચના પણ આવશે, કદીક તમારી ભૂલો બદલ ક્ષમા પણ આવશે તો કદીક ઠપકો અને પ્રાયશ્ચિત્ત પણ આવશે, ક્યારેક બચાવ પણ થશે તો ક્યારેક જાહેરમાં ફિટકાર પણ મળશે; આ બધું જ તેમના દ્વારા લેવાતી કાળજીના જ પ્રકારરૂપ હશે, એ ભૂલવાનું નથી.

સંયમ એ તો મુગ્ધતા અને વિસ્મયની શ્રેષ્ઠ જીવાદોરી છે. સંયમ લીધા પછી આ બે વાનાં મૂરઝાય કે ક્ષીણ થાય તો સંયમ જામે નહીં જ.



## દીક્ષા એટલે જાતની જવાબદારીમાંથી મુક્તિ.

સંસારમાં હોઈએ ત્યાં સુધી પોતાની જાત માટેના તમામ નિર્ણયો જાતે જ લઈએ અને તે માટેની બધી જવાબદારી પણ પોતાની જ રાખીએ – રાખવી પડે.

ચારિત્ર લીધા પછી આ સ્થિતિ બદલાઈ જાય. હવે આપણા માટેના તમામ નિર્ણય ગુરુ લેશે અને આપણી સઘળી જવાબદારી પણ તેમની જ રહેશે. બધો ભાર ગુરુ ઉપર, આપણે તો ફક્ત તે કહે તેમ કરવાનું – કર્યા કરવાનું, બાકી હળવા ફૂલ!

આમાં ગુરુની જવાબદારી બહુ વધી જાય છે. શિષ્યનું અર્થાત્ આપણું કલ્યાણ કરવાની, કલ્યાણ જ થાય તે જોવાની, અકલ્યાણ ન થાય તેની જવાબદારી તેમના શિરે રહે છે. એમાં ચૂક થાય તો શિષ્યના – આશ્રિતના અહિતનો ભાર તેમના માથે જાય.

આપણે ભણીએ નહીં, જ્ઞાન-સ્વાધ્યાય-ક્રિયા વગેરે કરણી ઉચિત કરીએ નહીં, તો આપણે સમાજના દેવાદાર થઈએ ને ભવાંતરમાં દુર્ગતિ થાય તેમ ગુરુમુખે સાંભળ્યું છે. પરંતુ તે જ રીતે, શિષ્યને – આશ્રિતને ભણાવે નહીં, ભણવા દે નહીં, ભણી ન શકે તેવી ગોઠવણ કરે, અંતરાય-અડચણો કરી દે, એને ક્રિયા ને સ્વાધ્યાય તરફની રુચિ ન રહે તેવા પ્રકારો રચે, પરિગ્રહનાં પોટલાં પકડાવે, વૈતરાં જ કરાવે મુકામમાં, એના યોગ-ક્ષેમ પ્રત્યે લક્ષ્ય ન આપે ને એનો વાંક જ કાઢ્યા કરે ને એને હતોત્સાહ કરે, એને સંયમ લીધાનો પસ્તાવો થાય તેમ વર્તે – આવું આવું કરે-કરાવે-ચલાવે, તેવા ગુરુની પણ અવશ્ય દુર્ગતિ થાય છે.

ગુરુના ભરોસે જેણે જીવન ન્યોચ્છાવર કરી દીધું હોય તેનું હિત ન વિચારવું, તેનું અહિત થાય તેમ જ વર્તન રાખવું એ તો એ જીવ/જીવો પ્રત્યેનો અપરાધ જ છે, એ નિઃશંક છે. એટલે ગુરુ તરીકેની જવાબદારી સ્વીકારવામાં ઉતાવળ કરવી યોગ્ય નથી, એટલું સમજી લેવા જેવું છે.

પરંતુ શિષ્ય તો ગુરુને સમર્પિત થાય, તે કહે તેમ કરે, તેથી પોતાનું હિત પામી જ જાય છે. કેમ કે તેના હિતની જવાબદારી હવે તેની તો છે નહીં, ગુરુની છે.



## દીક્ષા એટલે હૃદયને હળવું બનાવવાની કળા.

સંસાર આપણને ભારે ભારે—વજનદાર બનવાનું શિખવાડે છે, સંયમ હળવા બનવાનું. સંસારની પળોજણમાં જેમ ઊંડા ઊતરતાં જઈએ તેમ ભાર વધતો જાય. દિમાગ પર તાણ અનુભવાવા માંડે એટલે સમજવાનું કે ભાર વધી ગયો છે, વધી રહ્યો છે. ભાર ઘટે તો જ તાણ ઓછી થાય. સંયમ એટલે તાણ-મુક્ત જિંદગી અને ભાર-મુક્ત હૃદય.

દીક્ષા લીધા પછી નથી કમાવાની ચિંતા, અને તેથી નથી ગુમાવવાની પીડા. નથી સાચવવાની જફા કે નથી સહી-દસ્તાવેજ-પેપરવર્કની ઝંઝટ. નહીં કોઈને આપવાનું કે નહીં કોઈ પાસે વસૂલ લેવાનું. નહીં ભેગું કરવાનું કે નહીં કોઈ લઈ જશે તેનું ટેન્શન.

છતાં પણ જો સંયમમાં 'ભાર' અનુભવાતો હોય તો તે 'મારા-તારા'નો જ હશે. તે 'હું અને મારું' થકી જ હોવાનો. હા, ઘણાબધા દીક્ષા લેનારા લોકો પોતાની જાતને ઉત્કૃષ્ટ, ઊંચા, સાચા ને શુદ્ધ સાધુ સમજે છે; અને બીજા સહુને હીન, નીચા, અશુદ્ધ માનીને વર્તતા હોય છે. આ સ્થિતિ 'અહંકાર'ની છે. મિથ્યાભિમાન સિવાય આવી મનઃસ્થિતિ સંભવે નહીં. મિથ્યાભિમાનમાં આવતો 'મિથ્યા' શબ્દ 'મિથ્યાત્વદશા'નો સંકેત આપી દે છે. સંયમી પોતાની વડાઈ કરતો ન હોય. સંયમી અન્યને ઉતારી તો ન પાડે, પરંતુ બીજાને હીણા ચીતરવાનો પ્રયાસ પણ ન આદરે, ન કરે. તેની દૃષ્ટિએ તો સંયમીમાત્ર ઉચ્ચ હોય, પવિત્ર હોય, વંદનીય હોય.

ગિરિરાજની જાત્રા કરવા નીકળેલા, પહાડના હજારો કે સેંકડો પગથિયાં પૈકી જુદી જુદી જગ્યાએ ચાલતા-ચડતા લોકો જેમ 'યાત્રા કરતા' જ ગણાય છે, તેમ સંયમની ભિન્ન ભિન્ન ભૂમિકાએ વર્તતા લોકો પણ સરવાળે સંયમવંત જ ગણાય. તેને હલકા ને અશુદ્ધ ગણવાની મનોદશા તો આત્માને મિથ્યાદૃષ્ટિ ભણી ધકેલી મૂકે છે. નબળા આચરણવાળાનો ઉગારો છે, પણ આવા નબળા ચિત્તવાળાનો ઉદ્ધાર નથી. એટલે 'હું કે અમે જ ઊંચા—શ્રેષ્ઠ' એવો ભાર વેઠવા જેવો નથી.

સંયમ લીધા પછી ભાર ઓછો
થાય, હૈયું હળવું ફૂલ બને.



## દીક્ષા એટલે પાપ-ક્રિયાથી વિરામ અને ધર્મ-ક્રિયાનાં મંડાણ.

જે કરવાથી બીજા જીવની વિરાધના થાય તેનું નામ પાપ-ક્રિયા. અન્યને ત્રાસ કે ઈજા પહોંચાડવાં કે અન્યની હિંસા થાય તેમ વર્તવું તે જ પાપ. પાપ પ્રમાદ વગર સંભવે નહીં. એટલે પ્રમાદપૂર્વક થતી કોઈ પણ ક્રિયા તે પાપક્રિયા. પ્રમાદ સાથે થતી ધર્મક્રિયા પણ, તેમાં ઘણી વાર પ્રત્યક્ષ હિંસા થતી ન જણાય તોપણ, પાપ-ક્રિયા બની જાય. આવી સાવદ્ય કરણીથી અટકવું તે દીક્ષા.

દીક્ષા લઈએ એટલે પ્રમાદથી બચવાનું બહુ અગત્યનું છે. પ્રમાદ એટલે બેધ્યાનપણું. પ્રમાદ એટલે ઉપયોગશૂન્યતા. પ્રમાદ એટલે બેદરકારી અને બેપરવાહી. પ્રમાદ એટલે મંદ પરિણતિ. પરિણતિ નબળી હોય તો જ ક્રિયા પ્રમાદવાળી થાય.

આપણે ત્યાં ક્રિયા કરતાં વાતોનો નિષેધ છે. ભણવાનો અને સ્વાધ્યાયનો પણ નિષેધ છે. જ્યાં ત્યાં ફાંફાં મારવાનો તથા બીજાની વાત સાંભળવાનો નિષેધ છે. આપણે એવા તો મનોદુર્બળ—નબળા છીએ કે આ બધા નિષેધો આપણને ફાવતા નથી, આપણે એને ગાંઠતા નથી, અને પ્રેમપૂર્વક તથા હોંશભેર પ્રમાદ આચરીએ છીએ. પ્રમાદ એટલે હિંસા, પાપ—એ તથ્ય પણ આપણા ગળે ઊતરતું નથી, તો બીજી આજ્ઞા તો ક્યાંથી ફાવશે?

પડિલેહણની ક્રિયા લગભગ ઉપેક્ષાત્મક રીતે થતી હોય છે. અંધારે કરાય—કાં ડાફાં મારતાં ને ઊડઝૂડ થાય. એમાં જયણા તો ન રહે, મનની એકાગ્રતા પણ ન રહે. એવું પડિલેહણ તે કપડાંની ઊથલપાથલ જ ગણાય, ક્રિયા નહીં જ. પરંતુ એ તરફ ભાગ્યે જ આપણું લક્ષ્ય જતું હોય છે. આપણે આપણા પ્રમાદ પર મુસ્તાક હોઈએ છીએ.

યાત્રા અંધારામાં, વિહાર અંધારામાં, અને પડિલેહણ પણ અંધારામાં. બધું જ ચાલે છે. ક્યારેક ટેવવશ, તો ક્યારેક સંયોગવશ. પરંતુ અનિવાર્યપણે કરવી પડે ત્યારે પણ 'આ પ્રમાદ છે, અયતના છે, પાપ છે'—એટલો ખટકો તો રહેવો જોઈએ. એટલું ભાન તો હોવું જ જોઈએ. તો જ ક્યારેક તેમાંથી છૂટી શકાશે. નહીં તો કદીય નહીં છૂટાય.

આપણે નિરવદ્યતા તરફ પગલાં માંડવાનાં છે. તે શીખવા માટે જ પડિલેહણાદિ ક્રિયા કરવાની છે, આટલું સમજીને ચાલીએ તો દીક્ષાનો આનંદ અનેરો આવે.



## દીક્ષા એટલે જીવનનું લક્ષ્ય આંકવાની મથામણ.

દીક્ષા લેનારના મનમાં એક પ્રશ્ન ઊગવો જોઈએ: મારે દીક્ષા શા માટે લેવી છે? મારું લક્ષ્ય શું હોય અને હોવું જોઈએ– દીક્ષા પાછળ? આ સવાલનો વાજબી ને પ્રામાણિક જવાબ શોધવો એ પ્રત્યેક દીક્ષાર્થી માટે ફરજિયાત હોવું જોઈએ.

સામાન્ય રીતે દીક્ષાની ભાવના કરાવવા માટે અને તે પછી દીક્ષાર્થી થનારને ઘણી વાર અને ઘણે ઠેકાણે, ત્રણ વાતો શિખવાડવામાં આવતી હોય છે:

૧. સંસાર અને સુખ ભયંકર છે, ભૂંડાં છે; તમે પાપ સિવાય કાંઈ જ કરતા નથી; તમારી દુર્ગતિ નક્કી છે. બધાંથી બચવું હોય તો સંસારત્યાગ અને દીક્ષા સિવાય કોઈ જ ઉપાય નથી.

૨. ગુરુ સર્વોપરી છે, સર્વસ્વ છે, તેમના શરણમાં જ શ્રેય છે. તેમની આજ્ઞા, વિનય અને સેવા જ ભવજલતારક ઇલાજ છે.

૩. આ કાળમાં સાચું સમક્તિ અને શુદ્ધ સંયમ વિરલ છે, દુર્લભ છે. બીજે ક્યાંય એ છે જ નહીં, હોઈ શકે નહીં; અમારે ત્યાં – અમારી પાસે જ એ સંભવે છે. બીજે જશો તો ભવ બરબાદ જશે. ભવ સુધારવો હોય અને શુદ્ધ ચારિત્રનો ખપ હોય તો અહીં જ આવો.

આ ત્રણે વાતો શીખી કે સ્વીકારી લીધા પછી પણ, મુમુક્ષુને પૂછો કે દીક્ષા લેવા પાછળનું તારું લક્ષ્ય શું?–તો તેનો ગળે ઊતરે તેવો જવાબ, પૂર્વગ્રહ-કદાગ્રહ-આગ્રહરહિત જવાબ તેની પાસે નહીં જ મળે.

સંસાર અને સુખને ગાળો ભાંડવાથી સંયમનું 'સુખ' મળી જાય એ તો મૃગજળ છે. ગુરુને વગર વિચાર્યે પરવશ બનીને સ્વીકારવા, વિચારના દરવાજા જ બંધ કરીને ચાલવું તે પણ મૂઢતા ગણાય. અને 'શુદ્ધ'–'સત્ય'ની ભ્રામક વાતોમાં ભરમાઈને અમુક સિવાયના બધાને 'અશુદ્ધ-અસત્ય-અસંયત' માનવા તે તો ઘોર મિથ્યાત્વનો જ માર્ગ છે. અને એવા માર્ગને અપનાવે તેને દીક્ષા લેવાનું સમજાયું હોય, સ્પષ્ટ થયું હોય, તે કેવળ અશક્ય બાબત ગણાય. દીક્ષા તો સર્વનો સમાવેશ કરનારી, સહુનો સ્વીકાર કરાવનારી, સહુના ગુણ દેખાડનારી ને ગુણરાગી બનવા પ્રેરનારી ઘટના છે. તેને સ્વીકારનારો મનુષ્ય, પોતાના સિવાયના બીજા બધાંને અશુદ્ધ તથા અસાધુ ગણવાનું શીખે તો તે લક્ષ્યવિહોણી દીક્ષાનો જ ઘરાક થશે, તો તેનો ભવ સુધરશે કેવી રીતે?



## દીક્ષા એટલે જીવનનો લક્ષ્યાંક આંબવાની ચેષ્ટા.

દીક્ષાર્થીએ બે જાતનાં લક્ષ્ય નક્કી કરવાં જોઈએ: જીવનનું લક્ષ્ય અને દીક્ષાનું લક્ષ્ય. ઘણીવાર એવું બને છે કે જીવનનું કોઈ લક્ષ્ય જ હોતું નથી, અને અચાનક દીક્ષા લેવાઈ જતી હોય છે. જીવનનું લક્ષ્ય જાણે કે દીક્ષા જ!

સારું, પણ તો દીક્ષાનું લક્ષ્ય શું?—આવું પૂછવામાં આવે ત્યારે મોટાભાગે એક જ જવાબ મળે: મોક્ષ. તમે દીક્ષા શા માટે લો છો? શા માટે લીધી? તો કહેશે મોક્ષ મેળવવા માટે.

એને મોક્ષ એટલે શું એની ભાગ્યે જ સમજ હોય. મોક્ષ માટેની પૂર્વભૂમિકા શું? મોક્ષ મેળવવા માટે શું શું કરવું જોઈએ? એની એને લગભગ ખબર ન હોય. દીક્ષા લીધી એટલે મોક્ષ પાકો! આવી સંજ્ઞાથી ચાલતા હોય. પણ દીક્ષા લીધા પછી સંસારની વૃત્તિઓ છોડવાની; ચિત્તને સ્થિર અને શુદ્ધ બનાવવાનું; પોતાની માન્યતાઓ અને આગ્રહો મૂકી દેવાના; સ્વભાવમાં ધરમૂળનું પરિવર્તન આણવાનું; ઇચ્છા-એષણાઓને તિલાંજલિ આપવાની; વિવિધ દોષોને ટાળવાના તથા ગુણો કેળવવાના; પરિણતિને શુદ્ધ બનાવવાની અને પ્રવૃત્તિને આત્મલક્ષી બનાવવાની; આ બધા માટે સતત સજાગપણે પુરુષાર્થ કરવાનો અને દેવ-ગુરુને વફાદાર બનીને જીવવાનું; આવું બધું કરીએ અને વર્ષો સુધી એકધારી રીતે કરીએ; તે કરવામાં ગમે તેટલાં તોફાનો ને વિઘ્નો આવે તોપણ વિચલિત થયા વિના કરીએ, ત્યારે આત્માનો કર્મભાર હળવો બને, લેશ્યા સુધરે, જીવ હળુકર્મી બને, સરળ અને સમજુ બને, અને ત્યારે મોક્ષાભિમુખ બનાય – આ વાત એને સમજાતી નથી, અને તેના યોગ્ય સ્વરૂપમાં કોઈ સમજાવતું પણ નથી. 'મોક્ષ' 'મોક્ષ'ના પોપટપાઠ અને સૂત્ર કે શબ્દના ઉચ્ચારો રટતાં રહેવાથી 'આપણે મોક્ષલક્ષી છીએ' તથા 'અમને મોક્ષ હાથવેંતમાં છે' એવો ભ્રમ ઊભો કરી શકાય છે, પરંતુ મોક્ષ કાંઈ એ રીતે મળી જતો નથી.

દીક્ષા લીધાથી જ મોક્ષ મળતો હોત તો ભગવાનના ફક્ત ૭૦૦ શિષ્યો જ મોક્ષે ગયા, ૧૪ હજાર નહીં, તેવું ન બન્યું હોત. મોક્ષ જો દીક્ષાનો લક્ષ્યાંક હોય તો તેને આંબવા માટે તે પ્રકારનું જીવન પણ બનાવવું જ જોઈએ. તો જ લક્ષ્ય બંધાય અને ભવાંતરમાં સિદ્ધ થાય.



## દીક્ષા એટલે અસ્તિત્વ-પ્રાપ્તિનો અવસર.

સંસારની કોઈ પણ ભૌતિક પરિસ્થિતિ એ 'કર્મજન્ય વ્યક્તિત્વ' રૂપ હોય છે. સારા પરિવારમાં જન્મ મળે, સારું રૂપ મળે, ધન-સંપત્તિ અને વૈભવ-વિલાસ મળે, માન-પ્રતિષ્ઠા-ઇજ્જત મળે, મોટી ડિગ્રીઓ, પદવી ને બિરૂદો મળે, સત્તા-અધિકાર મળે, આ બધું જ કર્મના પ્રભાવે થાય છે તેથી તે આપણું કર્મજન્ય વ્યક્તિત્વ કહેવાય.

દીક્ષા એટલે આ કર્મજન્ય વ્યક્તિત્વનો તથા તેના લીધે ચિત્તમાં પેદા થયેલા કે વ્યાપેલા અહંભાવનો ત્યાગ કરીને પોતાના સ્વાભાવિક અસ્તિત્વને પ્રગટ કરવાનો ઉદ્યમ. ઘણા ઘણા પાસે ઉપર વર્ણવી તેવી ઉત્તમ ભૌતિક સ્થિતિ હોય છે. એ હોવાનો એમને ગર્વ પણ હોય અને તે સ્વાભાવિક પણ ગણાય, સંસારી જીવન માટે. પરંતુ દીક્ષા પામ્યા પછી પણ જ્યારે તે પરિસ્થિતિ તેમના દિલ-દિમાગમાંથી મટે કે હટે નહીં, ત્યારે મોટી પંચાત ઊભી થાય છે.

દીક્ષામાં પૂર્વના બાહ્ય-આભ્યંતર બધા જ સંજોગોને ત્યજી દેવા પડે. રાજા હોય તે પણ દીક્ષા પછી તો નવદીક્ષિત અને છેલ્લા ક્રમનો એક સાધુ જ બની રહે. તેણે પોતાના વડીલ સાધુજનોની આજ્ઞા પ્રમાણે જ વર્તવું રહે. હવે કોઈ એમ વિચારે કે હું તો આવો હતો, તેવો હતો; હું આવો ધનવાન કે રૂપાળો કે સત્તાધીશ કે ખાનદાન-આબરૂદાર હતો. અહીં પણ મને તેવું જ સ્થાન-માન મળવું જોઈએ. ન મળે તે ન ચાલે.

આ રીતે જે વ્યક્તિત્વને છોડીને—છોડવા માટે દીક્ષા લેવાની છે તે વ્યક્તિત્વનો વળગાડ તેનો પીછો ન છોડે, અને અહંભાવ યથાવત્ રાખે ને સરવાળે ક્લેશ ને દુર્ધ્યાન જ વધે, ત્યારે વિચારવાનું કે દીક્ષા લેખે લાગી ખરી?

દીક્ષા પછીયે પોતાની પૂર્વ-પ્રસિદ્ધિની, પૂર્વ-નામની, પૂર્વના ધન-વૈભવની વાસના ચિત્તમાં લઈને ફરે; એ ધન-સંપત્તિ પર પોતાનો પરોક્ષ અધિકાર રાખીને તેનો ધર્મના બહાને કે નામે યથેચ્છ ઉપયોગ-ઉપભોગ કરે, એવા પણ જીવો જડે. ત્યારે એટલું જ સમજવું પડે કે કર્મજન્ય વ્યક્તિત્વ છોડવું જરાય સરળ નથી; અને દીક્ષાને અસ્તિત્વ-પ્રાપ્તિના અવસરમાં બદલવી અત્યંત અઘરું હોય છે.

## દીક્ષા એટલે સ્વભાવ-પરિવર્તનની પ્રક્રિયા.

માણસના સ્વભાવ જાતજાતના હોય છે. રિસાળ, જિદ્દી, ક્રોધી, લાગણીશીલ, ઘેલો, લપિયો, પ્રેમાળ, દયાલુ, ચિંતાતુર, બળતરિયો, લોભી, લીધેલું છોડે નહીં તેવો, જૂઠો, કપટી, ઈર્ષ્યાળુ, લુચ્ચો – આમ અનેક પ્રકારનો સ્વભાવ પ્રત્યેક વ્યક્તિનો હોય છે. આ તમામ પ્રકારના સ્વભાવોને છોડવાની અને બદલવાની તૈયારીનું નામ છે દીક્ષા.

આ પ્રકારોમાંના થોડાક અથવા ઘણા પ્રકારો આપણામાં સ્વભાવગત હોય જ. કોઈ ના પાડે તો તેનો અર્થ એ કે તેને પોતાના સ્વભાવ વિશે પરખ નથી, કાં સમજ નથી. વળી, પોતાના સ્વભાવની નબળી વાતનો સ્વીકાર ભાગ્યે જ કોઈ કરે છે. બધા પોતાની ઊજળી વાત ને સારી બાજુની વાત જ કરે. આવા હલકા કે નબળા સ્વભાવને ઓળખીને તેને બદલવાની વૃત્તિ કેળવાય ત્યારે દીક્ષા પાળવાની ખરી મજા પડે છે.

સ્વભાવ એ સતત બદલવા લાયક બાબત છે. સ્વભાવના મૂળમાં પૂર્વના સંસ્કારો હોય છે, જન્મજાત આદતો હોય છે અને માણસનું ઘડતર કેવું, કેવી રીતે, કેવા લોકો વડે, અને કેવા વાતાવરણમાં થયું છે તે બધું હોય છે. આ બધું એટલું તો ઊંડું, દૃઢ અને પાકું હોય છે કે તે થોડાક તપ-ત્યાગથી કે થોડીક હિતશિક્ષાથી કે થોડું ઘણું ભણી લીધાથી કે થોડાંક વર્ષ સંયમ પાળવાથી બદલાઈ નથી જતું. એ બદલવા માટે તો સતત જાગૃતિ જોઈએ, અને સભાનપણે પુરુષાર્થ થવો જોઈએ. સ્વભાવને સુધારવાની બળકટ ઇચ્છા તે જ પુરુષાર્થ.

સંયમ લેનારો આત્મા નિરંતર આવા પુરુષાર્થમાં લાગી પડતો હોય. કેમ કે તેને પોતાનો ભવ સુધારવો છે, જીવન સાર્થક ઠરાવવું છે. હા, જેને દીક્ષા લઈને માન, મહત્ત્વ, મિથ્યાભિમાન જેવી વૃત્તિઓને જ પોષવી હોય અને ધર્મનો તે માટે જ ઉપયોગ કરી લેવો હોય તેની વાત જુદી છે. જેને ખરેખર આત્મહિત સાધવા માટે જ દીક્ષા લીધી છે કે લેવી છે, તે તો આ બધી નબળી બાબતોથી ડરતો હોય અને તેનાથી બચવાની સખત મથામણ કરતો હોય.

સ્વભાવ આપણા જીવનમાં વણાઈ ગયેલી અને લોહી સાથે ભળી ગયેલી વસ્તુ છે. તે ન બદલીએ ત્યાં સુધી અવગુણો છૂટે નહીં. અવગુણોને તોડવા માટે તો દીક્ષા લેવાની છે. તે લીધા પછી જો અવગુણને તોડવાની જાગૃતિ ન આવે, સ્વભાવગત દોષો યથાવત્ રહે કે વધતાં જાય, તો દીક્ષા સફળ કેમ બનશે?

સંકલ્પ કરો કે મારે મારો સ્વભાવ સુધારવો જ છે.



## દીક્ષા એટલે લોહી બદલવાની પ્રક્રિયા.

આપણા લોહીમાં સંસાર જ વહેતો અને રમતો હોય છે. તેને બદલે તેમાં સંયમને વહેતો-રમતો કરવાની એક આંતરિક પ્રક્રિયા તે દીક્ષા.

એક સ્ત્રી હોય, તે પોતાના પિયરમાં જ ૨૨-૨૫ વર્ષ સુધી મોટી થઈ હોય છે. હવે જ્યારે તે સાસરે જાય ત્યારે તેણે તેનું લોહી બદલી નાખવું પડે. તેના લોહીમાં પિયર, પિયરની વાતો તથા આદતો, પિયર પક્ષના સંબંધો – આ બધું વણાયેલું હોય તે તેણે છોડી દેવાનું છે, ભૂલી જવાનું છે, અને તેને સ્થાને સાસરીની વાતો, ટેવો, સંબંધો - બધું અપનાવી લેવાનું હોય છે. તે રહે સાસરીમાં અને વાત કે પક્ષ પિયરનો જ કર્યા કરે, તો તે ક્યારેય સાસરીની ના થાય કે તેને પોતાની ન બનાવી શકે. તેના વિચારો, માન્યતાઓ અને ગમા-અણગમા બધું બદલાઈ જાય ત્યારે લોહી-બદલો થાય.

બરાબર એ જ રીતે, દીક્ષા લેનારના લોહીમાં સંસાર, તેની વાતો, ટેવો, વૃત્તિઓ, રુચિ-અરુચિ, માન્યતાઓ, આસક્તિ-તૃષ્ણા-ક્લેશ-મમત્વ-અભિમાન-ઈર્ષ્યા વગેરે વગેરે જે પણ તત્ત્વો વણાયાં હોય, તે તમામનો લોપ કરવામાં આવે, અને સંયમને અનુરૂપ વાતો, આદતો, રુચિ-અરુચિ, પરિણતિ – બધું અપનાવી લેવાય, ત્યારે જ લોહી-બદલો થયો ગણાય.

સંસાર એ પિયરપક્ષ છે. સંયમ એ સાસરી છે. સાસરીમાં–સંયમમાં પિયરપક્ષની– સંસારની વાતો ન ચાલે એ સમજણ જો સ્પષ્ટ થઈ જાય તો સંયમનો પક્ષ ભારે જામી જાય.

આ એક પ્રકારનું ડાયાલિસિસ ગણાય : લોહીના શુદ્ધીકરણની પ્રક્રિયા. કોઈક કુશળ ગુરુ જ આ પ્રક્રિયા સફળ રીતે કરી શકે છે. બાકી મહદંશે તો સંયમ લીધા પછી સંયમને લગતો એક સંસાર કે પથારો કેમ વધે તેની જ ફિરાકમાં બધા જીવતા જોવા મળે છે. પરિવાર વધારવો, પ્રવૃત્તિઓ વધારવી, બીજાઓ કરતાં પોતાને વધુ સારા-ઉત્કૃષ્ટ-ઉત્તમ-સાચા દેખાડવા માટે તનતોડ જહેમત ઉઠાવવી, અને પાછા પોતે સાવ નિર્લેપ-નિઃસ્પૃહ હોવાની છાપ ઉપસાવવી; આવો આંતરિક સંસાર અતિભવ્ય રૂપમાં જોવા મળે છે. તે જોતાં સ્પષ્ટ થાય છે કે હજી લોહી બદલાયું નથી, ફક્ત ઘર અને કપડાં જ બદલાયાં છે.

સંયમના આશક આત્માઓ સાવધાન!



## દીક્ષા એટલે ત્યાગનો અભ્યાસ.

દીક્ષા લેનારા માટે દીક્ષા પહેલાંનો કેટલોક સમય ભારે કસોટીનો હોય છે. આ સમયમાં દીક્ષાર્થીની અગ્નિ-પરીક્ષા થતી હોય છે. દીક્ષાના ભાવ સાચા અને સાચેસાચ છે કે નહીં, તેની ચકાસણી આ સમયગાળામાં બરાબર થઈ શકે છે. બહુ ઓછા આત્માઓ તેમાં ઉત્તીર્ણ થઈ શકે છે.

મુહૂર્ત નીકળી ગયું, જાહેર થયું, એટલે દીક્ષાર્થીના સ્વજનો તરફથી મોહભરેલાં આક્રમણો ચાલુ થઈ જાય. ટૂંકમાં જ તેની વાત કરીએ તો—હવે તમે દીક્ષા લેશો, સાધુપણું લીધા પછી તમારે આ નહીં ખવાય, આમ નહીં જવાય, પેલું નહીં કરાય, એટલે તે બધું અત્યારે જ અમે કરાવી દઈએ: અમારું મન તો હોય ને કે જીવનમાં એક વાર તમે આ બધાં સુખ માણી લો!—આવાં આક્રમણો આવે. એમાં આઇસક્રીમ આવે, રાત્રિભોજન આવે, હોટલ આવે, સિનેમા આવે, ઍરોપ્લેનમાં ફરવાનું આવે; ટૂંકમાં સામાન્યપણે સંસારી જીવ જે કરતાં ખચકાટ અનુભવતો હોય તે બધું જ દીક્ષાર્થીએ કરવાનું આવે.

આમાં તેના નિયમો ખંડિત થાય, તેની મર્યાદા તૂટે, તેનું મન સંસારની આવી નખરાળી બાબતો તરફ આકર્ષાય અને તેના સંયમના, વર્ષોથી કેળવેલા પરિણામો નબળા પડી જાય—આ બધાંની ચિંતા કોઈનેય ન થાય: દીક્ષાર્થી કાં તો રિબાય, કાં તેમની લાગણીઓ અને ઘેલછાનો ભોગ બને. આમાં સંયમનો સત્યાનાશ જ થાય.

ખરી રીતે તો દીક્ષાનું મુહૂર્ત નક્કી થયા પછી તે આત્માનો ત્યાગ, વૈરાગ્ય, બોધ અને ભાવ કેમ વિકસિત થાય, વૃદ્ધિ પામે, વધુ શુદ્ધ થાય, તેની કાળજી લેવાવી જોઈએ. સ્વજનોને મોહ હોય તે તો સમજાય, પરંતુ તેઓ મોહાંધ કે મોહઘેલા બનીને સંયમને પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જે તેમાં તો તેમના તે સંયમાર્થી સ્વજનનું અહિત જ થાય અને તેના આત્માને હાનિ જ થાય—તે વાત પણ તેમણે વિચારવી જ પડે. ગુરુઓ, વડીલો અને ખુદ દીક્ષાર્થીએ તેમની આવી ઘેલછાઓને નાથવી જ જોઈએ. નહીં તો આવી છૂટવાળી પ્રવૃત્તિ આવતીકાલે અનેક અનર્થો સર્જી શકે તે નક્કી છે.

'સંયમ કબ હી મિલે'નો ભાવ 'સંસાર કબ મિલે'માં ન પલટાઈ જાય તેની કાળજી અનિવાર્યપણે કરવાની છે.

4-in



## દીક્ષા એટલે સામાન્યતઃ માન-સન્માનની એષણાઓનો ત્યાગ.

દીક્ષાનું નક્કી થતાં જ દીક્ષાર્થીના બહુમાનનો, પગલાંનો અને વાયણાં જમાડવાનો કાર્યક્રમ શરૂ થઈ જતો હોય છે.

લોકોના દિલમાં દીક્ષા અર્થાત્ ચારિત્ર પ્રત્યે એક સહજ અહોભાવ હોય છે અને તેથી દીક્ષાર્થી તરફ પણ બહુમાનનો ભાવ જાગતો જ હોય છે. તેથી પ્રેરાઈને તેઓ દીક્ષાર્થીને પોતાના ઘરે પધારવાની માગણી કે વિનંતી કે આગ્રહ કરતાં હોય છે. દીક્ષાર્થીનાં પગલાં પોતાને ત્યાં પડે તો ઘર પાવન થાય તેવો ભાવ મનમાં હોય છે.

દીક્ષાર્થી ઘેર પધારે એટલે તેને જમાડવાનો પણ આગ્રહ હોય જ. વળી બધાં તેને પ્રણામ કરે, પગે લાગે, પગલાં પડાવે, જમાડે, રૂપિયા અને ભેટ આપે, સન્માન કરે.

સાથે સાથે સંઘો, સમાજ, સંસ્થાઓ, મંડળો, પાઠશાળાઓ વગેરે તરફથી માનપત્રો પણ અપાય અને મેળાવડા-સમારંભો પણ થાય, અને તેમાં તેના ગુણગાન તેની સામે જ ગવાય.

આ બધાંને કારણે દીક્ષાર્થીના મનમાં એક જાતનું આત્મગૌરવ પેદા થતું જાય. તેનો અહંકાર વધવા માંડે. 'હું કાંઈક વિશિષ્ટ છું, અને બધાં કરતાં હું કાંઈક ઊંચું – જુદું કામ કરું છું.' એવો ગર્વ તેના મનમાં જાગે. બીજા બધાં તેને તુચ્છ ભાસવા માંડે.

પછી બધાંને શિખામણ અને સલાહ આપવાનો જાણે તેને અધિકાર મળી જાય! તે વટથી, ઘણીવાર તુમાખીથી, બીજાને ટોકવા લાગે કે ઉતારી પણ પાડતો થાય. લોકો આદરપૂર્વક તેની આ હરકતો ચલાવી પણ લે.

પરંતુ આ બધાંને પરિણામે તેના સ્વભાવમાં એક જાતનો ઘમંડ ભરાય છે, તોછડાઈ વ્યાપે છે; બીજાઓ સાથેના વ્યવહારમાં અવિનય તથા ઉદ્ધતાઈ આવે છે; તેને કોઈ ટોકે કે શીખ આપે તો તેને અણગમો થાય છે. દીક્ષા પહેલાં થોડો વખત માટે મળેલાં માન-પાન તેના જીવનમાં ઝેરની ગરજ સારે છે, જે તેના જીવનને ખારું ખારું કરી મૂકે છે. તે ભૂલી જાય છે કે મળેલાં માન-પાન મને નહીં, પણ સાધુપદને મળ્યાં છે, ત્યાગમાર્ગને મળ્યાં છે.

સ્વજનો દ્વારા થનારાં બાહ્ય આક્રમણોને તો હજીયે ખાળી શકાય છે, પરંતુ આવા આંતરિક અને અનુકૂળ આક્રમણથી બચી નથી શકાતું.

આવા આત્માની હાલત, દીક્ષા લીધા પછી જ્યારે ગુરુજનોના તાબામાં રહેવાનું આવે ત્યારે, બહુ કફોડી થાય છે.



## દીક્ષા એટલે મૈત્રીભાવનો પારાવાર.

ભગવાને જીવોના છ પ્રકાર બતાવ્યા છે. તે તમામ જીવો પ્રત્યે 'અભય'નો અને 'મૈત્રી'નો ભાવ કેળવવાની કળા આપણે દીક્ષા-જીવનમાં શીખવાની છે.

છકાય જીવોની જરા સરખી પણ વિરાધના થઈ ન જાય, તેમના તરફ અમૈત્રીભર્યું કે ભયજનક વર્તન ન થઈ જાય તેની પળે પળે કાળજી રાખતાં અહીં શીખવાનું છે. કાળજી રાખ્યા છતાં અનુપયોગ, બેધ્યાન કે ઉપેક્ષાને કારણે કોઈ જીવની વિરાધના થઈ જાય તો હૈયે ચચરાટ થવો જોઈએ, જીવ બળી જવો જોઈએ – પોતાનો. 'આવું તો થાય, ચાલે, એમાં શું થઈ ગયું?' આવી વિચારણા આવી જાય તો જીવ નિર્દય ને નિષ્ઠુર બની ગયો ગણાય અને પરિણતિમાં પેસી જતી આવી નિર્દયતા આપણને 'સાધુ' તો ન જ રહેવા દે, પણ 'લાયક માણસ' પણ ન બનવા દે. સાધુ તો સઘળા જીવોનો મિત્ર હોય.

અને સૂક્ષ્મ કે મનુષ્યેતર જીવોનો મિત્ર બનવા નીકળ્યો હોય એવો માણસ પોતાના ગ્રુપના કે પરિવારના સાથી સાધુજનોનો તો કેટલો મજાનો મિત્ર હોય!

ઘણીવાર, અથવા મોટા ભાગે, એવું બનતું હોય છે કે આપણને ગૃહસ્થ અને ભક્ત જેટલા સારા કે મીઠા લાગે તેટલા સાથી સાધુઓ નથી લાગતા. ગૃહસ્થ પર હોય એટલો ભરોસો ગુરુ પર—સાધુજન પર નથી હોતો. ગૃહસ્થ સાથે હળવું, મળવું કે બોલવું ગમે, પણ સાધુગણ સાથે તો અતડાપણું જ ભલું લાગે.

આ મનોદશા હોય ત્યાં મૈત્રીભાવ તો કેમ પાંગરે? અને સાથીદારો પ્રત્યે જ જો મૈત્રીનો ભાવ ન હોય ને પરાયાપણાનો જ અહેસાસ હોય તો તેવા માણસને છકાય જીવો પ્રત્યે મૈત્રીભાવની તાત્ત્વિક અનુભૂતિ શી રીતે થશે?

સાધુ પારકાંને પોતીકાં બનાવે. તેને બદલે જે પોતીકાંને જ પરાયાં બનાવવામાં નિપુણ બની જાય તેવાને સાધુ કેમ ગણવા?

ગૃહસ્થો ગમે, ગૃહસ્થો પર ભાવ થાય, ગૃહસ્થો પર વિશ્વાસ થાય, એટલી માત્રામાં પણ જો સાધુઓ ગમવા માંડે, તેમના પર ભાવ જાગવા લાગે અને તેઓ વિશ્વાસપાત્ર હોવાનું સમજાય, તો આપણે મૈત્રીભાવની તાલીમનો એકડો માંડ્યો છે એમ ગણાય.

સાધુ સૌનો મિત્ર હોય.



## દીક્ષા એટલે દોષોનું નિવારણ અને ગુણોનું અનાવરણ.

દીક્ષા લીધા પછી માણસને સહુથી વધુ કનડતો દોષ તે ઈર્ષ્યા. એને પોતાના સાથીદારો પ્રત્યે ઈર્ષ્યા આવવા માંડે. પોતાની અણઘડતા કે અણઆવડતને કારણે થતી ભૂલો એને કઠતી નથી હોતી. પરંતુ બીજા તે કામો વ્યવસ્થિત અને સુઘડ રીતે કરી આપે, તેથી તેનાં માન વધે તે તેનાથી ખમાય નહીં. વળી, પોતાના ગુરુ બીજા કોઈ શિષ્યાદિને બોલાવે-બેસાડે-વાત કરે-કામ કરાવે વગેરેથી પણ તેના મનમાં અદેખાઈ જાગતી રહે છે.

આ પ્રકારનું વલણ આપણને તુચ્છ અને હીન બનાવે છે.
આપણી તમામ આવડતો અને ક્ષમતાઓ ઉપર એક જાતનું
આવરણ કે ગ્રહણ લાગી જાય છે – ઈર્ષ્યાને કારણે.

પોતે પોતાને સારો સમજવા માંડે, અને અન્યને અયોગ્ય કે ઓછાં સમજવા લાગે, ત્યારે સમજવું કે ચિત્ત ઈર્ષ્યાથી છલકાઈ રહ્યું છે. સાધુ થનારે આ વલણથી બચવાનું છે. અહીં ઈર્ષ્યા નહીં, પ્રમોદ પ્રગટવો જોઈશે. કોઈનું માન-વજન વધે, કોઈની ક્ષમતા આપણા કરતાં અધિક હોય તો તે બધું જોઈને દિલમાં પ્રમોદ જાગવો જોઈએ કે વાહ, આ કેટલા સરસ માણસ છે! મને નથી આવડતું તે એમને આવડે છે : કેટલું મજાનું!

ઈર્ષ્યા જાગે ત્યારે દોષનું અનાવરણ થાય.

પ્રમોદ જાગે ત્યારે ગુણનું અનાવરણ થાય.

ઈર્ષ્યા એ દોષોનું મૂળ છે.

પ્રમોદ એ ગુણોનું નિદાન છે.

પ્રમોદભાવ એ સંયમી જીવનો
સ્થાયીભાવ બની જવો જોઈએ.

ગુણિયલ બનવું હોય તો અન્યના ગુણ દેખીને આનંદ અનુભવવો પડે. સંયમજીવન એ વસ્તુતઃ ગુણોને વિકસિત કરવા માટેનું જીવન છે. ગુણોનો વિકાસ કરી ન શકાય તો સંયમ મળ્યાનો ખાસ લાભ નથી.

પ્રભુના અનુગ્રહથી અને પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત કરેલી સંયમ-સ્થિતિને ઈર્ષ્યા જેવા દોષોની વૃદ્ધિ કર્યા કરીને આપણે બરબાદ કરીશું?

નહીં, નહીં, અને નહીં જ.



## દીક્ષા એટલે લાયક શિષ્ય બનવાની પ્રયોગશાળા.

ગુરુ હમેશાં કડવા જ હોય. તીખા પણ હોય. ક્યારેક ક્રૂર પણ લાગે. પણ એમનો આશય એક જ હોય, આશ્રિતનું કલ્યાણ કરવાનો. અહિત ન થાય તે જોવાનો.

આશ્રિતને લાડકોડ ને લાલનપાલનમાં જ રાખે, તેને સારું લાગે તેમ જ વર્તે અને ખરાબ ન લાગે તેની કાળજી રાખી તેને યથેચ્છ વર્તવા દે, તો તેવાને ગુરુ થવાનો કોઈ અધિકાર ન મળે; તે ગુરુ નહીં, પણ શત્રુ જ.

શિષ્યમાં જો આટલી સમજણ પ્રગટી જાય તો એને કડવું પણ મીઠું લાગવા માંડે. પછી તે સ્વેચ્છાએ વર્તવાનું ન શીખે, તેને તે ન ગમે. ગુરુની ઇચ્છા, આજ્ઞા, નિશ્રા જ મીઠી લાગે, એમાં જ પોતાનું હિત સમજે-માને, એવા શિષ્યને કલ્યાણ સિવાય કાંઈ મળે નહીં.

આવા શિષ્યને કલ્યાણ માટે જ દીક્ષા લેવાનું મન હોય. દીક્ષા લઈને કલ્યાણ જ સાધવામાં તેને રસ હોય. લાડ કે લાલનની તેને અપેક્ષા ન હોય, પણ તીખા અને કડવા અનુભવોમાં જ તે પોતાનું ઘડતર સમજતો હોય.

તેને મન ગુરુ શત્રુ ન હોય. 'ગુરુ મારું સારું સાંખી નથી શકતા ને મારી ઈર્ષ્યા કરે છે ને મારું બગડે તેમ મથે છે – ચાહે છે' – આવી અધમ વિચારણા તેના મનમાં વ્યાપેલી – વ્યાપતી ન હોય. બીજું કોઈ પોતાના તુચ્છ સ્વાર્થને ખાતર તેને વખાણી વખાણી, થાબડી થાબડીને ગુરુથી ઉકસાવવાનો પ્રયત્ન કરે, ગુરુનું સારું ન ખમાતું હોવાને કારણે તેમના આશ્રિતને ફોડવાની રીત અજમાવે—એવાને વશ આવો શિષ્ય ન થાય; એવાને પોતાનું કાળજું ગીરવી ન આપે. એને માટે તો બધા સારા ખરા, પણ મારા ગુરુ સૌથી વધુ સારા— આવો અહોભાવ જ હોય. એ ગુરુથી ઉફરો ન ચાલે. ઊંધો ન વર્તે. વિપરીત ન થાય.

સંસારમાં જેમ લગ્ન થાય, પત્ની આવે, ને મા-બાપ કારમાં થઈ પડે, તેમ દીક્ષામાં પણ જ્યારે ગુરુકૃપાથી ચેલો-ચેલી થાય ત્યારે કેટલાક જીવોને ગુરુ વસમા ને અરુચિકર બની જતા હોય છે. શાસ્ત્રો આવા જીવોને 'નરાધમ' ગણાવે છે.

જે ગુરુએ હાથ પકડ્યો, હાથ ઝાલીને ભવસંસારથી બહાર કાઢ્યા, હિતના રસ્તે વાળ્યા, જ્ઞાન-ક્રિયા શીખવ્યાં, એ ગુરુ પ્રત્યે જ જો એકાદ-બે કે થોડાક ચેલા-ચેલી થાય ને વિપરીત થઈ સ્વચ્છંદ સેવીએ તો માનવાનું કે આપણો સંસાર ઘટવાને બદલે વૃદ્ધિ જ પામી રહ્યો છે.

લાયક શિષ્ય બનવામાં જ ગુરુએ આપણા માટે વાપરેલી કડવી મીઠાશ કે મીઠી કડવાશનો બદલો સમાયો હોય છે.



## દીક્ષા એટલે કડવાને મીઠામાં રૂપાંતરિત કરવાનું શીખવતી નિશાળ

મનુષ્યને શરીર તથા મનને અનુકૂળ હોય તે જ મીઠું લાગે છે, પ્રતિકૂળ હોય તે કડવું. દીક્ષા લઈએ એટલે ગઈકાલ સુધી મળતી અનુકૂળતાઓ એક ઝાટકે પ્રતિકૂળતામાં ફેરવાઈ જાય. એને સતત પ્રતિકૂળને જ સ્વીકારવાનું આવે, જે કડવું પડે. એ કડવી સ્થિતિને પણ આનંદભેર અપનાવાય તો એ કેટલી મીઠી બની જાય! ને તો એને કેવી મોજ આવે!

દીક્ષા લીધી એટલે ગુરુજનોના આશ્રિત થઈ રહેવાનું આવે. એ લોકો વાતે વાતે અને વારેવારે ટોકે, ટકોર કર્યા કરે, ભૂલ થાય તો ઠપકો પણ આપે, મનને માફક ન આવે તેવી વાત કરાવે, કાયાને કષ્ટ પડે તેવું પણ કરાવે, ગમતું કરવા ન દે, અણફાવતું પરાણે કરાવે. આવે વખતે એ લોકો કડવા લાગે, અળખામણા લાગે. દુશ્મન કે ઝેર જેવા લાગે. ચિત્ત લાગતું ન હોય તોય ભણવા બેસાડે. આરામમાં રસ હોય ને ક્રિયા, સ્વાધ્યાય કરવા કહે. ઊંઘ આવતી હોય ને સૂવા ન દે. વાતો વગેરે કરવું હોય તો તે કરતાં ટોકે. આવી કચકચથી તે લોકો કડવા ઝેર જેવા જ લાગે.

દીક્ષા પહેલાં જે ગુરુ 'ગુરુ' લાગતા હોય, હિતકારી ને સર્વસ્વ જેવા લાગ્યા હોય, એ જ હવે દુશ્મન જેવા અને અકારા થઈ જાય. એ બોલે, સમજાવે, તો ન ગમે. એમની નજર ચૂકવવી, એમનાથી છાનુંછાનું કરવું – આ બધું શરૂ થઈ જાય. આવે વખતે જે લોકો આપણને પ્રમાદમાં સાથ આપે, ગુરુ પાસે બચાવ કરે, વખાણ ને વાહવાહ કરે, તે લોકો બહુ મીઠા, વહાલા લાગે છે. થાય કે આ કેવા સારા છે! મારા ગુરુ કરતાં તો ઘણા સારા! પેલા તો મને સમજતા જ નથી; દબાવે ને દબડાવે—બીજું કાંઈ આવડતું જ નથી! એમના કરતાં તો આ મને વધારે સારી રીતે સમજે છે.

આવા લોકોને દીક્ષા લે તો પણ કડવાને મીઠામાં બદલતાં નથી આવડતું. ગુરુ ગુરુ છે, જીવનના ઘડવૈયા છે, આધાર છે. તેમના દિલમાં આશ્રિત એવા શિષ્યનું હિત જ વસેલું હોય છે. અહિતથી બચાવવાની તેમની ફરજ પણ છે ને રુચિ પણ. તેથી તેઓ વારે વારે ભૂલ સુધારે ને એને ઘડે. એમણે આખી જિંદગી બનાવી આપવાની છે, સાચવવાના છે, આગળ વધારવાના છે. જ્યારે પેલા તો મળે ત્યારે, મળે તેટલી જ ક્ષણો કે ઘડીઓ હોવાના. એમને આપણા હિતાહિતની ચિંતા ન હોય. એમને પોતાનો સામાન્ય સ્વાર્થ સાધવાનો હોય. સારું જ જોવાનું હોય. ચિંતા કે જવાબદારી ના હોય. એટલે એ તો વખાણ-વાહવાહ કરીને વ્હાલા લાગે જ. માઠી હાલત હિત-કાજે કડવા થનારા ગુરુની હોય છે.

ગુરુની આ વાસ્તવિકતાને સમજી શકે
તેને કડવાશમાં પણ મીઠાશ મળે.



## દીક્ષા એટલે સતત નિખાલસ બનાવનારી ક્રિયા.

કૂડકપટ એ મનનો મેલ છે. છળ-પ્રપંચ એ સંસારીનો ખેલ છે. સંસારી જીવોને કશુંક લઈ લેવું હોય, કાંઈક જતું રહે તેની બીક હોય, પોતાનો વટ રાખવાની ઝંખના હોય એટલે તેઓનાં મન મેલાં હોય તે સમજી શકાય. પરંતુ સાધુ થનારા તો આ બધું ઘેર મૂકીને આવતા હોય છે, અથવા મેલી વૃત્તિઓ બધી ત્યજીને જ અહીં આવવાનું હોય છે. એટલે એ તો કેટલો નિખાલસ અને નરવો હોય!

એને કશું છુપાવવાનું ન હોય.

પોતાના દોષો અને ભૂલોને ગુરુ સમક્ષ જાતે જ ઉઘાડા કરી જાણે તેનું નામ જ સાધુ. આવા સાધુને સંતાડવાનું ને તેને માટે થઈને જૂઠું બોલવાનું કે પ્રપંચ આચરવાનું ક્યાં હોય?

સાધુની સંયમની લગન જેમ જેમ તીવ્ર બનતી જાય તેમ તેમ તે પોતાના વડીલ ગુરુજન સમક્ષ ખૂલતો જાય; તેમ તેમ તેના ચિત્તનાં કલુષ ધોવાતાં જાય અને તે નરવો, નિરામય, મનદુરસ્ત થતો જાય.

સાધુ તનથી દુરસ્ત હોય કે ન પણ હોય, પણ મનથી તો દુરસ્ત અવશ્ય હોય.

નિખાલસતા એ તો એક વરદાન છે. શુદ્ધ જીવનનું અથવા જીવન-શુદ્ધિનું આ વરદાન કોઈક વીરલાને જ મળતું હોય છે. પણ જેને એ વરદાન મળી જાય છે તે, જગતની નજરે ભલે ભોટમામો કે મૂર્ખ ગણાતો રહે, પણ ગુરુની કે જ્ઞાનીની નજરમાં તો તે લાયક જ હશે.

દીક્ષા લીધા પછી, જીવનના અંત સુધી, સાધુએ સતત નિખાલસતાનો વિકાસ કરતાં રહેવાનું છે. ક્યાંય દંભ કે ઢોંગ કે જૂઠ પ્રવેશી જાય તો તેની ચોકી કર્યા કરવાની છે, તેનાથી બચવાનો ઉદ્યમ સેવતાં રહેવાનું છે, અને કોઈ વાર તેવાં તત્ત્વોનો ભોગ બની પણ જવાય તો તેનો ખટકો અનુભવતાં રહીને તેનું નિવારણ પણ કરવાનું છે.

યાદ રહે, સાધુ નિખાલસ હોય, સરળ હોય.



## દીક્ષા એટલે દંભરહિત જીવન.

સાધુનો મોટામાં મોટો આત્મ-શત્રુ કોઈ હોય તો તે છે દંભ. દંભ એટલે દેખાવ. દંભ એટલે દેખાડો. દંભ એટલે અસત્ આચરણ. બીજાઓ કરતાં હું વધુ સારો કે ઊંચો કે ઉત્કૃષ્ટ છું એવી પ્રદર્શનવૃત્તિમાંથી નીપજતી વાસના તે દંભ.

હા, ઘણાબધાને 'ઉત્કૃષ્ટ' ગણાવાની તાલાવેલી હોય છે. એમની એ તાલાવેલી એમને અહંકારના કે મિથ્યાભિમાનના કષાયના ઘરમાં પટકી દે છે એનું એમને ભાન નથી હોતું. એમની એ તાલાવેલી, પોતાના સિવાયના બધા 'નિમ્ન', 'નિકૃષ્ટ', 'તુચ્છ' એવી – સાધુને ન છાજે તેવી–હીન વૃત્તિનો એમને ભોગ બનાવી દે છે તેવો બોધ તેવા લોકોને નથી હોતો. તેઓ તો તેમના દંભાચરણમાં લયલીન હોય છે.

નિર્દંભ આચરણ એ ધર્મનો પાયો છે. ધર્મ-આરાધનાની પાયાની શરત કે ભૂમિકા દંભનો સર્વથા ત્યાગ કરવામાં છે. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે દંભને સાધુતાનો વિરોધી ગુણ ગણાવ્યો છે. દંભ આચરતો રહે ને પોતાને સાધુ ગણાવે તેવાનું નામ લેવામાં પણ પાપ લાગે–એમ તેમણે લખ્યું છે.

સાધુ હમેશાં ઉત્કૃષ્ટ જ હોય. જે પણ જીવ દીક્ષા લે છે તે ઉત્કૃષ્ટ અને શુદ્ધ આચરણના આશય સાથે જ લે છે. આશય ઉચ્ચ, ભાવના પણ તીવ્ર, પરંતુ વાસ્તવિક જીવનમાં જ્યારે કઠોર આચારપાલનનો વખત આવે છે ત્યારે, ઘણા જીવોનાં મનોબળ નબળાં પડે છે, ઘણાનાં શરીર કહ્યું કરતાં નથી હોતાં. આવાં વિવિધ કારણોસર, ઉચ્ચ ભાવના છતાં તેવું પાલન કરી ન શકે તોપણ તે બદલ તેમના ચિત્તમાં કઢાપો હોય છે, ન પાળી શક્યાનો ખટકો હોય છે, અને આ સ્થિતિ તમામ લોકોના જીવનમાં સંભવે છે. પોતાને 'શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ' ગણાવનારાના પણ જીવનમાં આ બધું બને જ છે. ના પાડે તો તેઓ સાચું નથી બોલતાં, દંભ કરે છે, તેમ સમજવું પડે.

અને તો, બીજાને પોતા કરતાં હીણા માનવા, વર્ણવવા એ કેટલું યોગ્ય ગણાશે?

ના, સાધુપદનો ખરો ખપી અને ભોક્તા હોય તે તો સદા દંભ-રહિત અને માયા-મૃષા-રહિત જીવન જીવવાનો આગ્રહી હોય, અને કોઈ પણ સાધુને 'હીણા' ગણવાની તેને વૃત્તિ ન હોય.



## દીક્ષા એટલે બીજાની ચિંતા સેવવાની તાલીમ.

આપણે હમેશાં બીજાની પંચાત કરીએ છીએ, પણ ચિંતા નથી કરતા. કોણે શું કરવું જોઈએ ને શું ન કરાય, કોણ શું કરે છે, શું વાત કરે છે, ક્યાં જાય છે, કોની સાથે સંબંધ ને સંપર્ક રાખે છે, આવી આવી કાળજી કરવી તે છે પંચાત. અને હું કોને કેટલો ખપમાં આવી શકું, મારા કારણે કોને કેવી અને શી તકલીફ સહન કરવી પડશે – આ પ્રકારની ફિકર તે ચિંતા.

ઘણા લોકો એવી રીતે બેસે કે બીજા અનેકને નડે; એવી રીતે ચાલે, બોલે, વર્તે કે બીજાના આરામમાં, સ્વાધ્યાયમાં ને એકાગ્રતામાં ખલેલ જ પડ્યા કરે. બીજાને ન ગમે, ન રુચે, ન ફાવે, તકલીફ પડે તે રીતે કોઈ પણ ચેષ્ટા કે કાર્ય કરવામાં સરવાળે આપણને જ નુકસાન થાય છે. કોઈને આપણા પ્રત્યે અરુચિ યા નફરત જાગે, કોઈ આપણને ધિક્કારે, આપણા તરફ દુર્ભાવ કેળવે, આપણો સંપર્ક રાખવાનું ટાળે, આમાં આપણી જ હાનિ છે. આપણું – સાધુનું વર્તન આવું ન હોય.

અન્યને શાતા મળે, અન્યને ગમે – રુચિકર થાય તેમ રહેવું, વર્તવું એ જ સાધુને શોભે.

સાધુ સતત વિચારે : મારા આ વર્તનથી કોઈને કષ્ટ તો નથી પડતું ને? હું અહીં રહું, આમ બેસું, આમ વર્તું, તો તે કોઈને અડચણ કે અવરોધરૂપ તો નહીં બને ને? જો એવું હોય તો હું અહીંથી ખસી જઈશ. મારા થકી જો છકાય જીવોને ત્રાસ-ભય-સંતાપ ન થવા જોઈએ તો, મારા લીધે અન્ય સાધુજનને પરિતાપ થાય તે તો મારા સંયમને માટે મોટી હાનિ પહોંચાડનારી વાત ગણાય.

સાધુ નિરંતર અન્યની ચિંતા સેવતો હોય.

હું અને મારું સઘળું – અન્યના ખપમાં આવે એવી જ ખેવના સાધુના દિલમાં રમતી હોય.

હું લઈ લઉં ને ઠેકાણે મૂકી દઉં, પેલો જોશે તો માગશે ને લઈ જશે—આવી હીનતા સાધુના જીવનમાં ન હોવી ઘટે. આવી હીનતા આપણને સાધુધર્મથી વેગળા લઈ જશે ને પુદ્ગલના રાગી સંસારી જેવા બનાવશે.

સાધુ પરાર્થી જ હોય – હમેશાં.



## દીક્ષા એટલે પ્રભુના ચરણે આત્મ-સમર્પણ.

દીક્ષા લે એને પ્રભુ વહાલા હોય, પ્રભુની આજ્ઞા વહાલી હોય, પ્રભુની ભક્તિ તો અત્યંત વહાલી હોય. ભક્તિની તક મળે ને એ આત્મા ઘેલો ઘેલો થઈ જાય.

જો કે ભક્તિનો અર્થ આપણે ત્યાં જુદો થાય છે. ભક્તિ એટલે દેરાસરમાં ભગવાન સામે બેસવું, ભગવાનની સ્તુતિ-સ્તોત્ર-સ્તવન-ગીતોના પાઠ કે ગાન કર્યા કરવા, એ કરતાં કરતાં રડી લેવું, ભગવાનના ગભારામાં જઈને સ્પર્શ કરી લેવો, વાસક્ષેપ કે નમણજળ લઈને લગાડી દેવાં, જાપ તથા અન્ય ક્રિયા કરવી, આવું બધું.

ભગવાન સામે બેસવાનું મળે અને ભગવાનની-ભક્તિની વાતો કોઈ કરે તે સાંભળવા મળે એટલે આપણે પાગલ!

હવે ભગવાનની વાત હોય એટલે તેને ખોટી તો કહેવાય નહીં. ખોટી કહીએ તો ભક્તિના વિરોધી ગણાઈએ. પરંતુ ભક્તિમાં અને ઘેલછામાં કે વેવલાવેડામાં કે કૃત્રિમ ભક્તિમાં પાયાનો ફરક છે તે તો સમજવો જ રહ્યો.

જ્યાં સંયમજીવનની મર્યાદાનું ભાન અને પાલન ન હોય ત્યાં 'ભક્તિ' કઈ રીતે સંભવે? ભક્તિનો ભ્રમ કદાચ હોય. સંયમમાં તો પ્રભુની આજ્ઞા અને સંયમજીવનની મર્યાદાનું પાલન તે જ મુખ્ય પ્રભુભક્તિ ગણાય છે. પ્રભુને આત્મસમર્પણનું નામ જ છે એમની આંકેલી મર્યાદાનું પાલન.

સંયમીને સ્નાન ન હોય, એટલે શરીર ને વસ્ત્રો સહેજે મેલાં હોય, તેમાંથી પરસેવા વગરની વાસ પણ આવતી જ હોય; આથી આપણા લીધે જિનાલયની શુચિતા અપવિત્ર ન થાય તેવા ખ્યાલથી સંયમી, કારણ વિના, દેરાસરમાં વધુ વખત ન રહે, નિત્યક્રિયા પૂરતું જ રહે. જાપ તથા તેવી વધારાની ક્રિયા તે ઉપાશ્રયમાં જ કરે. પ્રભુનો સ્પર્શ તે ન કરે. નમણજળ કે મૂર્તિનો વાસક્ષેપ ન લેવાય, ન લગાડાય. મોડી સાંજે અને રાતે મોડા સુધી ચાલતી સંધ્યાભક્તિ વગેરેમાં સંયમી ઉપસ્થિત ન હોય. વહેલી સવારે અંધારામાં દેરાસરમાં પહોંચી જઈને કલાકો ત્યાં ગાળવામાં કે વહેલી સવારે અંધારામાં જાત્રાઓ કરવામાં મર્યાદાનું પાલન ક્યાં રહે?

સંયમની મર્યાદાનું પાલન કરીએ
એ જ શ્રેષ્ઠ પ્રભુભક્તિ છે.

સાધુ માટે તો આજ્ઞા ને મર્યાદાના પાલનમાં જ પરમાત્માની સાચી પ્રીતિ સમાયેલી છે.



## દીક્ષા એટલે પંચ પરમેષ્ઠી પદમાં પ્રાપ્ત થતું અવિચળ સ્થાન.

દીક્ષા લે તે છટ્ઠા ગુણઠાણે આરોહણ કરે છે. ત્યાં જાય એટલે જીવ સાધુ ગણાય છે. પાંચ પરમેષ્ઠીઓમાં સાધુ પણ એક પરમેષ્ઠી છે, પાંચમા પદના પરમેષ્ઠી.

જૈન શાસનની આ કેવી વિશિષ્ટ વાત છે કે અહીં અરિહંત પણ પરમેષ્ઠી અને સાધુ કે સાધ્વી પણ પરમેષ્ઠી! ક્રમ ભલે ઉપર-નીચે હોય, પણ કહેવાય પરમેષ્ઠી જ. સાધકને પણ સિદ્ધની હરોળમાં બેસાડે તેવી આ વ્યવસ્થા જૈન શાસન વગર ક્યાં મળે?

આપણે એ વિચારવાનું છે કે આપણે દીક્ષા ગ્રહણ કરીએ, મુનિવેષ ધારણ કરીએ, એ સાથે જ જો આપણને પણ પંચ પરમેષ્ઠી પદમાં સ્થાન મળી જાય છે તો તે આપણા આત્માનું કેટલું મોટું સૌભાગ્ય ગણાય! સંસારની માયાજાળમાં અટવાતો-ભટકતો આપણો આત્મા પરમેષ્ઠી બની જાય એ કેવું રોમાંચકારી લાગે છે!

સાથે જ આપણે એ પણ વિચારવાનું કે જો આમ સાવ સહેલાઈથી 'પરમેષ્ઠી' બની જવાનું મળતું હોય તો એની સામે આપણી જવાબદારી કેટલી બધી વધી જાય! પરમેષ્ઠી અર્થાત્ સાધુ તરીકે આપણે લોકોનાં વંદન પામતાં અને સ્વીકારતાં હોઈએ તો, તે પદના ધારક તરીકેના આચાર તથા મર્યાદાના પાલનની આપણી તત્પરતા કેટલી તીવ્ર અને ઊંચી હોવી જોઈએ!

પળ-પળનું મૂલ્ય સમજે તે પરમેષ્ઠી બની શકે. પરમેષ્ઠીની એક પળ પણ વ્યર્થ ન વીતે, પ્રમાદમાં ન વહે. એની પળેપળ સાધનામય હોય. એ જ્ઞાન અને સ્વાધ્યાયમાં મગન હોય, એ ક્રિયા કરવામાં મશગૂલ હોય, એનું ચિત્ત એવું એકાગ્ર હોય કે તેની આરાધના ધ્યાન બની રહે. ગૃહસ્થનો પ્રસંગ એને આકરો લાગે. સંસારી સાથેની વાતો એને અરુચિકર બને. નિરર્થક ગપ્પાં મારવાં, સમય પસાર કરવો કે આરાધના વગર કાળક્ષેપ કરવો એ એને માટે ઘણનો ઘા બનતો હોય. 'પરમેષ્ઠી' પદને યોગ્ય બનવા માટે આ ભૂમિકા અનિવાર્ય છે.

સંસારમાં ભ્રમણ કરતાં આપણે અનંતા જન્મો પ્રમાદમાં જ અને વિરાધનામાં જ વીતાવ્યા છે. આજે તેનાથી બચી શકાય એવી અનુકૂળતા મળી છે. જ્ઞાનીઓની કૃપાથી પરમેષ્ઠી-પદ સુધી પહોંચવાની તક મળી ગઈ છે. હવે પણ જો પ્રમાદ અને વિરાધનાની ટેવ ચાલુ જ રાખીશું તો આ ભવ પણ સંસારના ભ્રમણનો એક ભાગ જ બની જશે!

દીક્ષા લેનારા સાવધાન!



## દીક્ષા એટલે પ્રભુની ભાવપૂજા. તાત્ત્વિક જિનપૂજા.

સાધુને દ્રવ્યપૂજાનો અધિકાર ન હોય. એ ભાવપૂજા જ કરે.

ગૃહસ્થ દ્રવ્યપૂજા કરે, પરંતુ તે ભાવપૂજાના લક્ષ્યથી જ. ભાવપૂજા સુધી પહોંચવાનું સાધન તેને માટે દ્રવ્યપૂજા બને છે.

અમુક કાર્ય કે પરિસ્થિતિના અપવાદ સિવાય સાધુને દ્રવ્યપૂજા ન હોય, અને એ અપવાદરૂપ સ્થિતિમાં પણ તેની દ્રવ્યપૂજા નિરવદ્ય જ હોય, સાવદ્ય નહીં જ.

દીક્ષા સ્વયં ભાવપૂજા છે. દીક્ષા લે તે પ્રભુની આજ્ઞાનો સ્વીકાર કરે છે. તેને છકાય જીવોને અભયદાન આપવાની અને જયણા પાળવાની આજ્ઞા છે. તેને પૂજ્યોનો વિનય સાચવવાની અને દેવગુરુની આશાતના કે વિરાધના નહીં કરવાની આજ્ઞા છે. તેનું પાલન તે જ્યારે જ્યારે અને જે-જે અંશે કરશે, ત્યારે ત્યારે તે-તે અંશે તે આજ્ઞામાં છે અને તેથી તે પ્રભુની પૂજામાં છે.

શંખેશ્વર કે શત્રુંજય જેવા તીર્થમાં, પ્રભુજીના દરબારમાં, કલાકો સુધી બેસી રહેવું ને ભક્તિના બહાને પોતાની ભૌતિક વૃત્તિઓને પંપાળ્યા કરવી, આચાર્યાદિ ગુરુજનોથી આગળ બેસી રહેવું, સંઘટ્ટા આદિની પરવા ન કરવી – આ બધું જ અવિધિ છે; આજ્ઞા અને ભાવપૂજાના ભંગ સમાન છે.

સાધુ ક્રિયા કરે ત્યારે તે પ્રભુપૂજા કરે છે; સ્વાધ્યાય કરે ત્યારે તે પ્રભુપૂજામાં હોય છે; યતનાનું પાલન કરી કોઈ જીવની રક્ષા કરે કે રક્ષાના અધ્યવસાયમાં વર્તે ત્યારે તે પ્રભુની ભાવપૂજા કરતો હોય છે. સાધુજીવનની પ્રત્યેક ચર્યા પ્રભુપૂજા છે. શરત એ કે એમાં પ્રમાદ કે અવિધિ ન હોય.

શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજે કહ્યું છે કે 'હે વીતરાગ! આપની આજ્ઞાનું રૂડું પાલન પણ આપની પૂજા જ ગણાય.' આ શબ્દો ઉપરની વાતોને સમર્થન આપનારા શબ્દો છે.

સાધુ દ્રવ્યપૂજાનો ગૃહસ્થને ઉપદેશ આપે છે તે ક્ષણે પણ તે સ્વયં તો ભાવપૂજામાં જ વર્તતો હોય છે. તેના ચિત્તનો પ્રભુ પ્રત્યેનો અહોભાવ જ તેની પાસે દ્રવ્યપૂજાની પ્રેરણા કરાવતો હોય છે.

ભાવપૂજારૂપ સાધુપદને નમસ્કાર!



## દીક્ષા એટલે નવકારમંત્રમાં શાશ્વત સ્થાન પામવાની ભૂમિકા.

જ્યારે આપણે નવકારમંત્રમાં 'નમો લોએ સવ્વસાહૂણં' બોલીએ છીએ ત્યારે જગતમાં જ્યાં જ્યાં જે-જે સંયમવંત સાધુ-સાધ્વી છે તે દરેકને પ્રણામ કરીએ છીએ. તે પણ ભૂતકાળના, ભવિષ્યકાળના તથા વર્તમાનકાળના સર્વ સંયમીઓને પ્રણામ કરીએ છીએ.

જેમ આપણે સૌને વંદીએ તેમ, જ્યાં જ્યાં, જ્યારે જ્યારે, જે-જે વ્યક્તિ આ પદ બોલે, ત્યારે તે આપણને પણ એક સંયમી તરીકે પ્રણામ કરતી હોય છે. મતલબ કે આખા વિશ્વમાં અસંખ્ય લોકો છે જે આ પદ દ્વારા, અહીં બેઠેલા આપણને વંદન પાઠવતા રહે છે. આનાથી સિદ્ધ થાય કે આપણે ચારિત્ર લીધું એટલે 'નવકાર'માં આપણને સ્થાન મળી ગયું. આપણું કેવું મહાન સૌભાગ્ય!

નવકારમાં સ્થાન મેળવવા માટે દીક્ષા લેવી જોઈએ, તો સિદ્ધશિલા પર સ્થાન પ્રાપ્ત કરવા માટે દીક્ષાની – ચારિત્રની રૂડી આરાધના કરવી જોઈએ. સામાન્ય સમજ એવી હોય છે કે દીક્ષા લીધી એટલે મોક્ષ નક્કી થઈ જ જાય. અને એવી જ બીજી સમજણ એ કે દીક્ષા લે એટલે રૂડું પાલન કરતાં જ હોય.

ક્યારેક આ સમજણો ખોટી પણ પુરવાર થતી હોય છે. દીક્ષા લીધા પછી બધા રૂડું પાલન કરે જ એવું નથી હોતું; ઘણા નબળા પણ જોવા મળે. અને રૂડા પાલન વિના, દીક્ષા લેવા માત્રથી જ, મોક્ષ મળે એ માન્યતા પણ બરાબર નથી જ.

આપણને દીક્ષા મળી છે તેથી એક-પ્રાથમિક લક્ષ્ય તો પૂરું થઈ ગયું. હવે બીજું – અંતિમ કે આખરી લક્ષ્ય, સિદ્ધશિલા સુધી પહોંચવાનું, એ પણ સર કરવું પડશે ને? એ માટે આચારપાલન તથા આરાધના પણ કેટલાં જોરદાર અને પ્રબળ જોઈશે? પ્રમાદ કેટલો તોડવો પડશે?

ખરી રીતે દીક્ષા એ 'નમો લોએ સવ્વસાહૂણં'થી 'નમો સિદ્ધાણં' સુધીની યાત્રા છે. આત્માની આ ઊર્ધ્વગમન યાત્રા છે, અને એની સફળતાનો આધાર આપણી આત્મ-રમણતા તેમજ ધર્મનિષ્ઠા કે આચારનિષ્ઠા છે.

જેણે સાચેસાચ આત્મકલ્યાણ અર્થે ચારિત્ર લીધું હોય તેવા દીક્ષાર્થી આત્મા આ લક્ષ્ય અવશ્ય બાંધે.



## દીક્ષા એટલે તમામ સંયમી વર્ગને પોતાના અનુભવવા તે.

સમુદાય અને ગચ્છની વિભિન્નતા તે એક વ્યવસ્થામાત્ર છે. તે સાધુ સાધુને જુદા પાડવા કે પરસ્પરના દ્વેષી બનાવનારી કોઈ પ્રવૃત્તિ નથી. દુર્ભાગ્યે, આ જ્ઞાની-સૂચિત વ્યવસ્થાને સમજવામાં તથા અનુસરવામાં આપણે ઊણાં ઊતર્યા છીએ.

ગૃહસ્થને સાધુ ગમવા જોઈએ. સાધુને—સાધુવેશને જોતાં જ જો ગૃહસ્થના દિલમાં આનંદ અને અહોભાવ ઊગે તો તેનામાં સમ્યક્ત્વનો સ્પર્શ હોવાનું માની શકાય.

જો ગૃહસ્થને સાધુ ગમે તો સમ્યક્ત્વ, તો સાધુને સાધુ જોતાં શું થવું જોઈએ? એક સાધુને અન્ય સંયમીને જોતાં આનંદ આવવો જોઈએ કે નહીં? તે સંયમી અન્ય ગ્રુપ, સંઘાડા કે ગચ્છનો હોય તો તેને જોઈને આનંદ, સદ્ભાવ, અનુમોદના વગેરે કરવાં કે નહીં? તેને પોતાના ગણવા કે નહીં? જો તેની અનુમોદના કરે તો તેને સમ્યક્ત્વનો સ્પર્શ, ગૃહસ્થની માફક, થાય કે નહીં? કે તેનું સમ્યક્ત્વ નષ્ટ થઈ જાય? – આ સવાલો આજે તો વારંવાર પેદા થાય છે.

આપણા તે જ સાધુ, અન્ય નહીં, આપણને અનુસરે તે જ સાધુ, બીજા નહીં; બીજાને કરવું જ પડે તો દ્રવ્યથી વંદન થાય, ભાવથી વંદન ન કરાય; ભાવથી કરીએ તો દોષ લાગે, મિથ્યાત્વ લાગે; દ્રવ્યથી કરવું પડે તોપણ પછી તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું; તેને આહારાદિનું દાન આપવું પડે તો તે અનુકંપાથી આપવાનું, સુપાત્ર-સંયમી તરીકે નહીં; આ પ્રકારનું વલણ-વર્તન આજે જોવા-અનુભવવા મળે છે. આમાં બધાને જો સાધુ કે સંયમી જ માનવાના ન હોય, તો બધાને પોતાના ગણવાની તો વાત જ ક્યાં?

મને લાગે છે કે આ પ્રકારના આત્માઓ શાસ્ત્રદષ્ટિએ સ્પષ્ટપણે મિથ્યામાર્ગે ચાલે છે. તેમણે પ્રભુશાસનનો ધોરી માર્ગ ત્યજી દીધો છે. પુણ્ય અને પ્રપંચના બળે તેઓ જગતના ચોકમાં ક્ષણિક રીતે ભલે મહાન ને શ્રેષ્ઠ ગણાતા રહે, પરંતુ આત્મતત્ત્વની દષ્ટિએ તેઓ ઝીરો જ પુરવાર થાય છે.

સાધુમાત્રમાં ચારિત્રનાં, પ્રભુમાર્ગનાં દર્શન કરે, અને તે જોઈને રાજીપો અનુભવે તે સાધુ. તેવા સાધુની જ દીક્ષા પ્રમાણ ગણાય.

દીક્ષાર્થીના હૈયામાં સર્વ સંયમી પ્રત્યે બહુમાન હોય જ.



# દીક્ષા એટલે વિકટ માર્ગે આત્માનું નવપ્રસ્થાન.

જિનેશ્વરના માર્ગની દીક્ષા સહેલી નથી. અથવા દીક્ષા લઈને પ્રભુના માર્ગ પર ચાલવું સહેલું નથી.

પ્રભુનો માર્ગ એ છે તો રાજમાર્ગ, પરંતુ તે ઘણો લાંબો છે, વિકટ છે, દુર્ગમ છે; તેના પર ચાલવું એ જ મોટા પરાક્રમનું કામ છે; મુકામે પહોંચવાની વાત તો દૂરની ગણાય.

મહાપુરુષોએ આ માર્ગની કઠિનાઈ સમજાવતાં કેટલાંક રૂપક પ્રયોજ્યાં છે, તે જોઈએ :

પ્રભુની દીક્ષા લેવી અને પાળવી તે કોઈનીય મદદ વગર, પોતાના બે હાથનાં હલેસાં વડે જ મોટા સમુદ્રને તરવા જેવું છે.

દીક્ષા એ સામા પ્રવાહે તરવા જેવું કામ છે.

રેતીના કોળિયા ચાવવા જેવું આકરું કામ છે દીક્ષા લેવાનું.

રાતના ઘોર અંધારામાં, શત્રુઓની સેનામાં, તલવારો વીંઝાતી હોય તે વખતે, તે સેના વચ્ચે શત્રુને હરાવવા-ખાબકવા જેવું વસમું કાર્ય એટલે દીક્ષા.

દીક્ષા કેટલી અઘરી-આકરી છે તે સમજવા માટે આટલાં રૂપક પૂરતાં થઈ પડશે. આનું તાત્પર્ય એટલું જ કે દીક્ષા લેવી એટલે કપડાં બદલી નાંખવાં – એમ નથી સમજવાનું. દીક્ષા લઈને ક્ષણે ક્ષણે સાવધાન રહેવાનું છે, આત્માને સદાય સંતાપનારા પ્રમાદ, વિષયવાસના તથા કષાયો સરખા શત્રુઓને પળે પળે ખાળવાના છે – મારી હટાવવાના છે, નિરંતર ઉપયોગમાં વર્તવાનું છે, જ્ઞાન-ધ્યાન તથા વિનયાદિરૂપ આરાધનામાં તત્પર ને ઓતપ્રોત બનવાનું છે.

દીક્ષા લેનારો પોતાના યોગ-ક્ષેમની સંપૂર્ણ જવાબદારી દેવ-ગુરુના હાથોમાં સોંપીને જીવે. તેને સવારમાં ઊઠતાં કે રાત્રે સંથારે જતાં કાલે શું ખાઈશું કે ગોચરી-પાણી મળશે? કેવાં મળશે? ક્યાં મળશે? કેવી રીતે મળશે? વગેરે ચિંતા ન હોય. તેને વિશ્વાસ હોય કે ધર્મસત્તા મારું પાલન કરશે જ. તેને ખપજોગું મળે તોય તે રાજી હોય અને કદીક ન મળે તોય તે પ્રસન્ન જ હોય : બંને સ્થિતિમાં પ્રભુની કૃપા અનુભવતો હોય.

આમ, દીક્ષાનો માર્ગ વિકટ છે; પરંતુ જો ચાલતાં આવડી જાય તો તેના જેવો આસાન ધોરી રસ્તો જગતમાં બીજો નથી.



## દીક્ષા એટલે વક્રતા અને જડતાને ભૂંસવાની મથામણ.

વક્રતા અને જડતા તે આપણો સ્વભાવ બની ગઈ છે. વાતે વાતે વાંકા ચાલવું અને જડની જેમ વર્તવું એ આપણને કોઠે પડી ગયેલી સ્થિતિ છે.

ભગવાન મહાવીરના શાસનવર્તી જીવો વક્ર-જડ હોય એવું આપણે જાણીએ છીએ. પરંતુ એમાં એવું નથી જણાવ્યું કે વક્રતા ને જડતા ઓછી કરી ના શકાય કે મિટાવી ના શકાય. કોઈ આત્માર્થી જીવ જો પુરુષાર્થ કરે તો પોતાની સ્વાભાવિક વક્રતા-જડતા અવશ્ય ઘટાડી કે મટાડી શકે છે. શાસ્ત્રકારે એનો નિષેધ નથી કર્યો ક્યાંય.

દીક્ષા લેનારો માણસ પણ વક્ર-જડ તો હોવાનો જ; એ દીક્ષા લે છે એનો અર્થ એટલો જ થાય કે હવે એ પોતાની વક્રતા-જડતાને દૂર કે ઓછી કરવાનો ઉદ્યમ અને માર્ગ સ્વીકારે છે.

ઉદ્ધત જવાબ આપવા, સામે બોલવું, દલીલો ને કુતર્ક કર્યા કરવા, અવળા જવાબ દેવા, આજ્ઞા કે સૂચન મળે તેના ઊંધા અર્થ કરવા, શાબ્દિક જાળ રચવી, શબ્દનું છળ કર્યા કરવું, પોતાની કલ્પના પ્રમાણે નિર્ણય તથા પ્રવૃત્તિ કરી લેવાનાં અને તેમાં કોઈ ભૂલ બતાવે કે ઠપકો મળે તો ક્રોધાવિષ્ટ થઈને યદ્વા તદ્વા પ્રલાપ કરવો; આવા વિવિધ પ્રકારો વક્રતાના છે.

જડતા એટલે સમજદારીનો અભાવ. આશય કે અર્થ સમજવાની અશક્તિ તે જડતા. અવળી સમજણ તે જડતા. લીધેલું અને માની લીધેલું છોડવું નહીં તે જડતા. સુજ્ઞતાનો સાવ અભાવ, અને પાછું સુજ્ઞો કહે તે માનવું નહીં તે જડતા.

આ બંને વાનાં આપણામાં ઠાંસી ઠાંસીને ભર્યાં હોય છે. તે બંનેને વળગેલાં રહીએ તેમાં સંયમની સફળતા નથી. 'બધા આવું જ કરે છે, તો હું પણ એવું જ કરું ને!' આવી વૃત્તિથી ચારિત્ર કલુષિત થાય છે.

દીક્ષા લેનારો જીવ જો આત્માર્થી હોય, સાચેસાચ પોતાનું કલ્યાણ સાધવાની તેને ખેવના હોય તો તેનો દીક્ષાના દિવસથી જ ઉદ્યમ હોય કે મારામાં ભરેલી વક્રતા-જડતા શું કરવાથી ઘટે અને કેમ તેને સાવ નષ્ટ કરીને તેને સ્થાને સમજણ તથા સરળતાની સ્થાપના કરી શકું!

વક્રતા-જડતાનો નાશ એટલે ચિત્તના સંસારનો ક્ષય.

સંસારના નાશ માટે નીકળેલા
દીક્ષાર્થી આ મુદ્દો સમજી લે.



## દીક્ષા એટલે આત્માનો ઉત્કર્ષ સાધવાની સાધના.

આત્માનો ઉત્કર્ષ એક જ રીતે થાય : આત્મિક ગુણોને કેળવવાથી ને વિકસાવવાથી. કેટલાક જીવો બાહ્ય આચરણ તથા આડંબરોને આત્માનો ઉત્કર્ષ માને અને ગણાવે છે. તત્ત્વદૃષ્ટિએ આ વાત જામતી નથી.

આજકાલ 'ઉત્કૃષ્ટ' અને 'શુદ્ધ'ની હવા પ્રબળ છે. 'અમારે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવું છે' એવો આગ્રહ ઘણા જીવોને બંધાય છે. એ પછી એ આગ્રહને સંતોષવા માટે એ જીવો વિવિધ ગુરુઓને ચકાસે છે, અજમાવે છે. જેમ જેમ ખબર મળે કે 'આમના કરતાં પેલા વધુ ઉત્કૃષ્ટ છે' તેમ તેમ ઘર બદલતાં રહે. છેવટે જ્યાં એમને ખાતરી મળે કે 'અમારી પાસે અપૂર્વ વસ્તુ છે જે બીજે ક્યાંય નહીં મળે; એ 'શુદ્ધ સમ્યક્ત્વ' નામની વસ્તુ અહીં જ છે, બાકી તો ઘણા ઓઘા લીધા ને એક વધારે લેશો' – ત્યાં તેઓ ઠરે.

'ઉત્કૃષ્ટ' થવાની કે હોવાની એક ખૂબી એ કે પછી તેઓ પોતાના સિવાયના બધાયને 'નિકૃષ્ટ', 'નબળા', કે 'ઓછા' ચારિત્રવાળા ગણીને જ વર્તે. બીજા કોઈ પણ સાધુને સદ્ભાવથી જોવાની વૃત્તિ તેમનામાં ન બચે. બીજા બધા જ, એમને માટે–એમની દૃષ્ટિમાં, અનુકંપાને પાત્ર બને.

આવા 'ઉત્કૃષ્ટ' લોકોમાં બે વિશેષતા એ આવવાની કે (૧) તેઓ પોતાને જ સાચા અને શ્રેષ્ઠ સાધુ ગણે છે. અને (૨) એ જ કારણે પોતાના સિવાયના સહુને હીણા ગણે છે. આ બે વિશેષતાને કારણે તેમનામાં આંતરિક ગુણોનો ઉઘાડ થાય કે થયો હોય તેવી શક્યતા લગભગ નથી બચી હોતી. હા, તેમના ભપકા બહુ ભારી હોય; આડંબર તો એવા કે જાણે નકલી/આધુનિક તીર્થંકર આવ્યા!, ઉત્કૃષ્ટતાનો દેખાવ અને પ્રચાર પણ જબરો! એટલે મુગ્ધ જીવો લલચાય અને આકર્ષાય તો તેમાં શો દોષ? પરંતુ એમાં બાહ્ય આચરણને બાદ કરતાં આત્માના શુદ્ધ ગુણોની કેળવણી કે વિકાસ ભાગ્યે જ હોય છે. એક કવિએ કહ્યું છે તેમ 'ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી.'

બે ગુણો છે : ત્યાગ અને વૈરાગ્ય. ત્યાગ એ બાહ્ય ગુણ છે, ને વૈરાગ્ય એ આત્મિક ગુણ. વૈરાગ્ય હોય ત્યાં ઇચ્છાઓનું તાંડવ ન હોય. ઇચ્છા ન હોય ત્યાં જાતે કે ભક્તોના નામે ઊભા કરેલા આડંબરો ન હોય. ત્યાં હોય નીરવ શાંતિ, મૌન, નિશ્ચલ પ્રસન્નતા અને સૌને શ્રેષ્ઠ ગણવાનો તથા સૌને સ્વમાં સમાવવાનો ઉદ્યમ.

ઇચ્છાઓના તાંડવ મચાવતાં રહીને પણ નિર્લેપતા જતાવ્યા કરવામાં દંભની જે જાળ પ્રસરે છે તે જાળ આત્મ-ગુણોને ઊગવા દેતી નથી હોતી. દીક્ષાર્થી આત્માઓએ આ વાત યાદ રાખવા જેવી છે.



## દીક્ષા એટલે મંગલમય જીવન.

આપણા મંગલ-પાઠમાં એક વાક્ય આવે છે : સાહૂ મંગલં : મારા માટે સાધુ એ મંગલસ્વરૂપ છે. અર્થાત્ સાધુ મારું મંગલ કરો! સાધુને હું મંગલ-લેખે સંભારું છું.

મતલબ કે દીક્ષા લેનાર આત્મા જગત માટે મંગલ બની જાય છે. જે સ્વયં મંગલરૂપ હોય તે અન્ય કોઈનુંય અમંગલ કેવી રીતે કરશે? અને જે કોઈનું અમંગલ ન કરે તે પોતાનું અમંગલ તો કરી જ કેમ શકે?

આપણે જ્યારે પ્રમાદ સેવીએ છીએ ત્યારે આપણે આપણું જ અમંગલ કરીએ છીએ.

આપણે આરાધના ચૂકીએ અને વિરાધનાને વશ થઈએ; જયણા ન પાળીએ; સ્વાધ્યાય-ક્રિયાને ગૌણ કરીને ગૃહસ્થનો સંગ તથા વાત-વિકથા-ચોવટ-ગપ્પાંને મહત્ત્વ આપીએ ત્યારે આપણે આપણું અમંગલ કરીએ છીએ.

ગુરુ કરતાં ગૃહસ્થ વહાલાં લાગે, આરાધના કરતાં લોકસંપર્ક વધુ ગમવા માંડે, વડીલો કરતાં શિષ્યની સેવા-શુશ્રૂષા વધુ રુચે, તો સમજવાનું કે આપણા હાથે જ આપણું અહિત થવા માંડ્યું છે.

આત્મપ્રશંસા, આપવડાઈ, પોતાની ઉત્કૃષ્ટતાની જ વાતો અને વર્ણન, મહત્ત્વાકાંક્ષાઓ તથા તેને સિદ્ધ કરવા માટેના કુટિલ પ્રપંચો, આવું બધું જ્યારે આપણા જીવનમાં પ્રવેશે છે અથવા દિલ પર કબજો જમાવે છે ત્યારે આપણા હાથે જ આપણું અકલ્યાણ થવા લાગે છે.

ધર્મ કરતાં પુણ્યનો મહિમા જીવનમાં વધે, પુણ્યના પ્રભાવને જ ધર્મનો માપદંડ માનીને ચાલવા માંડીએ, અને પછી એ પ્રભાવને વટાવવા માટે જગતને ઠગી-છેતરીને કુટિલ આયોજનો કરીએ, તો આપણું બહારનું આચરણ ગમે તેટલું સારું હોય તોપણ તે આપણા અમંગલનું જ કારણ બનશે, તેમાં લેશ પણ શંકા નથી.

આમાં સાધુનું મંગલમય સ્વરૂપ જળવાય નહીં. મંગલરૂપ સાધુ પણ ઉપર કહેલી વાતોને લીધે અમંગલરૂપ બની જશે.

આપણે કેવા થવાનું? મંગલરૂપ કે અમંગલ?



## દીક્ષા એટલે સ્વાધ્યાયનો ઉત્સવ.

સ્વાધ્યાય એટલે 'સ્વ'નું અધ્યયન. દીક્ષાર્થી વ્યક્તિ પોતાનું અધ્યયન કરીને દીક્ષા લે છે. અધ્યયન એટલે પૃથક્કરણ: જાતની ઉલટ-તપાસ. 'હું દીક્ષા પાળી શકીશ? દીક્ષા લઈને હું શું કરીશ? મારું લક્ષ્ય શું હશે અને હું તે લક્ષ્યને કેવી રીતે આંબી શકીશ?' આવું પૃથક્કરણ કરીને જ કોઈ વ્યક્તિ દીક્ષા લે છે. ક્યારેક તેને આ પૃથક્કરણ કે અધ્યયન કરતાં તેના ગુરુજી શીખવાડે છે.

આ 'સ્વ-અધ્યાય'ને સતત બળ કે પોષણ મળ્યા કરે તે માટે, દીક્ષા લેનારે સ્વાધ્યાય કરવાનો હોય છે. સ્વાધ્યાય એટલે સતત નવું નવું ભણવું અને ભણેલાને વાગોળવું તે. આવો સ્વાધ્યાય કર્યા કરવાથી તેના મનમાં અશુભ વિચારો પ્રવેશતાં કે વધતાં નથી; તે પ્રમાદથી બચી શકે છે; તેને પોતાની આંતરિક ભૂમિકાનું સતત ભાન થતું રહે છે; અને તેનું જ્ઞાન વધતું જાય છે.

'સ્વાધ્યાય'માં ગાથા મોઢે કરવી, અર્થ ભણવા, ગુરુ કે પંડિતજી પાસે પાઠ કરવા, પુનરાવર્તન કરવું, વાંચન કરવું – આ બધાંનો સમાવેશ થાય. આ બધાં વિશે તેના ગુરુ તેને સમયે સમયે માર્ગદર્શન આપ્યા કરતા હોવા જોઈએ: કોણે શું વાંચવું કે ન વાંચવું તેનો વિવેક દીક્ષાર્થી પાસે ભાગ્યે જ હોય; તે તો તેના ગુરુએ જ કાળજી રાખવી ઘટે. સારું લાગતું બધું જ વાંચન, ગમે ત્યારે, ગમે તે પાત્ર માટે યોગ્ય નથી હોતું. ઉંમર, રુચિ, બૌદ્ધિક ક્ષમતા, પરિણતિ, ચિત્ત પર થનારી સારીમાઠી અસરો વગેરે અનેક પાસાં ધ્યાનમાં લઈને જ વાંચનના વિધિ-નિષેધ કરવા પડે. અયોગ્ય સમયે અયોગ્ય વાંચન થવાથી જીવની પરિણતિ કથળી શકે, અવળાં તારણો પર પહોંચી શકે, અને પોતાનું હિત બગાડી શકે. ભૂમિકાને અનુરૂપ વાંચન હોવું અત્યંત આવશ્યક. ભૂમિકા કરતાં આગળનું વાંચન અનર્થ સર્જી શકે; જીવને ખોટા માર્ગે દોરી શકે.

અમુક લોકોને, આપણે ત્યાં, પુસ્તકો લખવાની ને છપાવીને બધે વહેંચવા-વંચાવવાની ખણજ ઊપડતી હોય છે. 'સારું સાહિત્ય' સમજીને તેના પ્રચારની હવામાં મુગ્ધ ને કુમળા જીવો આવી જાય છે ને તેના વાંચનનો ભોગ બનીને પરિણતિ બગાડી બેસે છે; પોતાના જ ગુરુઓથી વિમુખ થાય છે અને ચારિત્ર અંગે દુવિધાગ્રસ્ત બને છે. આવા 'સારા' ગણાતા 'ખરાબ' વાંચનથી બચવા જેવું છે. નહીં તો એવો સ્વાધ્યાય આત્મા માટે ઘાતક પણ બની શકે છે.



## દીક્ષા એટલે સ્વાધ્યાય-મગ્નતા.

દીક્ષા લે તેને માટે 'સ્વાધ્યાય' એ ક્રિયા અને તપ જેટલી જ અનિવાર્ય આવશ્યક બાબત છે. સંયમીને જેમ આવશ્યક ક્રિયા વગર ન ચાલે, તેમ સ્વાધ્યાય વિના પણ ન ચાલે.

પણ તે સ્વાધ્યાય તે-તે જીવની ભૂમિકાને અનુરૂપ હોવો જોઈએ.

જેમ નાના બાળકને દૂધ પીવડાવાય, પાંચ પકવાન્ન ન ખવડાવાય; જેમ ૮-૧૦ વર્ષના બાળકને પરીકથા વાંચવા અપાય, નવલકથા નહીં; તેમ બાળ કે મુગ્ધ જીવને તેની ભૂમિકા પ્રમાણે તેનામાં સંસ્કાર જગાડે, તેની પરિણતિને કેળવે, તેનો અહોભાવ વધારે તેવું જ વાંચન કરવા દેવાય. તેને આગમ અને તર્કના ઉચ્ચ પદાર્થોની વાતો ન વંચાવાય.

કેટલાક સાધુઓ પોતાના ૨૫-૫૦ વર્ષના ચારિત્રના તથા અભ્યાસ આદિના અનુભવોને કેન્દ્રમાં રાખીને, બાળ કે પ્રાથમિક કક્ષાના જીવોને ન કહેવાય, ન વંચાવાય, ન અપાય તેવી વાતો તથા વિવેચનો લખી વાળે છે, ને પછી તેને વાંચવાની ભલામણ, આગ્રહ કરીને પોતાનો તથા પોતાના સાહિત્યનો જોરશોરથી પ્રચાર કરતાં હોય છે. પોતાની તે અપ્રસ્તુત વાતોથી પેલા મુગ્ધ જીવોની પરિણતિ બરબાદ થાય, પોતાના ગુરુ, ગચ્છ, સંઘાડા અને ઘણીવાર ચારિત્ર પ્રત્યે તેમને દુર્ભાવ જાગે તેની તેમને ચિંતા નથી હોતી. તેમની એક જ તમન્ના હોય કે બધા અમારી તરફ વળે ને ઢળે; બધાને પોતાના માનેલા ગુરુ વગેરે 'બરાબર નથી' તેની ખાતરી થવી જોઈએ. આવા લેખકો અનેક આત્માઓના ભાવ-પ્રાણનું નિકંદન કાઢે છે, અને સ્વયં ઘોર મિથ્યાત્વના ગર્તમાં ગરક થતાં હોય છે: દેખીતી રીતે ભલે તેમની પ્રસિદ્ધિ ને પ્રશંસા થતી હોય.

એક પ્રસિદ્ધ અને વરિષ્ઠ આચાર્ય માટે કહેવાય છે કે તેઓ પોતાના પટ્ટશિષ્યનાં પુસ્તકો તથા સામયિક પત્રો સુધ્ધાં, પોતાના ભણતાં સાધુઓને વાંચવા નહોતા આપતા. તેઓ માનતા કે આનાથી બાળ સાધુઓનાં ચિત્ત ડહોળાય અને સંસ્કાર બગડે. ભૂમિકાને બિનઅનુરૂપ વાતો કરવી તેને શાસ્ત્રમાં 'પાપ' ગણાવ્યું છે.

હિતેચ્છુ ગુરુજનોનું કર્તવ્ય છે કે આશ્રિત આત્માની ભૂમિકા સતત તપાસતાં રહીને તેને યોગ્ય હોય તેવું વાંચન અને તેવું અધ્યયન તેને કરાવવું જોઈએ અને તેની સામે દીક્ષાર્થી જીવોનું કર્તવ્ય છે કે પોતાના ગુરુજનો પર દૃઢ શ્રદ્ધા કેળવીને તેઓની દોરવણી પ્રમાણે જ વાંચન-અધ્યયન કરવું જોઈએ. જ્યાં ને ત્યાં જે મળે તેના વાંચનાદિથી બચવું જ જોઈએ.



## દીક્ષા એટલે જ્ઞાન અને ક્રિયા—બેઉનાં સાધન દ્વારા મોક્ષના માર્ગે પ્રગતિ.

જ્ઞાન વગરની ક્રિયા અને ક્રિયાવિહોણું જ્ઞાન ક્યારેય લક્ષ્ય સુધી લઈ જઈ ન શકે એમ શાસ્ત્રો કહે છે. માટે 'દીક્ષા' એટલે જ્ઞાન અને ક્રિયાનો સમન્વય અથવા સંયોગ – એમ જ્ઞાનીઓ કહે છે.

જ્ઞાન ભણે તો જ ક્રિયા આવડે. જ્ઞાન નહીં હોય તો તેની ક્રિયા તે અજ્ઞાન-ક્રિયા બની જશે, જે તેના આત્માને હાનિ કરશે. આથી જ, આપણે ત્યાં પહેલો આગ્રહ ભણવાનો કરાય છે. સાધુ દીક્ષા લીધા પછી ભણે જ – ભણવું જ જોઈએ. એ જો ભણે તો જ એની બધી ક્રિયા સંપૂર્ણ બને, સાર્થક ઠરે અને તેને ઉન્નત બનાવે. ન ભણે અને પ્રમાદ ને પંચાતમાં સંયમનો સમય વેડફે, તો તેનું ચારિત્ર વ્યર્થ જાય.

શાસનસમ્રાટ ગુરુભગવંત સાધુઓને હમેશાં કહેતા કે "અલ્યા, વાણિયાના રોટલા મફતમાં ખાશો, ભણશો નહીં, ને આરાધના નહીં કરો, તો મરીને ભરૂચના પાડા થશો."

ભરૂચના પાડા એટલા માટે કે તે શહેર ટેકરાવાળું એટલે ઢાળવાળું છે. ત્યાં પાણી લાવવા માટે પાડાની પીઠે પખાલમાં પાણી ભરીને ઢાળ ચડાવાતો. એ પાડાને જે કષ્ટ પડે તેનું કષ્ટ જ્ઞાન-ક્રિયાના વિરાધક પ્રમાદીને વેઠવાનું આવે.

બીજા એક સાધુજન કહેતા કે 'પારકી પંચાત કરે, ભણે નહીં, તેનું ખેતર ગધેડા ચરી જાય.'

આવાં વેણ અહીં યાદ કરવાનો મતલબ એટલો જ કે દીક્ષા લેનાર, દીક્ષા લીધા પછી, દીક્ષાને પ્રમાદપંચાતમાં વેડફે નહીં, પણ જ્ઞાન ભણવા દ્વારા અને જ્ઞાનપૂર્વકની ક્રિયાઓ કરીને પોતાની દીક્ષાને સાર્થક કરે અને જીવનને સફળ બનાવે.

ઘણાને ભણવું જ ન રુચે. એવા લોકોને પરાણે ભણવા બેસવું પડે તો તે મોટે ભાગે ઝોકાં જ ખાય; કાં ડાફાં માર્યા કરે; કાં બહાનાં શોધીને ઊભા થઈ ફર્યા કરે. આવા જીવોને 'પ્રમાદ એ ઘોર દુર્ગતિનું ને ભવભ્રમણનું કારણ છે' આ ગળે ઉતારવું બહુ કઠિન હોય છે. આવા જીવોની મધ્યસ્થભાવે ઉપેક્ષા જ છેલ્લો વિકલ્પ છે.

પોતાના હિતની ગરજ ન હોય તે જ, દીક્ષા પછી, આવું કરી શકે.



## દીક્ષા એટલે ચાર કષાયોને નાથવાનો શ્રેષ્ઠ ઇલાજ.

કષાયો ચાર છે: ક્રોધ, માન, માયા અને લોભ. પ્રત્યેક મનુષ્ય એક યા બીજી રીતે અને ઓછે-વધતે અંશે આ ચારનો ભોગ બનતો જ હોય છે. સાધુ આ ચારની પકડમાંથી છૂટવાની મથામણમાં હોય. આ ચારથી બચવા અને છૂટવા માટે જ સાધુ થવાનું છે, દીક્ષા લેવાની છે. દીક્ષા પછીયે આ ચારથી બચવાની જરૂર ન જણાય કે તે માટે મથામણ ન કરીએ તો દીક્ષાનો સાચો સ્વાદ ન આવે.

રિસાઈએ તે ક્રોધ; ઈર્ષ્યા કે દ્વેષ રાખીએ તે ક્રોધ. વટ પાડીએ તે અભિમાન; આપણા વખાણ કે વાહવાહ થતાં ફૂલાઈએ તે અભિમાન. ગુરુથી છૂપાવીએ – છાનું છાનું કરીએ તે માયા. ભેગું કરવાની વૃત્તિ તે લોભ.

આ તો સાદા નમૂના જ દર્શાવ્યા. બાકી આ કષાયોનો વ્યાપ અને વળગાડ આપણા ચિત્તમાં એવો તો પ્રબળ-તીવ્ર હોય છે કે એકવાર એ બધા કે એ પૈકી કોઈએક ઊગી જાય તો પછી આપણા સાધુપદને ખેદાનમેદાન કરી મૂકે અને આપણામાં ને સંસારીમાં કોઈ ફેર ન રહેવા દે.

આ વાતને બરાબર સમજી લઈએ તો સાધુપણું પણ બરાબર સમજાય. કષાયો ચિત્તના દુશ્મન છે. તે મારું – આત્માનું અહિત જ કરે છે. મનને મેલું કરે છે. ઘણા માને છે કે કષાય કરવાથી જ આપણું કામ થઈ શકે; શાંતિ રાખીએ તો કામ બગડે. સંસારી લોકો માટે કોઈવાર આ સાચું હોઈ શકે, પણ સાધુ માટે તો આવું માનવું તે મિથ્યાત્વ જ ગણાય. સાધુ કષાયમાં નહીં, શાંતિમાં જ માને.

ક્રોધનું મારણ શાંતિ છે અને ક્ષમા છે. સહન કરવાની ટેવ પડે તો ક્રોધ શમે. ચલાવી લેવાનું ને જતું કરવાનું ગમે તો ક્રોધથી બચી જવાય. અભિમાન આપણને અક્કડ-અકડુ બનાવે. અકડાઈ જીતાય માર્દવથી – દિલની મુલાયમીથી. હૈયાંને કોમળ-હળવું રાખતાં આવડે તો અહંકારથી બચાય. માયા એટલે કુટિલતા, પ્રપંચ, વંકાઈ. તેનાથી ઉગરવા માટે ઋજુ-સરળ બનવું જોઈએ. કશું જ છુપાવવાનું ન હોય તેને જૂઠું બોલવાનું પણ ન હોય, અને તો તેણે પ્રપંચ કે કપટ પણ કરવાના ન આવે. અને લોભને શાંત કરવાનો કીમિયો છે સંતોષ. મારે કાંઈ ન જોઈએ; મારે ભેગું કરીને શું કામ? આવી નિર્મમ સંતોષની લાગણી કેળવાય તો લોભની સંજ્ઞા ન વધે.

દીક્ષાના સમયગાળાને આ ચાર કષાયો સામે લડવામાં આપણે વાપરવાનો છે. આ ચારને જીતતાં વર્ષો વહી જાય એ ન ભૂલવું.



## દીક્ષા એટલે સંયમની ક્રિયાનો પુરુષાર્થમઢ્યો આનંદ.

ક્રિયા એ એક પુરુષાર્થ છે. પુરુષાર્થ હમેશાં પ્રમાદને છોડાવે. ક્રિયા પણ ચાલે અને પ્રમાદ પણ હોય તો તે પુરુષાર્થ નથી. પ્રમાદ ટળે ત્યારે જ ક્રિયા પુરુષાર્થ બને.

પુરુષાર્થ એટલે ધર્મ. આપણો ધર્મ ક્રિયાત્મક છે. તેથી આપણી ક્રિયા ધર્મ-ક્રિયાના નામે ઓળખાય છે. ક્રિયા પ્રમાદરહિત બને તો ધર્મક્રિયા, નહીં તો પ્રમાદક્રિયા. ધર્મક્રિયામાં ઉપયોગની-જાગૃતિની પ્રધાનતા હોય; પ્રમાદક્રિયામાં અનુપયોગ અને ધર્મ પ્રત્યેની ઉપેક્ષા મુખ્ય હોય.

આપણી ક્રિયા સૂત્રપ્રધાન હોય છે. ક્રિયા કરતાં સતત આ કે તે સૂત્ર બોલવાનું હોય છે. શરીરથી થતી ક્રિયામાં મન પરોવાય તે માટે વચન વડે સૂત્ર-પાઠ કરવાનો છે. સૂત્ર દ્વારા પ્રાયશ્ચિત્ત, પાપનું વિસર્જન અને શુદ્ધીકરણ, પૂજ્ય તત્ત્વોને વંદન ઇત્યાદિ વાતો બોલવાની તથા ચિંતવવાની છે. તે વાતોથી ચિત્તને ભાવિત કરવાનું છે. ચિત્ત જો ભાવિત થતું જાય તો ક્રિયા રોમાંચકારી બને અને તો તે આપોઆપ ધર્મક્રિયા નીવડે.

કમનસીબે, આપણે ક્રિયાનું મહત્ત્વ કે રહસ્ય, ભણવા છતાં, સમજતાં નથી અને ક્રિયાઓ તેમજ સૂત્ર-પાઠો યાંત્રિક બની રહે છે. યાંત્રિકતા એ જ પ્રમાદ. પ્રમાદ એટલે આસ્રવ : કર્મનો બંધ. આ બધું ભણવા અને જાણવા છતાં છોડવાની રુચિ નથી થતી, તે આપણી અપાત્રતાની જ સૂચક નિશાની ગણાય.

ક્રિયા કરવામાં અનહદ આનંદ આવવો જોઈએ. ક્રિયા કર્યા પછી, કર્યાનો પણ તીવ્ર આનંદ અનુભવાવો જોઈએ. ગણધર ભગવંતો અને શ્રુતધર મહાપુરુષોના મુખ થકી પ્રકાશિત એવાં સૂત્રો ઉચ્ચારવાનો મને અધિકાર મળ્યો તે મારું કેવું મહાન સદ્ભાગ્ય અને એ સૂત્રોને હું કેટલા બહુમાનપૂર્વક અને જરાય અવિધિ-અશુદ્ધિ ન આવે તે રીતે બોલીશ, બોલીને ક્રિયાઓ કરીશ, આવી સમજ તથા આવી ભાવના જો કેળવાય, તો સાધુજીવન પર ચાર ચાંદ લાગી જાય.

સંયમની એક એક ક્રિયા એ ધ્યાનસાધના છે. તમામ ક્રિયાઓ જયણાનું માધ્યમ અને જ્ઞાનનું પ્રાયોગિક અમલીકરણ છે.

દીક્ષા લઈએ તો ક્રિયાને પુરુષાર્થથી મઢવાનો સંકલ્પ કરીએ.

## દીક્ષા એટલે આરાધના દ્વારા અધ્યવસાયોને માંજવાની ક્રિયા

આરાધના એ ચારિત્રનો પ્રાણ છે. ખરેખર તો દીક્ષા લીધા પછી આરાધના સિવાય કશું કરવાનું કે કરવા જેવું હોતું જ નથી.

વિચારવાની વાત જરા જુદી છે. સાધુ થયા પછી આપણે રોજિંદી જે આવશ્યક ક્રિયા કે આરાધના છે તે બધી તો કરીએ જ. પ્રતિક્રમણ, પડિલેહણ, જિનદર્શન તથા તેવી અન્ય દૈનિક કરણી. પરંતુ તે તો અનિવાર્યપણે, મરજી હોય કે ન હોય પણ, કરવાની ક્રિયા છે. એ ઉપરાંત કોઈ ક્રિયા આપણે કરીએ ખરા? અનિવાર્ય ન ગણાતી હોય, પણ મરજિયાત હોય તેવી આરાધના આપણે કેટલી કરીએ?

આવી આરાધના ઘણીબધી હોય છે, થઈ શકે છે. દા.ત.,

- નિત્ય એક કે બે વાર દેવવંદન કરી શકાય.
- નવકારની ૨૦ કે ૫ એવી માળા ગણી શકાય.
- પાંચથી ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ થઈ શકે.
- ૫૧ ખમાસમણાં દઈ શકાય.
- ૪૦ લોગસ્સનો કાઉસગ્ગ થઈ શકે.
- કાઉસગ્ગમુદ્રાએ ઊભા રહીને સોથી હજાર ગાથાનો સ્વાધ્યાય થઈ શકે.
- મૌન પાળી શકાય, નિયત સમયે.
- નાના-મોટા સૌની નાની નાની વૈયાવચ્ચ કરી શકાય.
- નવી પાંચ-દશ ગાથા થઈ શકે.
- ૫૦૦/૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરી શકાય.

આવી આવી અનેકવિધ આરાધનાઓમાંથી પોતાની ભૂમિકાને
ને રુચિને અનુકૂળ આરાધના કરી શકાય, કરવી જ જોઈએ.
આવું કરવાથી સંયમયોગો ખીલે અને અધ્યવસાયો સુધરે.

એક શ્રાવક ૨૪ કલાકના ૨૪ વાર ૮ થોયે દેવવંદન કરતા—
બારમી સદીમાં, તેવો ગ્રંથોલ્લેખ છે અને પોસહ કરે તે
ગૃહસ્થ નિત્ય ત્રિકાળ દેવવંદન કરે જ છે. આ વાતો ધ્યાનમાં
લઈને આપણે પણ થોડી થોડી આરાધના કરી શકીએ.

આરાધના એ દીક્ષા લીધાની ફલશ્રુતિ છે.

આરાધનાથી પરિણતિ વધુ સુંદર બને છે.

આરાધના વધારતાં જઈને ચારિત્રને વધુ ને વધુ ઉજ્જવળ બનાવીએ.



## દીક્ષા એટલે જીવન-શોધનની દિશાનું એક વિક્રમી પગલું.

‘દીક્ષા’ને ‘મહાભિનિષ્ક્રમણ’ તરીકે ઓળખવામાં આવે છે. ઘર-પરિવારનો જીવનભર માટે ત્યાગ તે મહાભિનિષ્ક્રમણ. જેમાં નીકળ્યા પછી પાછા જવાનું નથી તેવું નિષ્ક્રમણ-નીકળવું તે મહાભિનિષ્ક્રમણ. દીક્ષા લેનાર આત્મા આવું મહાભિનિષ્ક્રમણ કરે છે. સર્વસ્વના ત્યાગી આવા આત્માઓને થોડીક મીઠી વાતો કહેવી છે :

ગુરુ તમારા આશ્રયદાતા છે. ગુરુએ હાથ ઝાલ્યો તો જ તમે સંસારના કાદવભરેલા ઊંડા ખાડામાંથી બહાર નીકળી શક્યા છો. ગુરુના આ ઉપકારનો બદલો અપકારથી વાળતા નહીં. તેમનો અનાદર, અપમાન, અરુચિ, વિરોધ, તિરસ્કાર, ઈર્ષ્યા, અશુભ કરતા નહીં. તેમની ઇચ્છાને અને આજ્ઞાને ઉત્થાપતા નહીં. તેમની આમન્યા લોપતા નહીં. તેમનું કહ્યું કરજો. શિખામણ, સૂચના, આજ્ઞા કે ઠપકો આપે તો રીસાતા નહીં, મોં મચકોડતા નહીં, સામો જવાબ આપશો નહીં, દલીલો અને તર્કો દ્વારા તેમનાં વેણને કાપશો નહીં, તેમની વાત ન ગમે તો નફટાઈથી ‘એ તો બોલ્યા કરે, સાંભળવાનું નહીં’ એવું વર્તન કરતા નહીં. તેમની વિરુદ્ધ કોઈ ચડાવે તો તેવાનો ભોગ બનતા નહીં. ગુરુના હૈયે આપણું હિત જ બેઠેલું હોય એ નક્કી માનજો. અને હિત-કાજે તે કડક કે કઠોર થઈ બે કડવાં વેણ સંભળાવે તો તેથી નારાજ ન થજો, પણ તેમાં તેમની કૃપા મળી રહી છે, એમ વિચારજો. કૃપા વગર કોઈ હિતકારી વેણ કહે નહીં. આપણે જો અપાત્ર ને અયોગ્ય હોઈએ તો જ ગુરુની વાત ગમે નહીં, તેઓનું કહ્યું કરવું ન ગમે, અને પોતાના મનમાં આવે—ફાવે તેમ કરવું ગમે. આવા જીવો પ્રત્યે પછી ગુરુ ઉપેક્ષા સેવે, હિતની શીખ આપે નહીં, ફાવે તેમ વર્તવા દે, ત્યારે સમજવું કે એની ભાગ્યદશા પરવારી ગઈ છે. હવે ચારિત્ર પામ્યા પછી પણ એનું કલ્યાણ શક્ય નથી.

સ્વાધ્યાય અને ભણવામાં પ્રમાદ ન કરતા. ક્ષણ ક્ષણ બચાવીને ભણજો. ક્રિયા કરવામાં આળસ અને ચોરી ન કરતા. ક્રિયાચોર કે ક્રિયાખોર નહીં, પણ ક્રિયાપાત્ર બનજો. ક્રિયાચોર તે સ્વચ્છંદી-પ્રમાદી હોય અને ક્રિયાખોર તે ઢોંગી હોય. ક્રિયાપાત્ર તો પરિણતિ વડે જ થવાય.

ઊંઘવા માટે, શરીરની આળપંપાળ ને કાળજી માટે અને ગૃહસ્થો જોડે સંબંધો વધારવા માટે દીક્ષા નથી લીધી એ જરાય ભૂલશો નહીં. આ બધું જ દીક્ષા માટે વિઘાતક છે. દીક્ષા જાગવા માટે, જાગૃત થવા માટે લીધી છે એ યાદ રાખજો. ચેલા કે ચેલી વધારવા, તે માટે તેમનો મોબાઈલ વગેરે સાધનો દ્વારા સતત અને વળી છાનો સંપર્ક રાખવો, એ આપણું લક્ષ્ય ન બની જાય તેની કાળજી રાખજો. મોક્ષ ગુરુથી જ મળે, ચેલાથી નહીં.

ઘણા જીવો કાપ કાઢ્યા કરે, એમને કપડાં ઊજળાં જ ફાવે. ઘણા વળી તક મળે તેટલીવાર હાથ-પગ-મોં ધોયા કરે, એમને શરીરની ચોખ્ખાઈ જ જોઈએ. ઘણા કપડા-કામળીની ટાપટીપમાં મચ્યા રહે. એવી રીતે તે પહેરે કે જોનારાનું ધ્યાન ખેંચાય, તેના વખાણ કરે, તેનો વટ પડી જાય, ને તેને તે ગૌરવ માને.

આ બધું જ અસંયમ છે, આસ્રવની કરણી છે, આનાથી બચજો. અહીં શરીરની નહીં, આત્માની અને ચિત્તની માવજત કરવાની છે, તે કરજો.

આહાર એ શરીરનો આવશ્યક આધાર છે. તપ આત્માનો આધાર છે. જેટલું શક્ય હોય એટલું તપ જરૂર કરજો. પરંતુ આહાર કરો ત્યારે આહાર એ આહારસંજ્ઞા ન બને, રસગારવ ન બને, તેનું ધ્યાન રાખજો. તે માટે –

- ન ભાવતા પદાર્થ પ્રેમે વાપરજો; ભાવતા પદાર્થનો ત્યાગ રાખજો.
- આ ભાવે, આ ન ભાવે, એવી ટેવ છોડી દેજો.
- આહાર પેટ માટે કરવાનો છે, જીભને ખુશ કરવા અને દિલને તૃપ્ત કરવા નહીં, એટલે આહારવેળાએ પેટનું ભાડું ચૂકવવાની ભાવના રાખજો.
- પ્રતિદિન એક કે વધુ વિગઈનો ત્યાગ કરજો.
- રોજ વૃત્તિસંક્ષેપ કરીને ઓછામાં ઓછાં દ્રવ્યનો આહારમાં ખપ કરજો.
- એકાશન-આંબેલ વગેરેમાં 'ચોક્કસ વસ્તુ વિના નહીં ચાલે'નો આગ્રહ છોડી જ દેજો.
- દોષિત આહાર લેવાથી જાતને દૂર રાખજો. વિહારાદિમાં ટિફિન આદિનો આહાર લેવાનો આવે તો, ઓછામાં ઓછાં દ્રવ્યોથી ચલાવતાં શીખજો. ૨-૩ દ્રવ્યોથી ચાલે તો વધુ ન લેવાય તે જોજો.
- કોઈ લેતું હોય તેથી આપણે પણ દોષિત લેવું તેવી દુર્બળતા કેળવતા નહીં; દૃઢતા કેળવજો.

હમેશાં પ્રસન્ન રહેજો. શરીર અને વસ્ત્રો મેલાં પાલવે, મન મેલું રહે તે ન પાલવે. મનથી મુગ્ધ, નરવા, નિખાલસ, પ્રસન્ન રહેશો તો ક્યારેય એસિડિટી, કબજિયાત વગેરે તકલીફો નહીં આવે. મનના માંદલા હોય તેને જ આ બધું થાય છે.

છકાય જીવોને અભય આપવાનું, તેમની રક્ષા કરવાનું અને તે માટે યતના પાળવાનું કદીય ન ચૂકજો, ઊંઘમાં પણ જીવયતના પળાય તેમ જીવજો.

ખોટા ઘોંઘાટ, રાડારાડ, વાસણો વગેરે કે દરવાજા વગેરે પછાડવા, આ બધું ટાળજો. શાંતભાવે બધું જ કરી શકાય. બીજાને તકલીફ ન પડે તેની હમેશાં કાળજી લેજો. આપણી કરણી કોઈને તકલીફ આપે તે ન ચાલે.

નાના-મોટા સહુ સાથે હળીમળીને રહેતાં શીખજો.

સાધુપદની મોજ માણવાના આ થોડાક કીમિયા છે. અસ્તુ.



## ઉપસંહાર

શિષ્યે પૂછ્યું: ભગવંત! 'આચારાંગ સૂત્ર'માં વૈરાગ્યનું અને ચારિત્રનું જે વર્ણન આવે છે તે પ્રમાણે પાલન કરનારા સાધુ આજે ક્યાં જોવા મળે? કયા ગચ્છમાં અને સંઘાડામાં તે હશે?

ગુરુએ સ્વસ્થ ઉત્તર આપ્યો: વત્સ! સૂત્રના વર્ણન અનુસાર ચારિત્ર પાળતા હોય તેવા સાધુ આજે તો એક પણ ગચ્છમાં કે સંઘાડામાં જોવા નહીં મળે. એ પ્રકારનું પાલન આજે તો આપણા ભારતવર્ષમાં ક્યાંય, કોઈ પણ સંપ્રદાય કે ફિરકામાં નથી જળવાયું. ઓછામાં ઓછું, મારી જાણમાં તો નથી જ.

શિષ્ય: તો મહારાજ! આપણે ત્યાં કેટલાક લોકો એમ કહેતાં સાંભળવા મળે છે કે 'અમે ઉત્કૃષ્ટ છીએ અને અમારા જેવું ઉત્કૃષ્ટ પાલન અન્યત્ર ક્યાંય નથી, અને અમારી પાસે જે છે તે બીજે નથી', એનો શો મતલબ હશે? આપ ના પાડો છો, પરંતુ આવા લોકોની આવી વાતોથી અમારા જેવા ભરમાઈ રહ્યા છે અને 'આપ લોકો નબળા' હોવાનું વિચારીને જેઓ આવો દાવો રાખે છે તે તરફ દોરાઈ રહ્યા છે! આનો શો ઉપાય?

ગુરુ: ભદ્ર! આવી વાતોનો કોઈ જવાબ ન હોય. છતાં તારા સંતોષ ખાતર કહીશ કે સાચા અર્થમાં ઉત્કૃષ્ટ પાલન કરતાં હોય તેઓ કદી ઉત્કૃષ્ટતાના ઢોલ વગાડતા નથી અને જે લોકો ઢોલ વગાડીને ઉત્કૃષ્ટતાની જાહેરાત કરે છે તે નર્યા દંભી હોય છે. સવાલ તારા જેવા દોરવાય છે તેનો રહ્યો, તો તે તો જે-તે વ્યક્તિની સમજણ કે વિવેકશક્તિ ઉપર નિર્ભર બાબત છે. જે 'સાધુ' હશે તેને આવી વાતનો કોઈ અફસોસ કે ફરિયાદ નહીં હોય, તે તો આવા નાસમજ તત્ત્વો અન્યત્ર ઢળે તેમાં જ રાજી થશે. અયોગ્યના ઓરતા ન હોય.

*

સાધુ અને સંસારી—એ બેમાં તફાવત શો?

તફાવત એક જ: સાધુ સદાય પોતાની ભૂલ શોધે. સંસારી કાયમ બીજાનો દોષ કાઢે.

સાધુપદની સહજ સાધના એક જ: એ સતત પોતાના દોષ જોતો રહે, શોધતો રહે અને સુધારવા મથતો રહે. આ સાધનામાં એ એટલો વ્યસ્ત હોય કે એને અન્યના દોષ જોવા-ગાવાનો અવકાશ જ ન હોય.

અન્યના દોષ જોવાની આદતવાળો માણસ, બીજું કાંઈ પણ હોઈ શકે, સાધુ નહીં. સાધુ તો અન્યના ગુણ જુએ, શોધે અને વર્ણવે.

અન્યના દોષ જુએ અને પોતાની નિર્દોષતાનાં જ ગાણાં ગાય તેવા સાધુમાં અને કોઈ રાજકીય પક્ષના ઉમેદવારમાં તાત્ત્વિક તફાવત નથી જણાતો.

પોતાના દોષ જોવાનું અને અન્યના ગુણ જોવાનું ગમવા લાગે

ત્યારે સમજવું કે સમ્યગ્ દૃષ્ટિ ઊઘડી રહી છે.

અન્યના દોષ જોવાનું અને પોતાના ગુણ જોવાનું સારું લાગે ત્યારે માનવું કે મિથ્યા દૃષ્ટિનો પ્રકોપ ચાલી રહ્યો છે.

નિજદોષદર્શન એ એક રીતે ધ્યાનસાધના કરતાંયે આકરી અને મૂલ્યવાન સાધના છે. સાધુ આવી સાધનાનો આશક હોય.

સાધુ ભવભ્રમણને એક ભૂલ માનતો હોય. ભવમાં ભટકવાનાં કારણો—કષાયો, વાસનાઓ, રાગ-દ્વેષ-મોહ-બધાંને તે પોતાની ભૂલો સમજતો હોય. એ બધાંને કારણે પોતાનાં મન-વાણી-કાયાના અયોગ્ય અને સંસારોચિત વર્તન-વ્યવહારોને તે ભૂલ ગણતો હોય અને સાધુપદ પામ્યા પછી જે દોષસેવન થાય તે તો ભૂલો ખરી જ.

આ બધી ભૂલોને શોધવામાં અને નિવારવામાં સાધુ એટલો તો ખૂંપી જાય કે તેને બીજાની ભૂલો જોવાનો કે પોતાના ઉત્કર્ષનાં ગાણાં ગાવાનો સમય જ ન મળે.

આવો સાધુ અમને ભાવે.

*

સાધુ સહન કરે. સાધુ સમતા ધરે. સાધુ સૌને શાતા આપે. સાધુ પારકાને પોતાના બનાવે. પોતાના ન થાય, પોતાને ન માને, તેને પરાયા કે ઉપેક્ષિત ગણવાનું સાધુને ન ફાવે. સાધુ તો પોતાના અને પરાયાના ભેદભાવ વગર સૌના સંતાપ શમાવવાનું કામ કરે, અને તે શક્ય ન હોય ત્યારે પોતાની સાધનામાં મગન રહે.

આદર્શ તો એ છે કે સાધુ નિરંતર સંયમ પાળે. આંખનો સંયમ, કાનનો સંયમ, જીભનો: સ્વાદનો તેમજ વાણીનો સંયમ, શરીરનો સંયમ—આમ વિવિધ પ્રકારના સંયમનું સેવન કરે તે સાધુ. આ આદર્શ સર્વાંશે અમલમાં ન આવી શકે કે પૂર્ણતાથી સંયમનું સાધન ન થાય તોપણ, સાધુની મથામણ તો આ આદર્શ સુધી પહોંચવાની જ હોય.

આવી મથામણ કરનાર સાધુજન ક્યારેક અનાયાસે જડી જાય છે ત્યારે માથું આપોઆપ ઝૂકી જાય છે. એવી ક્ષણે મસ્તકની અને વંદનની—બંનેની સાર્થકતા અનુભવાય છે.

સાધુ સત્યનિષ્ઠ હોય. ઘણીવાર વ્રતનિષ્ઠ કે આચારનિષ્ઠ વ્યક્તિ પણ સત્યનિષ્ઠ ન હોય એવું જોવા મળે છે. સત્યની નિષ્ઠા વગર વ્રતની નિષ્ઠા શી રીતે થાય?—એ હજી સમજાતું નથી. કવિએ ગાયું છે તેમ, 'સત્ય નહીં તો ધર્મ જ શાનો?'

અહીં ફરીથી આચારાંગસૂત્રની વાણીને યાદ કરીએ. ત્યાં ભગવાને કહ્યું: 'સત્યની આજ્ઞાને અનુસરનારો મેધાવી જન સંસારને તરી જાય છે.'

સત્યની આજ્ઞા એટલે સત્યની મર્યાદા. સત્ય એટલે સંયમ. સંયમ એટલે અસત્ય—અહિતકારી મન-વચન-કાયાના અસદાચરણનું નિવારણ.

આ મર્યાદાપાલન જેનું લક્ષ્ય હોય તે સાધુ.

આવા સાધુની શોધ માટે આ પુસ્તક છે.

આવા સાધુનું નિર્માણ અને ઘડતર આ પુસ્તકનો હેતુ છે.

શિષ્યોની સંખ્યા, ધનના આડંબર અને ભક્તોની ભરમાર જ જ્યારે 'સાધુ'ની ઓળખ બની રહી હોય ત્યારે, સાચા સાધુત્વની ખોજ અને નિર્માણ એ સાધુપદના ચાહક જનનું કર્તવ્ય બની રહે છે. એ કર્તવ્યની દિશામાં એક નાનકડું કદમ તે આ પુસ્તક.

'સ્વ'ને પ્રેરણા મળે તે હેતુથી જ લખાયેલી આ વાતો, જો અન્ય કોઈને પણ ઉપયોગી કે પ્રેરણાદાયી બનશે તો તે આનું આડફળ હશે. અસ્તુ.

સાધુપદને વંદન હો!



## દીક્ષાનું માહાત્મ્ય

બહુ ઊંડો સંસાર આ, જન્મ-મરણની ખાણ
એમાં ભમતાં પ્રાણીને, દીક્ષા દુર્લભ જાણ. ૧

ત્યાં લગ દુઃખ અનંત છે, ત્યાં લગ રાગ-દ્વેષ
ત્યાં લગ બંધન કર્મનાં ને ભવનો બહુ ક્લેશ ૨

વિપદાઓ સહુ ત્યાં સુધી, વિડંબના પણ લક્ષ,
દીન વચન જન બોલશે ત્યાં લગ અન્ય સમક્ષ ૩

દુર્ગતિ-ગમન અને બધા રોગો ત્યાં લગ થાય
ત્યાં લગ ભવનું ભ્રમણ આ ક્લેશ ભરેલું સદાય ૪

જ્યાં લગ સઘળાં પાપના સર્વથી વિરમણરૂપ
દુર્લભ જિન-દીક્ષા નહીં પામે જીવ અનૂપ ૫

શ્રીજિનરાજ-પસાયથી, તૂટે કર્મના મેલ
ત્યારે સાત્ત્વિક જીવને મળવી દીક્ષા સ્હેલ ૬

દીક્ષા આ આનંદમય, ક્લેશ નિવારણહાર
જે પામે તે પામશે પાપ હણી ભવપાર ૭

દીક્ષાના સુપ્રભાવથી, ભવના સઘળા ક્ષુદ્ર,
ઉપદ્રવો ઉપરોક્ત તે, ટળશે, થાશે ભદ્ર ૮

સંયમ જે આત્મા ગ્રહે, તે તો આ ભવમાં જ
ઉપશમનું અમૃત લહે, સુખ પામે નિર્બાધ ૯

જિનશાસનના અર્કસમ, દીક્ષા પામે જેહ,
મેળવવા જેવું બધું, નિશ્ચે પામ્યા તેહ ૧૦

દીક્ષાર્થીએ સર્વદા, છાંડી સર્વ પ્રમાદ
ઉદ્યમ જાવજ્જીવ તો, કરવો આતમ-કાજ ૧૧

દીક્ષા ઉત્તમ જીવને, ભવથી પમાડે પાર,
અધમ અધન્ય મનુષ્યની દીક્ષા છે નિઃસાર ૧૨

**શ્રી હરીશભાઈ મધુભાઈ વૈદ્ય—પરિવાર**

(વડોદરા) તરફથી

દીક્ષાર્થીઓની અનુમોદના નિમિત્તે

અબધૂ સાધુ સોઈ કહાવે,
જો અપનો મન મુંડાવે...

મન મેં તૃષ્ણા મન મેં મમતા, અહંભાવ બહુ મન મેં
સબ કો પકડ પકડ કર નોચે, પુનરપિ જ્યું નહીં આવૈ
હોકર નિઠુર ભગાવે...

સબ આચાર યથારથ પાલૈ, મન કો ભટકન ના દે
મસ્તક ધર દે ગુરુ-ચરનન મેં, સો સાધુપદ પાવૈ
હમરે દિલ કો ભાવૈ...